પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન



અધરામૃતની મહાપ્રસાદી પાતલ

સત્સંગ-૪

પ્રેષક:
શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ
C/o. ચિરાગ લેબોરેટરી, શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર
સ્ટેશન રોડ, આણંદ ૩૮૮ ૦૦૧
સંપર્ક : ૦૨૬૯૨-૨૫૪૦૪૬, મો. ૯૮૨૫૮ ૯૮૭૨૦, ૯૪૨૯૨ ૫૪૧૦૦

‘‘જયશ્રીકૃષ્ણો’’ચ્ચારણ વાદ *

(હેતુ : જય શ્રી કૃષ્ણ કોને કરાય કોને ન કરાય તેની સમજ)

ગોસ્વામી શ્રી પુરૂષોત્તમજી (સુરતસ્થ ૩/૨ ગૃહાધિપતિ - દશ દિગંત વિજયી - લેખવાળા) પોતાના અવતારવાદાવલી ગ્રંથમાં જુદા જુદા વાદોમાં શાસ્ત્રોક્ત વાત કરી છે. જેમાં ઉપરોક્ત વાદ ‘જય શ્રી કૃષ્ણોચ્ચાર વાદ’ ક્રમાંક - ૨૨ માં ૭ શ્લોક દ્વારા વિવેચન કરી સમજાવે છે કે “જય શ્રી કૃષ્ણ” ઉચ્ચારણ કોને કરી શકાય.

વિષય : મહાપ્રભુશ્રી વલ્લભાચાર્ય ના માર્ગમાં શરણાગત થઈ, **પોતાના ભાલમાં ઉર્ધ્વપુંડ તિલક અને મુદ્રા ધારણ કરવાવાળા અને ગળામાં તુલસીકાષ્ટની માલા ધારણ કરવાવાળાઓએ,** પોતાના મુખથી “જય શ્રી કૃષ્ણ” ! વચન (શબ્દો) પોતાના નિજમાર્ગાનુગામીને, સામા પરાભિવાદનથી **હંમેશા કહેવા જોઇએ.** કેમકે, આપણા સંપ્રદાયમાં તો અભિવાદનનો સર્વસામાન્ય પ્રકાર આ જ છે.

સિધ્ધાંત : **ભગવદ ભક્તોનો આ જ પરસ્પર વ્યવહારનો નિયમ છે** અને તે ભાગવતાદિ પુરાણોના આધારથી સિધ્ધ પણ થાય છે. તેથી પોતે ભગવદ્ ભક્ત છે તેવી મનોભાવના વાળાને, જેને વર્ણાશ્રમાભિમાન અને દેહાભિમાન પ્રબળ છે. તેવાઓને, જયશ્રીકૃષ્ણ ! નું અભિવાદન સામે કરવામાં ખેદ (દુ:ખ) ન થવું જોઈએ.

છતાં પણ ભગવદ્ ભક્તોની વચ્ચે પરસ્પર અભિવાદનની આજ રીતિ ઉચીત છે. કેમ કે, પરસ્પર શ્રીકૃષ્ણના જયની શુભકામનાથી વધીને આપસમાં અધિક સન્માન બીજું હોઈ પણ શું શકે છે? છતાં પણ આપણી **આવી ‘જય શ્રી કૃષ્ણ !’કહેવાની રૂઢિ પર જેને ક્રોધ આવતો હોય તો તેઓને નમસ્કાર પણ ન કરવા તે ઉચિત છે.**

* પ્રકાશક : શ્રી વલ્લભ વિદ્યાપીઠ, શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ આ. હો. ટ્રસ્ટ કોલ્હાપુર - સંપાદક ગો. સ્વામી શ્યામ મનોહરજી દ્વારા પ્રકાશિત શ્રી પુરૂષોત્તમજી કૃત અવતાર વાદાવલ્યાં - દ્વાવિંશતિતમો ॥ ‘જય શ્રી કૃષ્ણો’ - ચ્ચારવાદ : ॥ ની સંસ્કૃત ટીકાની વ્રજભાષાનું ગુજરાતી ભાષાંતર આ પાતળ પરોસનાર શ્રી વ. વિ. સિ. જી. મંડળ, આણંદ છે.

શ્રીના અસીમ કૃપાપાત્ર વૈષ્ણવજન......

સત્સંગ-૪ ની અધરામૃતની મહાપ્રસાદી પાતળમાં કાંઈક અમારા તરફથી......

નવા વર્ષના અભિનંદન સાથે જણાવવાનું કે અમારી નમ્ર વિનંતીને માન્ય રાખીને સંકલન ભાગ ૧-૨-૩ ના આપના તરફથી આવેલા પ્રતિભાવનું સરવૈયું કરતા જણાય છે કે મોટાભાગે વૈષ્ણવોને આ **અધરામૃતની પ્રસાદી પાતળ** સંપ્રદાયના પૌષ્ટિક સિધ્ધાંતોથી સભર લાગી છે, રુચિકર લાગી છે અને જ્ઞાનની ભૂખ ઉઘાડનારી લાગી છે. જેથી પાતળમાં વધુ આપો (આન ઔર આન ઔર) જેવો પ્રતિભાવ દે ખાય છે.

જ્યારે કેટલાક માટે એમ કહી શકાય કે આ સિધ્ધાંતો કે પ્રસંગો અને તેની છણાવટ ક્યાં તો તેમને નવી લાગી છે,અથવા હાલમાં ચાલી રહેલી પ્રવૃત્તિથી વિરોધી ભાવવાળી લાગી છે, અથવા અરુચીકારક, અવ્યવહારુ કે પોષણહિન જણાય છે.

ખેર! જે હોય તે, અમે દરેક લેખમાં વચનામૃતો, સાંપ્રદાયિક પ્રસંગો વિગેરે જે પરોસીયે છીએ તે આપણામાં બ્રહ્મસંબંધ દ્વારા બીજભાવ રૂપે મૂકેલી "**સાંપ્રદાયિક નિષ્ઠાને - પુષ્ટિ અસ્મિતાને**" જાગૃત કરવાનો અને પોષણ આપવાનો નમ્ર પ્રયાસ છે. જેમાં અમે **શ્રીમહાપ્રભુજીથી લઈને** સુરતના ૩/૨ ગૃહાધિપતિ દશદિગંત વિજયી 'લેખવાળા' તરીકે પ્રસિધ્ધિ પામેલા **ગો. શ્રી પુરૂષોત્તમજી સુધીનાં** વલ્લભ વંશજોનાં, વચનામૃતો કે લેખો કે સાહિત્ય સરળ ભાષામાં -સહેલાઈથી સમજી શકાય તે માટે કોશિષ કરીએ છીએ જેથી વધુ સમજ પડે. ભગવદ- ઈચ્છાથી કોઈને અરુચિકર લાગતું હોય-ન ગમતું હોય તો તે નીર ક્ષીર વિવેકથી ગ્રહણ કરી લેશે તેવી અમારી ભાવના છે.

અમારો આગ્રહ **શ્રીવલ્લભની વાણીનું સાચા અર્થમાં અવગાહન અને અર્થઘટન કરવાની શક્તિ આપણી બુધ્ધિમાં ખીલી ઉઠે** તે છે. તેથી જ સાથે દરેક ગ્રંથો - ટીકાકારો - વાર્તા સાહિત્યમાંથી મળતા ઉદાહરણો મુકીએ છીએ આ શબ્દો ક્યાં તો શ્રીઠાકોરજીનાં કે શ્રીમહાપ્રભુજીનાં કે શ્રીગુંસાઈજીનાં છે, તેવું વાર્તાકાર શ્રીગોકુળનાથજી અને ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી જણાવે છે, તે જ લેવાનો આગ્રહ હોય છે.

ઉદાહરણરૂપે લઈએ - જેમ કે, કિશોરીબાઈની વાર્તામાં **આવતા શબ્દો શ્રીઠાકોરજીનાં છે,' તેં બીજા વૈષ્ણવની સત્તાની સામગ્રી મને કેમ ધરી? હું કેમ**

અરોગું ?'આ ઠાકોરજીએ કહેલી વાત, કહેલા શબ્દો જે ત્રિકાળમાં શાશ્વત છે, જે આપણને બરાબર સમજાય માટે ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી લખે છે. **'એક વૈષ્ણવે બીજા વૈષ્ણવ પાસેથી કાંઇપણ લઈને પોતાના શ્રીઠાકોરજીને ધરવું નહીં, શ્રીઠાકોરજીને ગમતું ન હોવાથી તેઓ અંગીકાર કરતા નથી.''**

આ વધુ સરળતાથી સમજાય માટે એમ જણાવીએ છીએ કે, **એક પુષ્ટીમાર્ગીએ બીજા પુષ્ટિમાર્ગીય પાસેથી ફળ, ફૂલ કાંઇ જ ન લેવાય.** જે ઘણાને રુચતું નથી, અને સાર રજૂ કરીએ છીએ તે પણ 'મન ઘડંત' લાગે છે. (જે અમારે ભગવદ ઈચ્છા જ સમજવી રહી)

સંપ્રદાય સાર : જેમ દહીં વલોવતા કે મંથન કરતા નવનીત છાસ ઉપર પ્રગટ થાય તેમ વિચારતા સિધ્ધાંત એ પ્રગટ થાય છે કે, **શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં વૈષ્ણવોએ એવું કાંઈ પણ ન કરવું કે આચરણમાં ન મૂકવું જોઈએ, જે શ્રીઠાકોરજીને શ્રીમહાપ્રભુજીને અપ્રિય હોય અથવા જેનો નિષેધ જણાવતા હોય.** આમ પુષ્ટિમાર્ગીઓ જો શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે જીવન નથી જીવતા તો માર્ગથી બહિંમુખ થઈ જાય છે તેથી દરેકે જાગૃત થવું જોઈએ.

આવું **સ્વાસ્થ્યવર્ધક નવનીત** પણ જો કોઈને અરુચિકર લાગતું હોય તો તેમાં પાચનશક્તિનો દોષ છે. જે માટે પ્રાચીન ગ્રંથો અને તેના ઉપરની ટીકાઓ સાથે સઘન અભ્યાસ જરૂરી છે.

અમારા મતે'ભગવદ્ ઈચ્છા'કાંઈક એવી હશે કે એ જીવ ભગવદ્ સ્વરૂપથી, સંપ્રદાયથી વિમુખ રહે. આવી જ વાત ૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૬ પ્રસંગ-૧ કાશીના શેઠ પુરૂષોત્તમદાસની વાર્તામાં આવે છે કે, **દેખાદેખીથી સંપ્રદાયમાં અનેક જીવો આવી ગયા છે તેમને બહિર્મુખ કરવા છે માટે,** મહાદેવજી દ્વારા શેઠને આમંત્રણ મળ્યું છે. **શેઠ ગયા છે તે જોઈને વૈષ્ણવો પણ ગયા અને બહિંમુખ થઇ ગયા.** પરંતુ તેમણે **પોતાની બુદ્ધિથી એમ વિચાર્યુ કે,** શેઠનાં ઘરેથી તેમના પુત્ર ગોપાલદાસ અને પુત્રી રુક્ષ્મણી કેમ મહાદેવના મંદિરે નથી જતા? આવું ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી સમજાવે છે. **અમારો આગ્રહ વૈષ્ણવોને શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઈજીની આજ્ઞા માટે જાગૃત કરવાનો છે.**

જે હોય તે, આ સાથે સૌ વૈષ્ણવોને વિનંતી કે અભિપ્રાય જરૂર લખજો, જેથી અમને તમારી રૂચિ ખબર પડે અને અમને લેખન માટે માર્ગદર્શન મળે.

- શેષ ભગવદ્દઈચ્છા

સત્સંગ-૪

મહાપ્રસાદની કણિકા

૧. ભક્તિ એટલે શું ? અને ભક્તિનાં પ્રકારો ૧

૨. ભક્તિનું સ્વરૂપ ક્રિયા અને ફળ ૯

૩. ભક્તિમાં જોવા મળતી વિભિન્નતાઓ ૨૪

૪. શ્રીઠાકોરજીને શું પ્રિય છે ? ૩૧

૫. સેવા અને સમર્પણ ૪૫

૬. પુસ્તકોમાંથી સંકલન ૪૯

૭. વધાઈ......વધાઈ......વધાઈ ૫૧

આ પાતળ -૪ માં નીચે જણાવેલ ગ્રંથોની સહાયતા લીધી છે.

સંપ્રદાયના સાહિત્યમાંથી શ્રી મહાપ્રભુજી, શ્રીગુંસાઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રી પુરુષોત્તમજી વિગેરેના ગ્રંથો, સિધ્ધાંતવચનાવલી અને અમૃતવચનાવલી (સંયુક્ત પ્રકાશન-મુંબઈ-હાલોલ-માંડવી) પૂ.પા. ગો. શ્રીશ્યામમનોહરજીના (કિશનગઢ-મુંબઈ) પૂ.પા. ગો. શરદબાવાના (માંડવી, હાલોલ) વચનામૃતોને પરોસીયે છીએ.

નોંધઃ અમારા જીવ સ્વભાવથી જે કાંઈ દોષ આ પરોસવામાં રહી ગયો હોય તો અમારું ધ્યાન દોરવા વિનંતી.

ભક્તિ એટલે શું ? અને ભક્તિનાં પ્રકારો

શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત ભક્તિની વ્યાખ્યા છે, ''માહાત્મ્ય - જ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ સ્નેહો ભક્તિ'' અર્થાત શ્રીઠાકોરજી વિશે વેદ, ભાગવત, ભગવદ્ગીતા, શ્રીમહાપ્રભુજી કૃત ગ્રંથોમાં જે વર્ણવેલું માહાત્મ્ય જ્ઞાન છે તે, જાણીને સમજીને **સૌથી વધારે સ્નેહ સહિત** દરેક ક્રિયા જીવ, ભગવાન સાથે કરે છે, તો તે ક્રિયાઓ ભક્તિ બની જાય છે. જેમાં, ''અવ્યભિચારીપણું અને નિઃસ્વાર્થ પ્રયોજન'' એ હેતુ અને ''ભગવદ્ સુખાર્થે જ'' થતી ક્રિયા એ મહત્વનું અંગ છે.

શાસ્ત્ર ભક્તિનાં નવ પ્રકાર બતાવે છે જેને નવધાભક્તિ કહેવામાં આવે છે (શ્રવણ, કિર્તન, સ્મરણ, સેવન, અર્ચન, વંદન, દાસત્વ, સખ્ય, અને આત્મ નિવેદન) આ નવધાભક્તિને જ ધ્યેય બનાવી જીવે પોતાનું જીવન ભગવાન સાથે જીવવાનું છે.

શ્રીમહાપ્રભુજીના મતે, શાસ્ત્રોએ બતાવેલી આ નવધાભક્તિ, દશધા-પ્રેમલક્ષણા યુક્ત હોવી જોઈએ. અર્થાત, અર્ચન, વંદન, પાદસેવન વિગેરે દરેકે દરેક ભક્તિ પ્રેમલક્ષણા સંયુક્ત હોવી જોઈએ, અર્થાત જેમાં, 'પ્રેમ-સ્નેહ' નું પ્રાધાન્ય હોય અને ભગવદ્ સુખાર્થે થતી હોય. શ્રીમહાપ્રભુજીએ આત્મ-નિવેદનને પ્રથમ સ્થાન આપી દાસ ભાવનું માહાત્મ્ય સમજાવી, દરેક જીવને, પ્રેમલક્ષણાયુકત ભગવદ્ સેવા (નવધાભક્તિ સાથે) કરવા સમજાવ્યું.

આ જ વાત વધારે સારી રીતે આપણને સમજાય માટે શ્રીગુંસાઈજી ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક - ૧ નાગજીભટ્ટની વાર્તા - પ્રસંગ ૫ માં જણાવે છે કે, શ્રીમહાપ્રભુજીના પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં **શ્રીમહાપ્રભુજીનો મત શું છે ?** અથવા સંપ્રદાયમાં દિક્ષીત વૈષ્ણવોએ ભક્તિ કોની કરવી? કેવી રીતે કરવી? જે જીવ આ બધાનું યથાર્થ

પાલન અર્થાત જે આ વચનો અનુસાર ભક્તિ નથી કરતો તેણે સંપ્રદાયમાં ભલેને બ્રહ્મસંબંધ લીધું હોય પરંતુ તે શ્રીમહાપ્રભુજીનો કૃપાપાત્ર નથી બની શકતો કેમકે, તે જીવે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા - ગુરુ આજ્ઞા વિરુધ્ધ વર્તન કરેલું છે.

આ વાતને ક્રમશઃ સમજીને આપણે આપણામાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ અસ્મિતા સ્થાપી છે તેને જાગૃત કરીને', **"ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ"** વાળી બનાવીએ. જે શ્રીગુસાંઈજી, નાગજી ભટ્ટને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક - ૧ પ્રસંગ-૫ માં, નાગજીભટ્ટને શ્રીમહાપ્રભુજીના આ વચનો કહી રહ્યા છે.

તાકૌ અભિપ્રાય યહ હૈ, [1] જો શ્રીવલ્લભાચાર્યજી કે માર્ગ વિષે શ્રીઠાકુરજી કૌ પ્રાગટય હૈ સોઈ ફલ હૈ । [2] તામેં અવ્યભિચારી ભક્તિ હેતુ હૈ । [3] સો જાકોં અનન્યતા હોઈ તાકો નવધા ભક્તિ હૈ । ઔર પહલે નવધા ભક્તિ હૈ, સો તિન એક એક ભક્તિ કોં નૌ જનેન કરી હૈ । તાકૌ શાસ્ત્ર નિરુપન કરત હૈ । [4] તાતેં વિલક્ષન જો આચાર્યજી મહાપ્રભુ કૌ માર્ગ દસધા પ્રેમલક્ષના અધિક, શ્રીઆચાર્યજી મહાપ્રભુ પ્રગટ કરે । સો તાકૌ હેતુ શ્રીગુસાંઈજી લિખે હૈ । [5] ઔર નવધા ભક્તિ હૈ સો મહામાયા કૌ સંયુક્ત હૈ । [6] ઔર ઈહાં યહ દસધા હૈ સો સર્વકાર્યમેં પ્રેમ સંયુક્ત હૈ । તાતેં યહ દસધા ભક્તિ શ્રેષ્ઠ હૈ ।

શ્રીમહાપ્રભુજીનાં ઉપર જણાવેલ વચનામૃતને (ક્રમાંક ૧ થી ૬ ને) શ્રીહરિરાયજી કેવી રીતે ભાવપ્રકાશ સાથે સમજાવે છે તે સત્સંગ રૂપે વિચારીયે. ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજીનાં અને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં વચનોને ધ્યાનમાં રાખીને સમજીએ તો સંપ્રદાયમાં આ વચનો આપણને જીવન જીવવામાં કેવું માર્ગદર્શન પુરું પાડે છે તેનો વિચાર થઈ શકશે. આવા વચનો આપણને શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયની - ભક્તિમાર્ગની વિલક્ષણતા સમજાવે છે. **(યાદ એ રાખવું જરૂરી છે કે, આ વચનો શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુંસાઈજીના છે.)**

(૧) *જો શ્રીવલ્લભાચાર્યજી કે માર્ગ વિષે શ્રીઠાકુરજી કૌ પ્રાગટય હૈ સોઈ ફલ હૈ ।* અહિંયા બ્રહ્મસંબંધી જીવ - પોતાના ઘરે ગૃહસેવા કરવા માટે શ્રીઠાકોરજી પધરાવે છે તે એટલેકે પુષ્ટ કરાવેલા શ્રીઠાકોરજી ફલ થઈ ગયા. આમ

સંપ્રદાયની આ વિલક્ષણતા સમજાવી - પહેલા ફલ (શ્રીઠાકોરજી) મળે પછી ક્રિયા એટલે સેવા (ભક્તિ) જીવે કરવાની છે.

(૨) *તામેં અવ્યભિચારી ભક્તિ હેતુ હૈ ।* એટલે અહિંયા અનન્યતા શ્રીઠાકોરજીમાં જ રાખીને ભક્તિ કરવાની છે. અન્યાશ્રય કરવાનો નથી એટલે અન્ય દેવી-દેવતા-સંતો-ભકતો વિગેરેનો આશ્રય કરવાનો નથી. માથે બિરાજતા સ્વરૂપનો જ અનન્ય આશ્રય રાખવાનો છે.

(૩) *સો જાકોં અનન્યતા હોઈ તાકો નવધા ભક્તિ હૈ । ઔર પહલે નવધા ભક્તિ હૈ, સો તિન એક એક ભક્તિ કોં નૌ જનેન કરી હૈ । તાકૌ શાસ્ત્ર નિરૂપન કરત હૈ ।* શાસ્ત્ર પણ દરેક જીવોને ભક્તિ અનન્યતા સાથે કરવાની સમજાવે છે. નવધાભક્તિ (શ્રવણ, કીર્તન....... આત્મનિવેદન) તે દરેક ભક્તિ અનન્યતાથી જ કરવાની છે- આ દરેક ભક્તિના ઉદાહરણ કોણે કોણે કઈ ભક્તિ કરી છે તે શાસ્ત્રોમાં વિગતવાર સમજાવ્યું છે.

શ્રીદયારામભાઈ, ભક્તિ-પોષણમાં ચંદ્રાવળા ૧૧-૧૨માં જણાવે છે.

શ્રવણ[૧] કીર્તન[૨] શ્રીકૃષ્ણનું, સ્મરણ[૩] સેવન[૪] અર્ચન[૫];
વંદન[૬] દાસત્વ[૭] સખ્યતા[૮], વળી આત્મનિવેદન[૯];
આત્મનિવેદન નવધા કહીએ, પ્રેમલક્ષણા દશમી લહીએ.
એ ભક્તિ સહુ સાધન તાજ, જે પામે વશ થાય વ્રજરાજ.
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૧ ॥

શ્રવણ પરીક્ષિત[૧], શુક[૨] કરી કીર્તન, સ્મરણ કરી પ્રહલાદ[૩],
શ્રી[૪] સેવન, પૂજન પૃથુ[૫], વંદન અકુર[૬] આહ્લાદ,
આહ્લાદ માન્યો; કપીશ[૭] કિંકરતા, સખ્યતાભક્તિ સુભદ્રાભર્તા[૮],
આત્મનિવેદન બલિએ[૯] કીધી, ગોપીજને[૧૦] પ્રેમલક્ષણા લીધી
- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥ ૧૨ ॥

આમ, નવધાભક્તિ જુદા જુદા નવ જણાએ અનન્યતાથી કરી ત્યારે તેમને ફળ મળ્યું, તે ઉદાહરણોથી સમજાવ્યું છે. જ્યારે શ્રીમહાપ્રભુજીના

સંપ્રદાયમાં ભક્તે-બ્રહ્મસંબંધીજીવે-ભક્તિ-(સેવા) પછી કરવાની છે પહેલા ફળ એટલે શ્રીઠાકોરજી પધારે છે તે વિલક્ષણતા સમજાવી.(જે ઉપર ૧ માં સમજાવ્યું છે, ત્યાં ફરી જોવું)

(૪) *તાતેં વિલક્ષન જો આચાર્યજી મહાપ્રભુ કૌ માર્ગ દસધા પ્રેમલક્ષના અધિક, શ્રીઆચાર્યજી મહાપ્રભુ પ્રગટ કરે ।* શ્રીમહાપ્રભુજીનાં માર્ગની વિલક્ષણતા, શ્રીગુસાંઈજી નાગજીભટ્ટને સમજાવતા કહે છે કે, નવધાભક્તિમાં જે આત્મનિવેદન નવમી (છેલ્લી) ભક્તિ છે તેને શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ અંતર્ગત પ્રથમ બનાવી - જીવને-ભક્તને દાસ બનાવી અધિક ઉત્તમ દશમીભક્તિ - પ્રેમલક્ષણાનું મહત્વ સમજાવી - **દરેક જીવને આ પ્રેમલક્ષણા વાળી નવધાભક્તિ કરવા માટે સમજાવ્યા.** અર્થાત્ શ્રીમહાપ્રભુજીએ નવધાભક્તિ જે શાસ્ત્રએ સમજાવી છે તે, દરેક ભક્તિ સાથે 'પ્રેમ' ને મુખ્ય (અધિક) રાખીને શ્રીઠાકોરજીની સેવામાં જોડાઈ જવાનું જણાવ્યું છે.

એટલે દરેકે દરેક નવધાભક્તિ, સ્નેહ અથવા પ્રેમ સાથે આચરણમાં કેવી રીતે મૂકવી તે વ્રજભક્તોનાં સ્નેહનાં ઉદાહરણ સાથે સમજાવી, તેમણે કેવી રીતે આચરણમાં મૂકી પોતાના જીવન વ્યવહારમાં વણી લીધી તે સમજાવ્યું છે. ફલ સ્વરૂપ સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ તેમની આવી પ્રેમવાળી ભક્તિથી સ્નેહ યુકત ક્રિયાથી - તેમના પરાધીન થઈ ગયા. માટે જ શ્રીમહાપ્રભુજી માટે પદમાં જણાવે છે કે, **'પ્રગટ વ્હૈ મારગ રીત દિખાઇ... સેવા રીતિ-પ્રિતી વ્રજજનકી, જનહિત જગ પ્રગટાઈ'.**

આ વિલક્ષણતા 'પુષ્ટીભક્તિસંપ્રદાયમાં' શ્રીમહાપ્રભુજીએ વણી લીધી છે - ફકત આપણે ક્રિયા કરવાની છે અર્થાત્ આચરણમાં મૂકવાનું છે. અહિંયા આપણી દરેક ક્રિયાઓ જેવી કે સૂવાની - જાગવાની - બેસવાની - ઉઠવાની - ખાવાની - પીવાની વિગેરે ક્રિયાઓ સ્નેહ સાથે, શ્રીઠાકોરજીની સેવા અંતર્ગત, દાસભાવથી વણી લેવાથી ભક્તિ બની જાય છે. (આજ વાત શ્રીમહાપ્રભુજી નિરોધલક્ષણમ્ ગ્રંથમાં ૧૭-૧૮-૧૯ શ્લોકમાં જણાવે છે જેનું વિવેચન પાના નં. ૪૫ પર સમજાવ્યું છે) ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આ જ જણાવ્યું છે કે આવી તેમની ક્રિયાઓથી જ તેમની ભગવદાસક્તિ વધી ગઈ છે અને સંસારાસક્તિ ઘટી જતા શ્રીઠાકોરજી તેમને સ્વાનુભવ જણાવે છે.

(૫) *ઔર નવધા ભક્તિ હૈ સો મહામાયા કૌ સંયુક્ત હૈ ।* સૌ પ્રથમ માયા જે ભગવાનની શક્તિ છે તેનો વિચાર કરીયે - શાસ્ત્ર ભગવાનની ૧૬ પ્રકારની માયા સમજાવે છે. આ માયાનું મુખ્ય કામ છે - જીવોને સંસારાસક્ત કરવા; જેથી તેઓ ભગવદ્ સ્વરૂપથી વિમુખ થઈ જાય, અને જન્મમરણના ચકકરમાં ફસાયેલા રહે. (જે શ્રીઠાકોરજીની લીલા છે)

શ્રીગુસાંઈજી, શ્રીમહાપ્રભુજીનાં શબ્દો, નાગજીભટ્ટને સમજાવતા કહે છે - આ નવધાભક્તિ મહામાયા ✳ સંયુક્ત છે - અર્થાત્ જીવ નવધાભક્તિ કરતા કરતા શ્રીઠાકોરજીથી વિમુખ થઈ, સંસારાસક્ત થઈ શકે છે. આમ જીવ બર્હિમુખ થઈ જાય છે. એટલે કે નવધાભક્તિ જીવને બર્હિમુખ કરી શકે છે. (✳સંસારમાં જે જીવ પોતે વાણી ચતુરાઇ વાપરી, બીજાઓની સાથે છેતરપીંડી કરે છે તો તેને **ઠગ** કહેવામાં આવે છે તેવી જ રીતે જો સંત કે સંન્યાસી આવું કાર્ય કરે તો તેમને **મહાઠગ** કહેવામાં આવે છે-આ ન્યાયથી માયા અને મહામાયા સમજવું)

એટલે ઉપર જણાવેલ નવ પ્રકારની શાસ્ત્રએ બતાવેલ ભક્તિ - શાસ્ત્રએ સમજાવેલ રીત પ્રમાણે કરીએ તો જ ભગવદાસક્તિ જીવમાં વધે છે. પ્રંતુ શ્રીઠાકોરજીની માયા જયારે આ ભક્તિ સાથે ભળી જાય છે ત્યારે તેનો ખ્યાલ જીવને આવતો નથી. તેને એવું જ લાગે છે કે પોતે ભક્તિ કરી રહ્યો છે પરંતુ માયાના સંયોગવાળી ભક્તિ તે જીવને ભક્તિ કરતા કરતા જ સંસારાસક્ત (સંસારની વાતો જેવી કે, શ્રીઠાકોરજી સિવાય બીજાને પ્રસક્ષ કરવા, દ્રવ્યનું ઉપાર્જન કરવું, પોતાની વાહ-વાહી થવી, લોભ, કામ, દ્વેષ....વગેરેમાં આસક્તિ થવી તે) બનાવે છે. (જે ઉદાહરણથી સમજીશું)

ઉદાહરણ રૂપે - કોઈ એક જીવને ભગવાને સુંદર અવાજ - રાગની સમજ - સંગીતની જાણકારી આપી છે. જો તે આ બધું ફકત ભગવદ્ પ્રિત્યર્થે ઠાકોરજીનાં સુખાર્થે જ, કીર્તન કરવામાં વાપરે તો તે કિર્તન ભક્તિ થઈ જશે. એટલે પોતાના ઘરમાં પોતાના શ્રીઠાકોરજી સન્મુખ, ગુપ્ત રીતે, દેખાડો કે દંભ કર્યા વગર કરે છે **ત્યારે જ તે કીર્તન ભક્તિ બને છે.**

પરંતુ આ જ કીર્તન જો તે એકલા કે ભેગા થઈને જાહેરમાં - બીજાઓને બતાવવા - દેખાડો કરીને, કે-પોતાનો અવાજ સુંદર છે તે બતાવવા - કોઈને હલકા પાડવા - કે ચડસા ચડસીના ભાવ સાથે કે પોતાની વાહ વાહી માટે - અન્ય 'લૌકિક વ્યક્તિઓ'થી પ્રશંસા પ્રાપ્ત કરવા માટે કે સ્પર્ધાત્મક

(કોમ્પીટીશન) ભાવથી - જો આચરણમાં મૂકે છે તો તે ક્રિયા ભગવદ્ પ્રિત્યર્થે ન હોવાથી, ગામ માટે થતી હોવાથી, સંસારાત્મક ક્રિયા થઈ જવાથી - **તે જ કીર્તનભક્તિ - મહામાયા બનીને - જીવને સંસારાસકત બનાવી દે છે.**

અષ્ટસખાઓ ફકત શ્રીઠાકોરજીને રીઝવવા નીજ મંદિરમાં ભીતરમાં ફકત શ્રી ઠાકોરજીને સંભળાય તે રીતે કિર્તન કરતા હતા. (આજે પણ નાથદ્વારામાં કીર્તન, ભીતર શ્રીઠાકોરજીની સન્મુખ, શ્રીઠાકોરજીને જ સંભળાય તે રીતે થાય છે.) પ્રસંગ છે કે, એકવાર સંતાઇને અકબર બાદશાહ - ગોવિંદસ્વામીનું કીર્તન સાંભળીને 'વાહ વાહ' કરે છે તો ગોવિંદસ્વામી તે ભૈરવી રાગ હવે શ્રીઠાકોરજીને લાયક રહ્યો નહીં તેમ કહી છોવડાવી દે છે. ગોવિંદસ્વામી નિઃકિંચન હતા છતાં પણ રાજા આશકરણને કીર્તન શ્રીગુંસાઈજીની આજ્ઞાથી શિખવાડયા છે, દ્રવ્ય કે કાંઈ પણ ન્યોછાવરી લીધી નથી, જયારે આજે તેના કલાસ ચલાવી આવક ઉભી કરવામાં આવે છે.

એવી જ રીતે નવધા ભક્તિની, પ્રત્યેક ભક્તિ ફકત શ્રીઠાકોરજીના સુખ માટે કરવાની હતી. જો આ ભકિત; જાહેર જનતા માટે, દર્શન કરાવવા માટે, બતાવવા માટે, વાહવાહી મેળવવા માટે, દેખાડો કરવા માટે કરવામાં આવે તો તે મહામાયાનું સ્વરૂપ ધારણ કરી લે છે. જો આ ભક્તિ દ્રવ્ય કમાવવા માટે કે પરોપકાર્થે (હોસ્પીટલ વિગેરે માટે) કરવામાં આવે તો પણ, તે ભક્તિ જીવને બર્હિમુખ જ કરે છે.

માટે શ્રીમહાપ્રભુજી-સંપ્રદાયમાં, ભક્તિને ગુપ્ર રાખવાની જણાવે છે - **ગુપ્તો હિ રસઃ રસત્વમાપદ્યતે અગુપ્તો રસઃ રસાભાસઃ સ્યાત્ કહે છે** - અર્થાત્ તે ભક્તિને (સેવાને) જાહેર કરવાથી રસાભાસઃ એટલે કે ભવાડો બની જાય છે, તેને આચરનાર સંસારાસકત થઈ જાય છે. તેથી આપણી દરેક ક્રિયા - ભક્તિ અંતર્ગત ભગવદ્ સુખાર્થે જ હોવી જોઈએ - તો તે ક્રિયા નવધાભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે.

આ વાત આપણને સમજાવતા જણાવે છે કે, નવધાભક્તિ મહામાયાનું સ્વરૂપ છે. (✳ઉપર સમજાવ્યુ તે પ્રમાણે) જીવને ખબર પડતી જ નથી કે ક્યારે, તે ભક્તિ કરતા કરતા સંસારાસકત થઈ ગયો. તેની આખી જીંદગી - ભગવદ્ સેવા શ્રીઠાકોરજીનાં સુખાર્થે ન થતા - જાહેર જનતાનાં સુખાર્થે કરી હોવાથી તે જીવ ફલ સ્વરૂપે સંસારમાં જ રચ્યો પચ્યો રહે છે, અને ભગવદ્ સ્વરૂપથી વિમુખ બને છે.

(૬) *ઔર ઈહાં યહ દસધા હૈ સો સર્વકાર્યમેં પ્રેમ સંયુક્ત હૈ । તાતેં યહ દસધા ભક્તિ શ્રેષ્ઠ હૈ।* જયારે આ નવધાભક્તિ સ્નેહ સાથે ગુપ્તતાથી કરવામાં આવે છે તો જ તે શ્રેષ્ઠ સાબિત થાય છે. જે ભગવદ્દકૃપા પ્રાપ્ત કરવા - ભગવદાસક્તિ દૃઢ કરવાનું સાધન બની જાય છે. (અર્થાત શુધ્ધ ભક્તિ દશમો પ્રકાર છે જેમાં નવે નવ ભક્તિની દરેક ક્રિયાઓમાં સ્નેહ-પ્રેમ જોડાઇ જાય છે, કોઇ દંભ કે દેખાડો રહેતો નથી ત્યારે તે ભક્તિ શ્રેષ્ઠ સાબિત થાય છે. માટે આ દશધા પ્રકાર ભક્તિનો શ્રેષ્ઠ પ્રકાર છે)

આ વિષય ઉપર વધારે સમજાય માટે ગો.શ્રી નૃસિંહલાલજી મહારાજનાં **આત્મજ ગો.શ્રી ગોવર્ધનલાલજી મહારાજ** તેમના વચનામૃત-૩૩માં જણાવે છે કે, "*આજ કલ શ્રીમહાપ્રભુજીને જો વિરહ-તાપકી આજ્ઞા કરી હૈ સો તા પ્રમાણ તો કહું ભી દીખવેમેં નાહી આવે હૈ । માગ કિ મુખ્ય સિદ્ધાંત કે અર્થ કું તો કોઈ સમજેભી નાહીં હૈ, ઔર ઉલટો અનર્થ કરે હૈ । ઔર પહલે તો યે રીતિ હતી, જાતે ભાગવત ગુણગાન કરતો તા સમય ભગવદ્ લીલાકી સમૃતિ કરકે મનમેં યે દુઃખ કરતે, જો હાય ! હમ અભાગીનકૂં ઐસી લીલા કે દર્શન કબ હોંગે ?*

ઔર આજ કલ જો ગુણગાન કરેં હે, સો રાગ રીત સૂં ઔર આનંદપૂર્વક કરેં હૈ વા મેં દુઃખતો લેશ માત્ર નાહીં હોય હે, ઔર અતિ આનંદસું નાચે હૈ તથા તારી બજાવે હૈ ઔર આત્મકલેશ બિલકુલ નાંહી કરે હૈ । ઐસી બુદ્ધિ મેં ફેર પડ ગયો હૈ । તાસું બ્રજમેં રહિ કે વિરહ કો અનુભવ અવશ્ય કરનો ।

આ વચનામૃતમાં પણ સ્પષ્ટતા એજ દેખાય છે કે, કિર્તન ભક્તિ કે અન્ય કોઈ પણ ભક્તિ જાહેરમાં ન કરતા, (બ્રહ્મસંબંધ મંત્રમાં સમજાવેલ) આત્મકલેશ કે વિરહના અનુભવ માટે અને ભગવદ્ લીલાનાં અનુસંધાન માટે કરવી જોઈએ, નહીં કે જાહેરમાં બીજાઓને દેખાડવા માટે. જ્યારે કિર્તનથી થતું દ્રવ્ય ઉર્પાજ તો કનિષ્ઠ - નિષિદ્ધ પ્રકારનું જ ગણાયું છે. (જુઓ સંકલન-૧ પાનું ૪૬, જલભેદગ્રંથ પરની ટીકા)

જેમ સુખનો વિરોધી ભાવ દુઃખ છે, એટલે કે જયાં દુઃખ છે ત્યાં સુખ હોતું નથી અને સુખ જ હોય ત્યાં દુઃખ ટકી શકતું નથી. તેવી રીતે ભક્તિનો વિરોધી ભાવ દંભ (એટલે દેખાડો) છે એટલે જયાં ભક્તિ છે ત્યાં દંભ હોતો નથી, **અને જયાં દંભ (દેખાડો) થતો હોય ત્યાં ભક્તિ ટકી શકતી નથી.**

☞ વચનામૃત સાર :- માટે શ્રીમહાપ્રભુજી કહે છે દસધા પ્રકારે

એટલે પ્રેમલક્ષણા સાથે દરેક નવધાભક્તિ જીવે કરવાની છે. અર્થાત્ અર્ચન-વંદન ..... બધી જ ભક્તિની ક્રિયાઓ સ્નેહ પ્રધાન થાય તો શ્રેષ્ઠ થઈ જાય છે. હવે પ્રેમ વિશે સ્નેહ વિશે આપણને ખબર છે જ, - કોઈ પણ જગ્યાએ પ્રેમ-સ્નેહ ત્યારે જ દૃઢ થઈ શકે છે જો તે ગુપ્ત હોય. જાહેરમાં કોઈને બતાવવા થતો સ્નેહ કે પ્રેમ સાચો સ્નેહ કે પ્રેમ બની શકતો નથી, એ માત્ર દેખાડો કે ભવાડો બની જાય છે. આવી જાહેર થતી પ્રેમવાળી - સ્નેહવાળી ભકિતમાં પૂર્ણપુરૂષોત્તમ શ્રીઠાકોરજી બંધાતા નથી. સંસારી જીવો ફસાઈ જાય છે અને આવા મહામાયાથી પ્રસન્ન થતા જીવો, આવી જાહેર દરેક ક્રિયાઓને ભક્તિ માની લઈ તેને જ પ્રોત્સાહન આપે છે.

શ્રીમહાપ્રભુજીનાં વાકયોનું સ્મરણ ખાસ રહેવું જોઈએ.

(૧) ગુપ્તો હિ રસઃ રસત્વમાપદ્યતે અગુપ્તો રસઃ રસાભાસઃ સ્યાત્ (સેવા કે ભકિત ગુપ્ત હોય તો જ રસ બને છે. જાહેર થવાથી રસાભાસ-ભવાડો બની જાય છે)

(૨) માહત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢ સર્વતોધિક સ્નેહો ભક્તિ. (સુદૃઢ સર્વથી અધિક સ્નેહવાળી ક્રિયા જ ભકિત બને છે)

(૩) ગૃહસ્થિત્વા સ્વધર્મતઃ .... વિગેરે (સેવા-ભકિત દરેકે પોતાના ઘરમાં જ કરવી તે સ્વધર્મ છે)

આ બધા વાકયો એ જ સમજાવે છે કે જીવે, પોતાનાં જ ઘરમાં, પોતાના ઠાકોરજી સાથે, ગુપ્ત રીતે સેવાની ક્રિયા સ્નેહ સાથે કરવાની છે. માટે જ શ્રીમહાપ્રભુજી ઘણી બધી જગ્યાએ પોતાના ગ્રંથોમાં જણાવે છે કે પુષ્ટિમાર્ગીય જીવન પ્રણાલીમાં દંભને (દેખાડાને) સ્થાન ન હોવું જોઈએ. કેમકે દંભ એ ભક્તિનો વિરોધી છે. જેમ દુઃખનો વિરોધી ભાવ સુખ છે. અંથાત જયાં સુખ હોય ત્યાં દુઃખને હોય તેમ દંભ (દેખાડો) હોય ત્યાં ભક્તિ ટકી શકતી નથી.

આમ આ વચનામૃતનો સાર એ થયો - કે, જો જીવ કાળજીપૂર્વક ગુપ્ત રીતે, સ્નેહ સાથે, પોતાના ઘરમાં ભકિત નથી કરતો ત્યારે, તે જ ભક્તિ મહામાયા સંયુકત થઇ જવાથી જીવને બહિર્મુખ - સંસારાસકત બનાવી દે છે. હવે સત્સંગમાં વિચારીશું ભકિતનાં સ્વરૂપ વિશે, ક્રિયા વિશે અને ફળ વિશે.

ભકિતનું સ્વરૂપ, ક્રિયા અને ફળ

ભકિતનું સ્વરૂપ સમજવા માટે બે ત્રણ ઉદાહરણ વિચારવા પડશે તેમજ સમજવા પડશે જેથી આપણને ભકિત વિશે, તેની ક્રિયા વિશે અને તેના ફળ વિશે સમજણ પડે. સૌ પ્રથમ ભક્તિને સમજવા, **સાગરનું ઉદાહરણ જોઈશું** કેમકે, ભક્તિમાં પણ સાગર જેવી જ વિશાળતા અને વિવિધરૂપતા છે. સાગર જુદા જુદા વિભાગમાં વહેંચાયેલો છે, જેમકે હિંદ મહાસાગર, અરબી સમુદ્ર, બંગાળનો ઉપસાગર સ્પેસિફીક સમુદ્ર, એટલાંટિક સમુદ્ર વગેરે, જે સાગરનાં જ વિવિધ વિભાગો છે. પરંતુ સાગર દરેકમાં સમાઈ જતો નથી. તેથી જયારે એમ કહીયે કે, **અરબી સમુદ્ર જ** સાગર છે, ત્યારે તે સાગરને થયેલો અન્યાય જ ગણાશે.

તેવી જ રીતે **ભક્તિનાં જુદા જુદા વિભાગો** છે જેવા કે, નિશ્ચિય, ધારણા, શ્રદ્ધા, જ્ઞાન, રૂચિ, વિશ્વાસ, આદર, ભિતી, કર્મ-ક્રિયા... વગેરે, જે દ્વારા ભક્તિ થઈ શકે છે. **પરંતુ જો તેને જ ભક્તિ માની લઈએ તો તે ભક્તિને થતો અન્યાય છે. ભક્તિ સ્વતંત્ર છે, તે કોઈ પણ એક વિભાગમાં બંધાઈ શકે નહીં.**

જેમ સાગરની વિવિધતા, દરેક સમુદ્રમાં અને તદ તદ સમુદ્રના કિનારામાં, ઉંડાઈમાં, તેની જળચર વસાહતમાં પાણીના કદમાં, તેની રેતીમાં - વગેરેમાં છે જુદી જુદી છે. તેવું જ ભક્તિમાં જોવા મળે છે, આજ વિવિધતાનો વિચાર રંગનાં ઉદાહરણથી વધુ સારી રીતે સ્પષ્ટ થઈ઼ે.

આપણે જાણીયે છીએ કે પીળો રંગ અને ભૂરો રંગ એ મૂળ ત્રણ રંગોમાંનાં, બે રંગ છે. જો આ પીળા રંગને ભૂરા રંગ સાથે ભેગો કરવામાં આવે તો તેના ફલ સ્વરૂપે લીલો રંગ બને છે. આમ પીળો રંગ અને ભૂરો રંગ દેખાતો નથી પણ તેનું ફલ પ્રગટ થઈ જાય છે. આ લીલો રંગ પોપટી, પીસ્તા, મહેંદી... વિગેરે લીલા રંગની વિવિધતામાં પ્રકટ થાય છે. તેનો આધાર લીધેલા પીળા રંગની અને ભૂરા રંગની મેળવણીની ટકાવારી ઉપર રહે છે, જે ફલ સ્વરૂપે પ્રકટ થયેલા લીલા રંગનો માપદંડ બને છે.

જેમ પીળા અને ભૂરા રંગોના મિશ્રણથી, ફલ સ્વરૂપે લીલો રંગ પ્રકટ

થયો તેમ, ભક્તિનું ફલ, ભક્તિના સ્વરૂપ અને ભક્તિની ક્રિયા દ્વારા થાય છે. માટે, હવે ભક્તિનું સ્વરૂપ લક્ષણ અને ભક્તિનું કાર્ય લક્ષણ સમજવા માટેનો પ્રયાસ કરીએ.

આ સમજવા માટે ગાયનું ઉદાહરણ લઈએ. જ્યારે પણ ગાય શબ્દ મનમાં વિચારવામાં આવે ત્યારે અનેક રંગની ગાય, એટલે કે લાલ, સફેદ, કાળી, કાબરચીતરી વગેરે, ચાર પગ, કાન, આંખો, ઢેકા વગેરે અંગોવાળી ગાય આંખ સામે આવી જાય. આ થયું ગાયનું સ્વરૂપ. પણ જો કાર્ય લક્ષણ પ્રકટ થાય તો જ તે ગાય, ગાય છે કે નહિં? તે સાબિત થઈ જાય. આ સમજવા માટે પત્થરની ગાય એવો વિચાર માત્ર કરીએ તો ખ્યાલ આવશે કે તેમાં સ્વરૂપ છે પણ કાર્ય નથી. કેમકે, તે ઘાસ ખાતી નથી. આમ, જીવતી ગાય અને પત્થરની ગાય બન્ને ગાય છે, પરંતુ એક ગાયમાં સ્વરૂપ લક્ષણ અને કાર્ય લક્ષણ બન્ને દેખાય છે, જ્યારે બીજી ગાયમાં કાર્યલક્ષણ નથી. આ રીતે, ભક્તિમાં પણ સ્વરૂપલક્ષણ અને કાર્યલક્ષણ બન્ને હોવા જરૂરી છે.

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ ભક્તિનું સ્વરૂપ એટલે સ્નેહ અને ભક્તિનું કાર્ય એટલે નવધાભક્તિ. તે કેવા છે? તેના ઉપર ફળ નિર્ધારીત છે. આ ભક્તિ કેવા ભાવથી એટલે કે કેવા સ્વરૂપ લક્ષણ અને કાર્ય લક્ષણથી કરવામાં આવે છે, તે પ્રમાણે તેનું ફલ ભક્તિ કરનાર, તે ભક્તને, શાસ્ત્રના નિયમ મુજબ મળે છે. શાસ્ત્ર નિર્ધારીત ભક્તિનું ફલ નરકથી લઈને મોક્ષ સુધીનું છે. (જેમ પીળા રંગ અને ભૂરા રંગની ટકાવારી પ્રમાણે ફલસ્વરૂપ લીલા રંગમાં વિવિધતા દેખાય છે તેમ.) ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં પણ જોવા મળે છે કે, કૃષ્ણદાસ અધિકારી પ્રેત થયા છે, રૂપા પોળીયાએ બીજા જન્મે કૂતરાની યોનીમાં જન્મ લીધો છે, શેઠની વાર્તામાં શેઠ કૂતરા-સાપ-કીડા બન્યા છે વિગેરે વિગેરે... તેમણે ભકિતમાં કરેલા અપરાધનું ફળ છે તેવું સ્પષ્ટ શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી, અપરાધ થયેલ હોવાને લીધે જણાવે છે.

જ્યારે શાસ્ત્ર ભક્તિનું ફળ નરકથી લઈને મોક્ષ સુધીનું બતાવે છે તે જાણીને દરેક ભક્તને ચિંતા થાય કેમકે, ભક્તિનું ફળ માન્યું હતું, ભગવાનની પ્રસન્નતા, ભગવાનના પ્રકટ દર્શન કે સાનુભવતા સુધીનું. પરંતુ નરક પણ મળી શકે તેવી સમજણ ભક્તના મનમાં કે સ્વપ્નમાં પણ હોતી નથી. શું ખરેખર! ભક્તિથી ફલ સ્વરૂપે નરક મળી શકે છે? આ પ્રશ્નનો

જવાબ શ્રીમહાપ્રભુજી, ૮૪ વૈષ્ણવની વાર્તામાં વાસુદેવદાસ છકડાની વાર્તા પ્રસંગ-૧ માં અને નિજવાર્તા – ઘરૂવાર્તામાં જણાવે છે કે,

તબ ભંડારી સોને કી કટોરી લે બનિયા કે ઈહાઁ ધરિ, રાજભોગ કી સામગ્રી સબ લાયો। પાછેં સામગ્રી કરી શ્રીઠાકુરજી કોં ભોગ ધરિ સમયાનુસાર ભોગ સરાય આરતી કરી અનોસર કરાયે। મહાપ્રસાદ શ્રીયમુનાજી મેં પધરાઈ દિયો। ઔર બાકી ગાયન કોં ખવાઈ દિયો। આપ પરિકર સગરે સેવક સહિત ભૂખે હી બૈઠ રહે। શ્રીઠાકુરજી કી વસ્તુ હોઈ સો વૈષ્ણવ કોં લેનો નાહીં, ઠાકુર અરોગેં। યહ રીતિ સબકોં સિખાયે।

તબ એક વૈષ્ણવને શંકા કિની જો મહારાજ વા દિન આપુને રાજભોગ તાંઈકો પ્રસાદ ગૌઅનકો ખવાયો ઔર શ્રીયમુનાજી મેં પધરાયો તાકો કારણ કહા? તબ આપ કહે જો સોને કી કટોરી (ગીરવી) ધરકિ સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકોરજી આપહી કે દ્રવ્યકો આરોગે સો તો આપહી કો ભયો. જો ઠાકોરજીકો દ્રવ્ય ખાયેગો સો મેરો નાહિ ઔર મેરો સેવક ભગવદીય હોયેગો સો દેવ દ્રવ્ય કબહું ન ખાયેગો, જો ખાયેગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદ મેતે ભોજન કરવે કો અપને અધિકાર ન હતો. વા કે લિયે ગૌઅનકો ખવાયો ઔર શ્રીયમુનાજી મેં પધરાયો. (દેવદ્રવ્યની સમજણ માટે જુઓ સંકલન ભાગ-૨ પાનું ૪૪)

શ્રીમહાપ્રભુજી અહિંયા પોતાનું જ ઉદાહરણ આપીને જણાવે છે કે જો આ સામગ્રી શ્રીઠાકોરજીના દ્રવ્યથી થઈ એટલે દેવદ્રવ્ય છે. તે મારે પોતે પણ પ્રસાદરૂપે લેવાની નથી અને કોઈને આપવી પણ ન જોઈએ કેમકે, **આવો અધરામૃતરૂપી પ્રસાદ, તે ખાનારને મહાપતિત બનાવે છે.** આમ ભકિતનું ફળ ભકિતની ક્રિયા ઉપર આધાર રાખે છે. (જેમ લીલો રંગ, પીળા અને ભૂરા રંગની ટકાવારી પર આધાર રાખે છે તેમ)

☞ આમ, આ પ્રસંગનો સાર એ સમજી શકાય કે, શ્રીમહાપ્રભુજીનું વચન છે કે, આવી ભક્તિનું ફળ, ભક્તિ કરનારને–પ્રસાદ લેનારને મહાપતિત બનાવે છે. જે જીવને મેં મારો માની શ્રીઠાકોરજીને સોંપ્યો છે તે મારો નહિં કહેવાય અને તેને શ્રીઠાકોરજી પોતાના નિજધામમાં, નિજલીલામાં અંગીકાર ન કરતાં–મહાપતિત થઈ જશે.

શંકા : શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં એવા પણ વિધાન છે કેઃ

(અ) શરણે લીધેલા જીવને શ્રીઠાકોરજી છોડતાં નથી.

(બ) શરણસ્થજીવને ભક્તિના ફલ સ્વરૂપે પોતાના નિજધામમાં, નિજલીલામાં જ રાખે છે. તો જીવને નરક ન જ મળે.

નિરાકરણ : ઉપરના બંને વિધાનો 'અ' અને 'બ' નો વિચાર કરીએ. વિધાન 'અ' સાચું છે પણ 'બ' ની સમજણ અધૂરી કે ખોટી છે, જે સમજવું જરૂરી છે.

સિદ્ધાંત મુજબ જે જીવ શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં શરણે આવે છે (અ) તેને શ્રીઠાકોરજી છોડતાં નથી. આ વાત સાચી છે. (બ) પરંતુ અહિંયા આગ્રહ એ રહેલો છે કે તે જીવે, દુઃસંગનો ત્યાગ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવું જોઈએ અર્થાત્ અસમર્પિતનો ત્યાગ, અન્યાશ્રયનો ત્યાગ, અસદ્આલાપનો ત્યાગ, દેવદ્રવ્ય ન ખાવું વગેરે આચરણમાં મૂકવું જરૂરી છે. આ બધું આચરણમાં મૂકે તો જ તે જીવ શરણે રહેલો ગણાય અને આવા જીવને શ્રીઠાકોરજી છોડતા નથી, શરણસ્થસમુદ્ધારં (કૃષ્ણાશ્રય સ્તોત્ર ગ્રંથ) (વધુ સમજ માટે, જુઓ "સેવા સમર્પણ" પાનું ૪૫) આ જ વાત શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી સમજાવે છે.

તેવી જ રીતે ઉપર જણાવ્યા પ્રમાણે ભક્તિના દરેક કાર્યમાં ભક્તિના સ્વરૂપનું અને ભક્તિની ક્રિયાનું મિશ્રણ કેવું છે તેના ઉપર ફલનો આધાર રાખશે. જેમ લીલા રંગ નો આધાર, પીળા રંગની અને ભૂરા રંગની ટકાવારી પર છે તેમ. આમ દેવદ્રવ્ય ખાનારને – શ્રીઠાકોરજી, દંડરૂપે મહાપતિત કરી દેશે.

જીવ દેવદ્રવ્ય ન ખાય તો દંડ રૂપે મહાપતિત નથી થતો. પણ જો, સેવા કે સ્મરણમાં (ભક્તિનાં સ્વરૂપ અને ભક્તિના કાર્યમાં) **શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મુજબ કે સિદ્ધાંત મુજબ ન કરે તો, તેનું ફળ વિપરીત કે વિરુદ્ધ મળે છે.** જેના ઉદાહરણ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં અનેક જોવા મળે છે.

ઉદાહરણ-૧:- ૨૫૨ વૈષ્ણવોની વાર્તા-૩૮માં-એક બ્રાહ્મણી ઉજ્જૈનની-માપણીવાળીની વાર્તા પ્રસંગ ૧માં આવે છે કે આ બાઈ શ્રીઠાકોરજીને ભોગમાં ધરવા માટે ઉત્તમ પ્રકારના ચોખા ઉત્તમ રીતે પ્રેમ સહિત વિણતી હતી. ત્યારે માપણીવાળા શાક્તને (અવૈષ્ણવને) જણાવ્યું કે તે આ ક્રિયા તેના ઠાકોરજી માટે કરી રહી છે. આમ, કરવાથી **તેની સેવા તેણે જાહેર કરી** જેના ફળ સ્વરૂપે તે બહિર્મુખ થઈ અને આ ક્રિયાએ તેને અન્યાશ્રય

કરવા પ્રેરી. તેણે શાક્તને શ્રીઠાકોરજીના દર્શન કરાવ્યા. તે માપણીવાળાએ તેના ઉપર ઉપકાર કરવા માટે, 'તેને જમીનનો કર ઓછો ભરવો પડે માટે જમીન ઓછી નોંધી છે તેવું કહ્યું'. તેથી તે બ્રાહ્મણી ખુશ થઈ એટલું બોલી કે 'તેં મને જીવાડી' (અર્થાત અન્યાશ્રય કર્યો છે) આના ફળ સ્વરૂપે જે શ્રીઠાકોરજી તેની સાથે વાત કરતા હતા તેને સાનુભવ હતા તે, ત્યાંથી પધારી ગયા. આના અનુસંધાનમાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે

ભાવપ્રકાશ : યા બાઈ કો વાચિક અન્યાશ્રય ભયો। અન્યમાર્ગી કો અહસાન મોલ લિયો। તાતે વૈષ્ણવકો બહોત સંભારીકે બોલનો। અન્યમાર્ગી સો સંભાસણ હુ ન કરનો। જો બોલનો તો હું વિચારીકે બોલનો। પરિ અહસાન સર્વથા ન લેનો। યહ સિદ્ધાંત ભયો। ઔર અપને **શ્રીઠાકોરજી કે દર્શન અન્યમાર્ગી કો ન કરાવને યહ હું જતાયો।**

વાર્તામાં આવે છે કે, શ્રીઠાકોરજીએ કૃષ્ણભટ્ટને આ બધું જણાવ્યું છે, અને પધારી ગયા. જ્યારે બ્રાહ્મણી તેમની પાસે આવી રડી પડી, ત્યારે કૃષ્ણભટ્ટે જણાવ્યું કે, **'બાઈ આપણાં ઠાકોરજી વણજ વ્યાપારની ચીજ નથી કે આ રીતે દર્શન કરાવીએ અને તે લોક, વૈષ્ણવ જાણી ઉપકાર કરે તો આપણી વૈષ્ણવતા વેચાઈ'** અહિંયા જે ઠાકોરજી બ્રાહ્મણીને સાનુભવ હતા તેણે ભક્તિમાં સ્વમાર્ગીય સિદ્ધાંતથી વિપરીત ક્રિયા કરી હોવાથી એ ફળ મળ્યું, કે ઠાકોરજી પધારી ગયા.(વાર્તા વાંચવી)

☞ વિચારણીયઃ **બ્રાહ્મણીએ ભક્તિના સ્વરૂપ અને ભક્તિની ક્રિયાના સિદ્ધાંત વિરુદ્ધમાં શું કર્યું તે વિચારીએ :**

(૧) અવૈષ્ણવ સમક્ષ શ્રીઠાકોરજીની સામગ્રી પ્રકટ કરી. (સેવા જાહેર કરી.)

(૨) અવૈષ્ણવ સાથે શ્રીઠાકોરજીની વાતો કરી. (અસદ્ આલાપ કર્યો)

(૩) અવૈષ્ણવને શ્રીઠાકોરજીના દર્શન કરાવ્યાં. (વ્યવહાર વેપાર જેવો કર્યો)

(૪) અવૈષ્ણવનું અહેસાન માથે લીધું-વૈષ્ણવતા વેચી-શ્રીઠાકોરજીને ગૌણ કર્યા. (અન્યાશ્રય થયો)

આ બધાના ફલ સ્વરૂપે જે ઠાકોરજી તે વૈષ્ણવને સાનુભવ હતા છતાં પણ,

તે ત્યાંથી પધારી ગયા.

ઉદાહરણ-૨ઃ- ૨૫૨ વૈષ્ણવની વાર્તા પ્રસંગ ૭૧–દો વૈષ્ણવ વિરક્ત જીનને પ્રસાદમેં કીડા દેખે. આ વાર્તામાં પુત્રીના હકકનું દ્રવ્ય બાપ સેવામાં વાપરે છે ગામના બધા વૈષ્ણવને પ્રસાદ લેવડાવે છે. ગામના બીજા કોઈ વૈષ્ણવને તે પ્રસાદમાં દોષ દેખાતો નથી. જ્યારે બહારગામથી આવેલા **"વિરક્ત વૈષ્ણવને જ ભગવદ્ કૃપાથી"** તેમાં કીડા ઉભરાતા દેખાય છે. તે પ્રસાદ ન લેતાં ઉભા થઈ જાય છે. અને તેમના સાથી વિરક્ત વૈષ્ણવને પણ પ્રસાદ ન લેવા જણાવે છે. બીજા વિરક્ત વૈષ્ણવ આ વાત ન માનતાં પ્રસાદ લે છે કેમકે, તેમને આ દોષ દેખાતો નથી. સપનામાં રાતના શ્રીઠાકોરજી તેને જણાવે છે કે, તેણે લોહી-માંસનું ભક્ષણ કર્યું છે.

☞ વિચારણીયઃ **અહિયાં ભક્તિના સ્વરૂપ અને ભક્તિની ક્રિયામાં સિદ્ધાંત વિરુદ્ધમાં શું કર્યું તે વિચારીએઃ**

(૧) પાછી પિયર આવેલી, પુત્રીનું દ્રવ્ય પિતાએ સેવામાં વાપર્યું.

(૨) દીકરીના દ્રવ્યથી ગામમાં વાહ વાહ થાય અર્થાત્ લાભ-પૂજા માટે ગામના વૈષ્ણવોને મનોરથ કરી પ્રસાદ લેવડાવ્યો.

આના ફલ સ્વરૂપે 'ભગવદ્ ઇચ્છા'થી ફક્ત વિરક્ત વૈષ્ણવ પ્રસાદ ન ગ્રહણ કરે માટે તેને કીડા દેખાડયાં. ગામનાં બીજા કોઈપણ વૈષ્ણવોને (જેઓ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુંસાઈજીનાં જ સેવકો હતા) છતાં પણ ન દેખાયા. બીજા વિરક્ત વૈષ્ણવને ભગવદ્ ઈચ્છાથી સ્વપ્નમાં શ્રીઠાકોરજીએ જણાવ્યું કે તેં પ્રસાદ લીધો નથી પણ લોહી માંસ તુલ્ય ખોરાક લીધો છે. **આમ જેવું જેનું ભક્તિના સ્વરૂપ અને ભક્તિની ક્રિયાનું મિશ્રણ** (પીળો રંગ અને ભૂરો રંગ લીલા રંગની વિવિધતા પ્રકટ કરે છે તેમ) **તેવા તેમને, એક જ પ્રસાદ લેવાની ક્રિયામાં** (ભગવદ્ ઈચ્છાએ) **જુદા જુદા ફળ દેખાડયા છે.** (અનુસંધાન માટે વાર્તા અને ભાવપ્રકાશ વાંચવો)

ઉદાહરણ-૩ઃ- ૨૫૨ વૈષ્ણવોમાં કિશોરીબાઈની વાર્તા ક્રમાંક ૨૦૯ પ્રસંગ ૨, જેમાં કિશોરીબાઈએ અન્ય વૈષ્ણવનું દ્રવ્ય વાપરી સામગ્રી ધરી છે, ફળ સ્વરૂપે શ્રી ઠાકોરજીએ સાનુભાવતા જતાવવાનું બંધ કર્યું. (આ વાત

ઉપર સંકલન ૧ માં ઘણી સ્પષ્ટતા કરી છે)

આ થઈ ભક્તિના ફળની વાત. અર્થાત્ ભક્તિ માટે સ્વરૂપ અને કાર્ય, જો સિદ્ધાંત વિરુદ્ધનું હોય તો તેનું ફળ વિપરીત મળે છે.

આવા બીજા અનેક ઉદાહરણો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી ઉપલબ્ધ થઈ શકે છે. જેવા કે, **રૂપા પોળીયા**-કૂતરા થયા, **શેઠ**-સાપ કૂતરા તથા કીડા બન્યા, **કૃષ્ણદાસ અધિકારી** પ્રેત થયા વગેરે....... જેઓ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા–સિદ્ધાંત પ્રમાણે જ સેવા કરતા હતાં, છતાં પણ કોઈક કાર્ય લક્ષણ અથવા સ્વરૂપ લક્ષણ, **શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ જતાં,** તેમને ભક્તિના ફળ સ્વરૂપે, વિપરીત ફલ પ્રાપ્ત થયેલું જોવા મળે છે. આ રીતે જ દેવદ્રવ્ય લેવાથી મહાપતિત થઈ જવાય છે. જેથી નરકમાં સ્થાન મળે છે. આમ, **ભક્તિનું ફળ નરકથી મોક્ષ કે ગોલોકધામ સુધીનું હોઈ શકે છે.**

શ્રીમહાપ્રભુજીના મતે ભક્તિનું સ્વરૂપલક્ષણ **સ્નેહ છે,** અને કાર્યલક્ષણ છે **નવધાભક્તિ.** જે સ્નેહ સાથે કરવાની છે. આ ભક્તિ કેવા ભાવથી એટલે કે સ્વરૂપ અને કાર્યથી કરવામાં આવે છે, તે પ્રમાણે તેનું ફલ ભક્તિ કરનારને મળે છે. એટલે જેવા ભાવથી ભક્તિ, જે પ્રમાણે થાય તે પ્રમાણેનું ફલ તે ભક્તને શાસ્ત્રના નિયમ મુજબ મળે છે. ભાવથી કરવામાં આવતી ભકિત કે સેવામાં, **સેવકે ક્રિયા કરતા પોતાની બુધ્ધિ વાપરવી પડશે, નહીં તો વિપરીત ફળ ભોગવવા તૈયાર રહેવું પડશે.**

શ્રીમહાપ્રભુજી ભક્તિ માટે જણાવે છે કે માહાત્મ્ય જ્ઞાનપૂર્વસ્તુ સુદ્દઢ સર્વતોધિક સ્નેહો ભક્તિ। એટલેકે શ્રીઠાકોરજીમાં પૂર્ણપુરુષોત્તમના માહાત્મ્ય જ્ઞાન સાથે, સર્વથી અધિક દરેક ક્રિયામાં સુદ્દઢ સ્નેહ કરાતો હોય તેવી બુધ્ધિ વાપરીને કરવામાં આવતી ક્રિયા તે ભક્તિ.

પુષ્ટિસંપ્રદાય અંતર્ગત આ ભક્તિ પુષ્ટિસ્થજીવે કેમ કરવી ? આ સમજાવવા શ્રીમહાપ્રભુજીના ગ્રંથો જોવા જોઈએ અને ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં અનેક પ્રસંગો ભાવપ્રકાશ સાથે સમજવા જોઈએ. ઉદાહરણ રૂપે ૨૫૨ વૈષ્ણવની વાર્તા ૧માં નાગજીભટ્ટની વાર્તામાં પ્રસંગ ૪નું અનુસંધાન જોઈએ. (વાર્તા વાંચવી)

એકવાર નાગજીભટ્ટે શ્રીગુંસાઈજીને વિનંતી પત્ર લખ્યો અને તેમાં

લખ્યું કે, શ્રીઆચાર્યજીના ગ્રંથો મારી બુદ્ધિ ઓછી છે તેથી સમજાતા નથી, તો આપ કૃપા કરીને માર્ગનું રહસ્ય થોડામાં લખીને મોકલો જેથી કરીને હું શ્રીમહાપ્રભુજીના ગ્રંથો સમજી શકું. તેના પ્રત્યુત્તરમાં શ્રીગુંસાઈજીએ શ્લોક લખીને મોકલ્યો. **જેમાં શ્રીઆચાર્યજીનું પ્રાકટ્ય, માર્ગનું ફલ અને માર્ગનું રહસ્ય લખી મોકલ્યું. તે શ્લોક**

શ્રીવલ્લભાચાર્યમતે ફલં તત્પ્રાકટ્યમત્રાવ્યભિચારિહેતુઃ।

તત્રોપયુક્તા નવધોક્તભક્તિસ્તત્રોપયોગોઽખિલસાધનાનામ્॥૧ ॥

યઃકુર્યાત્સુન્દરાક્ષીણાં ભવને લાસ્યનર્તને ।
તાસાં ભાવનયા નિત્યં સ હિ સર્વફલાનુભાક્ ॥ ૨ ॥

આના અભિપ્રાયમાં શ્રીગુંસાઈજી જણાવે છે કે, શ્રીવલ્લભાચાર્યજીના મત પ્રમાણે **શ્રીઠાકોરજીનું પ્રાકટ્ય એ ફલ છે અને અવ્યભિચારી ભક્તિ હેતુ છે. જેમને અનન્યતા હોય તેમના માટે નવધાભક્તિ છે.** આ નવધાભક્તિ પહેલાં (પુરાણમાં બતાવ્યા પ્રમાણે, એક એક જણે એક એક ભક્તિ કરી છે એટલેકે, શ્રવણભક્તિ રાજા પરીક્ષીતની, કીર્તનભક્તિ શુકદેવજીની, સ્મરણભક્તિ પ્રહલાદની, પાદ-સેવનભક્તિ લક્ષ્મીજીની, પૂજનભક્તિ પૃથુરાજાની, વંદનભક્તિ અક્રુરજીની, દાસ્યભક્તિ હનુમાનજીની, સખ્યભક્તિ અર્જુનની અને આત્મનિવેદનભક્તિ બલીરાજાની) શાસ્ત્રોમાં નિરૂપણ કરેલી છે જ.

જ્યારે શ્રીઆચાર્યમહાપ્રભુનો વિલક્ષણ માર્ગ છે, જેમાં દસમી પ્રેમલક્ષણાભક્તિ શ્રીમહાપ્રભુજીએ બતાવી છે. આનો હેતુ શ્રીગુંસાઈજી લખે છે કે, **નવધાભક્તિ છે તે મહામાયા સંયુક્ત છે** જ્યારે **દસધાભક્તિ (પ્રેમલક્ષણાભક્તિ) બધા જ કાર્યમાં પ્રેમ સંયુક્ત છે.** અને આના ઉદાહરણમાં શ્રીગુંસાઈજીએ વ્રજભક્તોનું ઉદાહરણ આપ્યું જેમની સાથે શ્રીઠાકોરજીએ ક્રિડા કરી છે અને જે ભક્તિમાં આચરવાથી, ફલનો અનુભવ થઈ શકે છે અર્થાત્ શ્રીઠાકોરજી સાનુભવતા જતાવે છે. (નાગજીભાઈની વાર્તાનો પ્રસંગ-૪, ખાસ જોવો)

☞ વિચારણીયઃ ઉપર નવધાભક્તિ, મહામાયા સંયુક્ત છે તેમ જણાવ્યું છે. એટલેકે સામાન્ય રીતે માયા જીવને સંસારમાં પાડનારી છે

જ્યારે, ભક્તિ સંસારમાંથી તારનારી છે, અર્થાત્ ભક્તિ કરવાથી જીવ ભગવદ્ સન્મુખ બને છે અને સંસાર એટલે માયા ક્રમશઃ છૂટી જાય છે. **ભકિત જયારે ખોટા આશયથી (આગ્રહથી) થાય છે ત્યારે તે સંસારમાં લઇ જાય છે. તેથી આવી ભકિતને શ્રીગુંસાઇજી 'મહામાયા' કહી રહ્યા છે.** (આગળ સમજાવ્યું તે પ્રમાણે સંસારી જીવ વાણી ચતુરાઇ વાપરી બીજાઓની સાથે છેતરપીંડી કરે છે તેને "**ઠગ**" ગણવામાં આવે છે. પરંતુ સંત કે સંન્યાસી જગતને ઠગવાનું કામ કરે તો '**મહાઠગ**' ગણાય તે ન્યાયથી માયા અને મહામાયા સમજવી)

☞ સાર ગ્રહણ : જ્યારે જીવ, આવી ભક્તિ પોતાના લાભ કે પૂજા માટે કરે છે ત્યારે, તે મહામાયા સંયુક્ત થઈ જાય છે, અને તે માયા જીવને ભગવદ્ સન્મુખ ન કરતાં ભગવદ્ વિમુખ બનાવે છે એટલે સંસારાસક્ત બનાવે છે. **(આમ આ જીવે કરેલી ભકિતનું ફળ, ભકિતના સ્વરૂપ અને ક્રિયા ઉપર આધાર રાખે છે.)**

ઉદાહરણ તરીકે આગળ સમજાવ્યું તેમ, એક ભક્ત જેને ભગવદ્ કૃપાથી સારો કંઠ મળ્યો હોય જો તે ભગવદ્ કીર્તન ઘરમાં ઠાકોરજી આગળ, ભગવદ્ સુખાર્થે જ કરતો હોય તો તે **ઉત્તમ ભક્તિ બને છે.** પણ હું કિર્તન કરું છું. ત્યારે મને કેટલા લોકો સાંભળે છે? કે મને કેટલા લોકો જુએ છે? વગેરે ભાવ સાથે કિર્તન જાહેરમાં કરે અથવા બીજા કીર્તન કરવા વાળા સાથે સ્પર્ધાત્મક ભાવથી કે પરિચય વધારવાના ભાવથી કે પૈસા કમાવવાના આશયથી કરે ત્યારે આવા ભાવો ભક્તિને પોષણ આપનારા ન હોવાથી, તેજ કીર્તન ભક્તિ (કે કોઈપણ ભક્તિ) મહામાયા બની જાય છે. જેને લીધે તે વ્યકિતમાં **ફળ સ્વરૂપે લૌકિક ભાવો જેવા કે, અહંકાર દ્વેષ, ઈર્ષ્યા વગેરે ભક્તિ વિરોધી ભાવો જન્મે છે.** આવા વિરોધી ભાવોને લીધે આ ભક્તિની ક્રિયા લૌકિક હેતુવાળી (સ્પર્ધાત્મક કે લાભપૂજા વાળી) બની જાય છે અને તે કીર્તન કરનારને બર્હિમુખ કરે છે. કેમકે, ભક્તિ કરવી એ શાસ્ત્રની આજ્ઞા છે અને ભક્તિ કરવાથી તેનું ફળ મળે છે. આ ફળ કેવું હશે તે ભક્તિની ક્રિયા કેવી છે? કેવી રીતે કરે છે? કેવા હેતુથી કરે છે? તેના ઉપર આધારીત છે. **જો બુધ્ધિ વાપરવામાં આવે તો શ્રીમહાપ્રભુજીના વચનો-સિધ્ધાંતોનો સાર સમજાશે. અને જીવન તત્પરતા હશે તો તેને આચરણમાં મૂકી સાચી ભકિત કરશે.**

આમ જે ભક્તિ, જીવને શ્રીઠાકોરજી સન્મુખ લઈ જવા સમર્થ હતી

જ ભક્તિ લૌકિક ભાવ યુક્ત થવાથી તે ભક્તને સંસારાસક્ત બનાવી દે છે. ત્યારબાદ એ જીવને સાંસારીક-લૌકિક ક્રિયાઓમાં-લૌકિક ફલમાં વધુને વધુ પ્રેરિત કરીને લૌકિકાસક્ત બનાવી દે છે. જેને લીધે તે જીવ ભગવદ્ સન્મુખ ન રહેતાં આવી ભક્તિ કરતાં કરતાં જ, વધુને વધુ સંસારસક્ત થઈ સંસારના નિયમોને આધીન થઈ, ફલ સ્વરૂપે જન્મ મરણના ચક્કરમાં પડી જાય છે, કે અસદ્ગતીને પામે છે. આ અનુસંધાનમાં ભક્તિને મહામાયા કહેવામાં આવી છે. (પાના ૧૦ ઉપર આપેલું ગો.શ્રી ગોવર્ધનલાલજીનું વચનામૃત જોવું)

તેવી જ રીતે, શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં જીવે પોતાના ઘરમાં જ દાસભાવથી ભક્તિ કરવાની છે. પણ જો એ દાસ (સેવા કરનાર) શ્રીઠાકોરજીના જાહેર દર્શન બધાને કરાવે છે તો તે બર્હિમુખ થઈ જાય છે કેમકે, આ ભક્તિ બીજાને બતાવવા માટે (પોતાની વાહવાહી માટે કે કંઈક લાભ થાય તે માટે) કરવામાં આવી છે. આમ, આવી દાસ્યભક્તિ પણ મહામાયાથી સંયુક્ત થઈને જીવને બહિર્મુખ કરી દે છે. તેવી જ રીતે, બધી જ ભક્તિમાં આ શક્ય બને છે, માટે ભકતે શું કરવું ? તે વિચારવું જ રહ્યું.

શ્રીમહાપ્રભુજીનું વચન છે, ગુપ્તસ્ય એવ રસઃ પ્રકટસ્ય તુ રસાભાસઃ। ને ધ્યાનમાં રાખીને જો વૈષ્ણવ પોતાના ઘરમાં પોતાના જ દ્રવ્યથી, પોતાના જ શ્રીઠાકોરજીને, **કોઈપણ જાતના સ્વાર્થ વગર, પ્રદર્શન વગર, -નિર્હેતુક, ભગવદ્સુખાર્થે - બુદ્ધિ વાપરી વિવેક સાથે ભજી રહ્યો છે** તો તેને તે સ્નેહ સાથે થતી નવધાભક્તિ ભગવદ્દાસક્ત જ બનાવે છે. અર્થાત્ દરેક ભક્તિની ક્રિયા (શ્રવણ, કિર્તન, સ્મરણ, સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, અને આત્મનિવેદન) સ્નેહથી ભગવદ્સુખાર્થે કરવામાં આવે તો, તે ભક્તિ સ્નેહ સંયુક્ત બની જતી હોવાથી શ્રેષ્ઠભક્તિ બને છે આ છે દસમી પ્રેમલક્ષણાભક્તિ.

શ્રીમદ્ભાગવત્માં જણાવે છે કે, વ્રજભક્તોએ પોતાના જીવનની દરેક ક્રિયામાં આ પ્રેમલક્ષણાભક્તિને વણી લીધી હતી. શ્રીહરિરાયજી **પ્રાતઃ સમે ઉઠી વ્રજ બાલા....** માં એજ જણાવે છે કે, વ્રજભક્તો જાગતાં ત્યારે, દહીં વલોવતા હતા ત્યારે, દુધ-દહીં-માખણ-ઘી વેચવા જતા ત્યારે, જલ ભરવા જતાં ત્યારે, ભગવદ્ સુખનો વિચાર કરતાં, ગુણાગાન કરતા આમ, તેમની દરેક ક્રિયા સ્નેહસંયુક્ત ભગવદ્ સુખાર્થે હતી. તેથી તેમની દરેક ક્રિયાઓ

પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ બની જતી. ઉદાહરણ રૂપે રસખાનજીનું પદ 'સુજાન-રસખાન'માં રસખાનજીને કેવા દર્શન થાય છે અને શ્રીઠાકોરજી. વ્રજભક્તો સાથે તેમની કેવી ક્રિયાઓને ભક્તિમાનીને પ્રસન્ન થાય છે તે જોઈએ.

અહિયાં એક આહિરની છોકરીએ નંદનંદન-લાલનને પૂછ્યું, **'લાલા મારી પાસે આ છાલીયામાં છાસ છે તે તારે આરોગવી છે?'** શ્રીઠાકોરજીએ હા પાડી ત્યારે તે છોકરીએ કહ્યું કે, જો તું થોડો નાચી બતાવે તો તને આપુ, અને શ્રીઠાકોરજી નાના ચરણારવિંદથી કૂદકા મારતા નાચવા લાગ્યા જે દર્શન રસખાનજીને થયાં, જેનાં તેમણે અનેક સવૈયાં લખ્યાં છે, તેમાંથી એક જોઈએ...

સેષ, ગનેસ, મહેશ, દિનેશ, સુરેશહુ જાહિ નિરન્તર ગાવૈં ।

જાહિ અનાદિ અનંત અખંડ અછેદ અભેદ સુ બેદ બતાવૈં ।

નારદ સે સુક બ્યાસ રટૈં પચિ હારે તઉ પુનિ પાર ન પાવૈં ।

તાકો અહીર કી છોહરીયાઁ છછિયા ભરિ છાછ પૈ નાચ નચાવૈં ॥ ૮ ॥

ભાવાર્થ : રસખાનજીને થતાં દર્શન સ્પષ્ટ પણે બતાવે છે કે, જેનું ગાન નારદજી, ગાંધર્વો, શેષ, મહેશ, ગણેશ, સુકદેવજી વિગેરે ગાઈ ગાઈને થાકી ગયા જેનો છેડો નથી પામી શક્યા, વેદ પણ જેને અનાદિ, અનંત, અખંડ, અછેદ, અભેદ બતાવે છે, તેને એટલે કે, **તે પરબ્રહ્મ, પૂર્ણ પુરુષોત્તમને એક આહિરની છોકરી છાલીયામાં છાસ ભરીને, લલચાવી નાચ નચાવે છે. કેવો હશે તે પ્રેમ?** જે ક્રિયાને શ્રીઠાકોરજીએ ઉત્તમ પ્રેમલક્ષણા ભક્તિવાળી માની. અને જેના દર્શન પોતાના ભક્તને (રસખાનજીને) કરાવ્યાં. શ્રીઠાકોરજીની આવી લીલાની અનેક વાતો અષ્ટસખાની વાણીમાં જોવા મળે છે. ઉદાહરણ રૂપે, કૌન સુકૃત યહ વ્રજ વાસીન કીનો........ વગેરે પદોનું અવગાહન કરવું.

☞ વિચારણીય સારગ્રહણ : **શ્રીમહાપ્રભુજીએ, સારસ્વતકલ્પના એ જ પૂર્ણપુરુષોત્તમ નંદનંદન આપણને પધરાવી આપ્યા છે તો, એ વાતનો નિર્ણય થઈ જવો જોઈએ કે,**

(૧) સંપ્રદાય અંતર્ગત થતી દરેક ભક્તિની ક્રિયા જો સ્નેહ સંયુક્ત ભગવદ્સુખાર્થે (**ગુપ્તસ્ય એવ રસઃ પ્રકટસ્ય તુ રસાભાસઃ**) થાય તો જ, પ્રેમલક્ષણા બની શકે છે. અને તો જ તે ભક્તિ કરનાર ભગવદ્દાસક્ત બની શકે છે.

(૨) ભકિત કે સેવા લોકોને (ગામમાં બધાને) રીઝવવા માટે કે લોકોને બતાવવા માટે, કે સ્પર્ધાત્મક ભાવ સાથે કરવામાં આવે છે તો તે ભક્તિ સંપ્રદાયમાં નિંદનીય છે, જે જીવને સંસારાસક્ત બનાવે છે. અને આવું કરવાથી જીવ બર્હિમુખ થઈ જાય છે અને શ્રીઠાકોરજી તેવી સેવા અંગીકાર કરતાં નથી. **(જુઓ પુષ્ટિ-પ્રવાહ મર્યાદાગ્રંથની ટીકા)**

(૩) ભકિતને પોષણ કેવી રીતે આપવું જેથી ભગવદ્ સન્મુખ રહેવાય આ વાત સમજાવવા શ્રીદયારામભાઈનો ગ્રંથ 'ભક્તિપોષણ' જોવો જરૂરી છે. જેમાં, સુંદર રીતે ૧૦૧ ચંદ્રાવળા બનાવીને સમજણ આપી છે.

(૪) **'એકલી-કોરી-દર્શનભક્તિ'** જે આજ કાલ જાહેરમાં જોવા મળે છે, તે શ્રીમહાપ્રભુજીનાં સાહિત્યથી લઈને દયારામભાઈ સુધીનાં સાહિત્યમાં, કયાંય જોવા મળતી નથી.

અહિંયા વાત થઈ ફલની. અર્થાત્ જેવી ક્રિયા કરીયે તેનું તેવું ફલ જીવને મળે છે. **શાસ્ત્રએ જેનો નિષેધ કર્યો છે તે કરવાથી, આજ્ઞા ઉલ્લંઘનનું ફળ મળે છે.** આજ વાત જુદી જુદી વાર્તાઓમાં જોવા મળે છે, જેમાં શાસ્ત્રની અને સંપ્રદાયની આજ્ઞાનો વિચાર ન કરવાથી **બ્રહ્મસંબંધી જીવ ભલે તે શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીનો સેવક હોય કે સાક્ષાત શ્રીઠાકોરજી સાનુભવ હોય તો પણ તેનું વિપરીત ફળ મળે જ છે.** (ઉદારણો નીચે આપ્યા છે)

આમ હવે એ નિર્ણય ઉપર આવી શકીયે છીયે કે, જીવ ગમે તેટલી સેવા કરે પણ જો, તે જીવ શાસ્ત્ર વિરૂદ્ધ આચરણ કરે **એટલે શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની આજ્ઞા વિરૂદ્ધ આચરણ** જેવું કે અન્યાશ્રય, અસદ્આલાપ, અસમર્પિતનું ખાનપાન... વગેરે કરે છે તો તેનો બગાડ થાય છે. ભલેને તે ગમે તેટલો મોટો ભકત હોય, પ્રભુનો સાક્ષાત્કાર હોય, વલ્લભવંશજ હોય તો પણ તેને વિપરીત ફળ મળે છે. **(જુઓ પ્રસંગ સંકલન ૩ પાનું ૨૨,) સરસ્વતીમંત્રનો** તૃતિયઘરમાં બનેલો પ્રસંગ છે જેમાં તે **વલ્લભવંશજ** માટે શ્રીઠાકોરજીએ નારાજગી સ્પષ્ટ વ્યકત કરી છે. ૨૫૨ વૈષ્ણવોની **રૂપા**

પોળિયાના પ્રસંગમાં આવે છે કે જેમના બેસુરા રાગથી પણ શ્રીઠાકોરજીને પોઢવામાં આનંદ આવતો હતો જેમને શ્રીઠાકોરજી સાનુભવતા જણાવતા-વ્રજભકતો સાથે દર્શન આપતા...વગેરે આવા એ અનન્ય સેવકથી ભૂલમાં શ્રીઠાકોરજીનું અસમર્પિત-અણપ્રસાદી-દેવદ્રવ્યવાળું-આરતીનું ઘી જે નખમાં રહી ગયું, તે પેટમાં જવાથી બીજા જન્મે શ્વાન યોની મળી છે. ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૧૭૯ માં **શેઠ વૈષ્ણવને** સાપની-કુતરાની-કીડાની યોની મળી છે-એનો ઉદ્ધાર વૈષ્ણવ દ્વારા શ્રીગુસાંઈજીએ કરાવ્યો છે. **કૃષ્ણદાસ અધિકારી,** અધિકારીપણાને લીધે પ્રેત થયા છે. શ્રીમહાપ્રભુજી-સોનાની કટોરીની વાત માટે સમજાવે છે કે તે દેવદ્રવ્ય હતી - જે દેવદ્રવ્યનો પ્રસાદ લેશે તે મારો સેવક નહીં કહેવાય મારો સેવક દેવદ્રવ્ય લેશે તો 'મહાપતિત' થશે, અર્થાત્ - મહાપાપી થશે **આ થઈ ભકિત કે સેવાના ફલની વાત.**

આમ ભક્તિનું ફલ શું? એનો વિચાર કરવામાં આવે તો ફળનો બહુ જ વિશાળ વિસ્તાર ભકિતના સ્વરૂપ અને ક્રિયાને લીધે થતો દેખાય છે - ગોલોકધામ-ભગવદ્ સાક્ષાત્કાર-સાનુભવતા-મોક્ષ-હિનયોનીમાં જન્મ, નરક સુધીનું સર્વ કાંઈ શક્ય બને છે. **આમ ભક્તિનું ફળ ભક્તની ભક્તિ કરવાની ક્રિયા (કાર્ય લક્ષણ) ઉપર જ આધારીત છે.**

આમ અહિંયા વિચાર કરીએ કે કોઈ વૈષ્ણવની **'માળા પહેરામણી'** કરાવવાથી ફળ સ્વરૂપે ગોલોકધામ મળે કે સદ્ગતી થાય તો તે તદ્દન મીથ્યા વચન સાબીત થશે કેમકે, આ વાતનું પ્રમાણ કાંઈ જ નથી. (અહીંયા **જૂનાગઢનાં ગો. શ્રીપુરૂષોત્તમબાવાનાં,** પ્રવચનનો સાર અમારી સમજણથી રજૂ કરેલ છે)

(૧) માળા પહેરામણીની ક્રિયા કે મનોરથ વિશે કયાંય પણ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં કે નીજવાર્તા-ઘરૂવાર્તામાં કે કોઈપણ ગ્રંથોમાં કે ટીકામાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી-શ્રીગોકુલનાથજી-શ્રીહરિરાયજી-શ્રીપુરૂષોત્તમજી કે અન્ય પ્રાચિન ટિકાકાર જણાવતા હોય તેવું સ્પષ્ટ લખાણ મળતું નથી.

(૨) આ પ્રકાર ખાલી 'સૌરાષ્ટ્ર' માં જ છેલ્લા ૧૦૦ વર્ષથી પ્રચલિત હોય તેવું દેખાય છે. બીજે કયાંય પણ ગુજરાતનાં-મહારાષ્ટ્રનાં-

રાજસ્થાનનાં કે ઉત્તર પ્રદેશનાં વૈષ્ણવોમાં જોવા મળતો નથી. ત્યાંનાં વૈષ્ણવોને આ ક્રિયા કે પ્રકારની જાણકારી નથી. **જો આ સાંપ્રદાયિક પ્રકાર હોત, જેવો કે 'ભોગ ધરવા, ઝારીજી ભરવા, ઝાંપીજી કરવા... વગેરે' જે બધાને ખબર છે તેમ માળા પહેરામણીની પણ બધા વૈષ્ણવોને જાણ હોત.**

(૩) શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીનાં શબ્દો **'અબ ઘર જાય કે સેવા કરો'** - સેવામેં સાવધાનતા રાખીયો, 'અસમર્પિત ત્યાગ અન્યાશ્રય ત્યાગ જરૂરી હૈ' - વગેરેની જગ્યાએ એવા શબ્દો હોત કે,

- 'બ્રહ્મસંબંધ લીયો, અબ કુટુંબીજનકો સુચીત કરદો **કી તુમ્હારે અંત સમયકે બાદ 'માલા પહેરામની કરાવે'** જાસુ હી તુમ્હારો ઉદ્ધાર વ્હે જાયગો.' આવા વચનો ક્યાંય પણ નથી.

(૪) **"જો આવી ક્રિયા કરવાથી"** ગોલોકધામ કે સંસાર મુક્તિ મળતી હોત **તો સેવાના આગ્રહ માટે આટલા બધા ગ્રંથો લખવાની કે ટીકાઓ કરવાની પ્રાચીન આચાર્યો મહેનત જ ન કરત.**

(૫) જીવનું 'ગોલોકધામ' કે નિત્યલિલાસ્થ થવું તે - **નિસ્વાર્થ - નિરહેતુક - નિશચ્છલ ભક્તિનું ફલ છે, જે ભગવદ ઇચ્છા મુજબ જ મળે છે.** શાસ્ત્ર વિરૂદ્ધ જીવન જીવીને કરાતી ભક્તિનું ફલ તો આગળ સમજાવ્યા પ્રમાણે હીનયોનીથી લઈને 'નરકપાત' સુધીનું હોઈ શકે છે.

☞ સંપ્રદાય સારઃ સેવા-ભક્તિ કેવી હોવી જોઈએ - કેવી રીતે અને કયાં કરવી જોઈએ - કોણે કરવી જોઈએ એ બધાની ચર્ચા ભગવાને સ્વયં શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં (અધ્યાય-૯/શ્લોક ૨૬,૩૦,૩૧, ૩૪; ૧૪/૨૬, ૧૫/૧૯) કરી છે. શ્રીમહાપ્રભુજીએ તે ભક્તિનું સ્વરૂપ - તદ્દન શુદ્ધ સ્વરૂપે રજુ કર્યું છે - ભગવદ્ ઈચ્છા - ભગવદ્ લીલા - (નીજેચ્છાત્ કરિષ્યતી - તથૈવ તસ્ય લિલેતી)ના વિસ્તારમાં સમજાવી, તેને આચરણમાં ક્રમશઃ કેમ મુકવું, કેવી રીતે મુકવું તેની ચર્ચા વિચારણા આપશ્રીએ જુદી જુદી રીતે આપના રચેલા ગ્રંથોમાં, ટીકા વગેરેમાં કરી છે. જેની વાત અષ્ટસખાની વાણીમાં પ્રમાણ રૂપે જુદી જુદી જગ્યાએ મળે છે. ઉદાહરણ રૂપે, **પ્રિતમ પ્રિત હિતે પૈચે...**, આ પદમાં સ્પષ્ટ છે કે, **ગમે તેવા ઉચ્ચ કુળમાં જન્મ લીધો હોય,**

ગમે તેવા સત્કર્મ કર્યા હોય, સારા લક્ષણો હોય, વેદ પુરાણની જાણકારી હોય, પોપટની જેમ દિવસ રાત્રે સતત ભગવદ્ નામ લેતો હોય, તો પણ શ્રીઠાકોરજી સાનુભવતા નથી જણાવતા - પ્રિતમ પ્રિત હિતે પૈયે..., **(નહીં કે સ્વાર્થયુક્ત, ધંધાકિય, સિદ્ધાંત વિરૂદ્ધ આચરણ કરવાથી).**

જે ભક્તિને, શ્રીમહાપ્રભુજીએ વ્રજભકતોનાં સ્નેહ ભાવવાળી ક્રિયા સાથે પ્રાધાન્યતા આપી દશમીભક્તિ - પ્રેમલક્ષણા સ્વરૂપે સમજાવી. એટલે જ તો આપશ્રી માટે કિર્તનમાં ગાયું છે કે **'પ્રગટ વ્હે મારગ રીત દિખાચી - સેવા રિતી પ્રિતી વ્રજજનકી જનહિત જગ પ્રગટાઈ'** અને હરજીવનજીનું પદ 'જોંલો હરિ આપુનપોં ન જનાવે' માં સમજાવે છે,

શ્રીભાગવત અમૃત દધિ મથિકે શ્રીવલ્લભ સર્વોત્તમ,

કરિ આવરણ દૂરિ, નિજજન કે હાથ દિયે પુરૂષોત્તમ,

સેવા અરૂ શ્રૃંગાર વિવિધ રસ શ્રીવલ્લભ પ્રગટાયો,

કરિ કૃપા નિજ દૈવી જીવન પર હરજીવન સ્વાદ ચખાયો'

- આવા અનેક પ્રમાણો છે. જેમાં સ્નેહયુક્ત ભગવદ્ સુખાર્થે-નિઃસ્વાર્થ-નિરહેતુક-નિઃશ્છલ ભક્તિ કરવાનું જણાવ્યું છે.

શ્રીમહાપ્રભુજી ગ્રંથોમાં જણાવે છે કે, સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપઃ (ચતુશ્લોકી), કૃષ્ણ સેવા સદાર્કાયા (સિદ્ધાંતમુકતાવલી) વગેરે જેમાં ટીકાકારો **દશધાભક્તિને સેવા સમજાવે છે.** તેનાથી વિરૂદ્ધ થતી ભક્તિ, એ ક્રિયા માત્ર બની રહે છે, સેવાનું સ્થાન લઈ શકતી નથી. જેનો વિચાર શ્રીઠાકોરજીને શું પ્રિય છે ? અને સેવા સમર્પણ લેખમાં સત્સંગ રૂપે જોઈશું.

(નોંધ : અહીંયા કેટલીક વાતો પુનઃઉચ્ચરણ પામે છે, તેને દોષના રૂપમાં ન સમજી, ફરીફરી યાદ કરવાનાં (Re-reminder) રૂપે લઈ સત્સંગનો પ્રકાર સમજી લેવાથી અને તે પ્રમાણે આચરણમાં મુકવાથી એટલે ક્રિયા કરવાથી આપણા ભાવમાં જરૂર સુધારો થઈ તેવી અમારી - સંકલનકર્તાની માન્યતા છે.)

ભક્તિમાં જોવા મળતી વિભિન્નતાઓ

આગળ જોયું કે પીળો રંગ અને ભૂરો રંગ મેળવતા લીલો રંગ તૈયાર થાય છે. આ લીલા રંગમાં વિભિન્નતાઓ જે જોવા મળે છે તેનો આધાર પીળા રંગની અને ભૂરા રંગની ટકાવારી પર છે. આવું જ ભકિતમાં પણ બને છે. માટે જ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં ઘણી જગ્યાએ આ વાતનો સંકેત કે ઉલ્લેખ કરેલો છે. ઉદાહરણ રૂપે ૮૪ વૈષ્ણવોની વાર્તા ગોવિંદદાસ ભલ્લાની ક્રમાંક ૧૧-પ્રસંગ-૨માં, શ્રીગોકુલનાથજી જણાવે છે **'વા ક્ષત્રિય અહંકારીને સેવા છોડ દીની'**. અહીંયા ભકિતની વિભિન્નતાનો જ પ્રકાર તેમના જીવનચરિત્રમાં જોવા મળે છે. આવું દરેક વાર્તામાં એક યા બીજી રીતે વર્ણવેલું છે જે વિચારવાથી સમજી શકાશે.

ભક્તિના મુખ્ય નવ પ્રકાર અને તેની વિવિધતા સમજાવતા ગો. શ્રી નૃસિંહલાલજી મહારાજ ભક્તિનાં ૮૧ પ્રકારો બતાવે છે, અને તેમાં શ્રીમહાપ્રભુજીએ બતાવેલ પ્રેમલક્ષણાભક્તિ સર્વશ્રેષ્ઠ છે તેમ જણાવે છે.

આ ભક્તિની જે સ્વરૂપ વિવિધતા છે તે કયારે સમજાય ? આવો પ્રશ્ન ૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૩૦માં, **ગુજરાતનાં પુરુષોત્તમ જોશીએ** (શરણે આવતા પહેલા) શ્રીમહાપ્રભુજીને પૂછયો હતો. શ્રીમહાપ્રભુજીએ જવાબ રૂપે કહ્યુ કે, **"ભક્તિ કો સ્વરૂપ વર્ણન કરીયે તો પાર આવે નાહીં । પરંતુ કછુક તોકોં કહત હોં ।**"તબ ભક્તિવર્ધિની ગ્રંથ કરી ગ્યારહ શ્લોક પુરુષોત્તમ જોશી કો સુનાયે, સો યહ ઉત્તમ અધિકારી હૈ ।..... (વાર્તાનો ભાવપ્રકાશ વાંચવો) આમ આપણા માટે ભકિતની વિવિધતા સમજવા માટે, ભકિતવર્ધિની ગ્રંથ અને તેના ઉપર થયેલી ટીકાઓ માર્ગદર્શક બની રહે છે.

ભક્તિની આ બધી વિભિન્નતાઓને, ભક્તિમાર્ગના જુદા જુદા આચાર્યોએ જોઈ અને દરેકે પોતાના સંપ્રદાયમાં તેનું પ્રતિપાદન કર્યુ છે. શ્રીરામાનુજાચાર્યજીએ સાત્વિક ભકિતનું પ્રતિપાદન કર્યું છે, શ્રીમાધ્વાચાર્યજીએ રાજસ ભક્તિનું પ્રતિપાદન કર્યું છે, શ્રીવિષ્ણુસ્વામીએ તામસ ભક્તિનું પ્રતિપાદન કર્યું છે, **જ્યારે આપણા શ્રીમહાપ્રભુજીએ સર્વથી શ્રેષ્ઠ અને ઉત્તમ એવી નિગુર્ણભક્તિનું પ્રતિપાદન કર્યું છે.**

આ નિર્ગુણભક્તિ સર્વથી શ્રેષ્ઠ એટલા માટે બને છે, કેમકે સાત્વિક, રાજસ અને તામસ ભાવોને પોતાનામાં **સંચારી ભાવો તરીકે અંદર વણી લે છે.** બીજા ભાવોમાં આવી સંચારીતા આવવી મુશ્કેલ છે. ઉદાહરણ રૂપે જેમ લાલ રંગ ને પીળા રંગમાં ભેળવવામાં આવે ત્યારે તેઓ પોતાનો મૂળ રંગ ખોઈ બેસે છે. **જ્યારે પાણી આ અર્થમાં નિર્ગુણ છે. જેમાં જે રંગ જ્યારે મેળવવામાં આવે છે ત્યારે તે રંગ પોતાની અસલીયત ગુમાવી દેતો નથી.** ઉદાહરણ રૂપે સમજીયે ૮૪ વૈ.વાર્તા ક્ર. ૧૧માં શ્રીગોકુલનાથજી જણાવે છે, વા ક્ષત્રિય અહંકારીને સેવા છોડ દીની. અહંકારએ દોષ છે, પરંતુ તેમણે કરેલી નિર્ગુણ ભક્તિના ફલ સ્વરૂપે શ્રીમહાપ્રભુજી જણાવે છે મારી આજ્ઞા ન માની તેથી હત્યા થઈ છે. પરંતુ તેના પરલોકમાં (નિત્યલીલામાં) કોઈ હાનિ થઈ નથી. (વાર્તામાં પ્રસંગ-૨ અને તેનો ભાવ પ્રકાશ વાંચવો).

શ્રીમહાપ્રભુજી નિર્ગુણભાવવાળી ભક્તિને પ્રાધાન્યતા આપીને એજ સમજાવે છે કે, આ પ્રકારની ભક્તિ ઉત્તમ છે જેમાં બીજા બધા ભાવો સંચારી ભાવ બનીને પોતાનું મુળ તત્વ ખોયા વગર જોડાઈ શકે છે. **આમ નિર્ગુણભાવવાળી ભક્તિમાં, પાણીના જેવી પારદર્શિતા, સમર્પણની તત્પરતા, બધાને સમાવી લેવાની અને તેને જ અનુકુળ થવાની ક્ષમતા છે.**

તેથી જ ભક્તિ માટે શ્રીમહાપ્રભુજી કોઈ એક ભાવને પ્રાધાન્યતા નથી આપતા કે આગ્રહ ન રાખતા ચતુષ્લોકી ગ્રંથમાં જણાવે છે "**સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધીપઃ**" સંપ્રદાયમાં આવી "**નિર્ગુણભાવવાળી ભક્તિનું પ્રતિક ફૂલ સ્વરૂપે - કમળનાં ફૂલને બતાવેલું છે,** અને તેથી જ નિર્ગુણભક્તિનાં પ્રતિકરૂપે કમળના માળાજીને, શ્રીને ધરવામાં આવતા શૃંગારમાં સ્થાન આપેલું છે. જ્યારે ગુંજામાળામાં ચારેય પ્રકારની ભક્તિનું પ્રતિક વિચારવામાં આવેલું છે. ઠાકોરજીને જયારે (છેલ્લે) ગુંજામાળા ધરવામાં આવે ત્યારે એ વિનંતી વાળો ભાવ મનમાં કરવાનો હોય છે કે, **મને મારો ભાવ કયો છે ? તે ખબર નથી.** પરંતુ આપને (શ્રીઠાકોરજીને) ખબર છે, તો આજનાં શૃંગાર તે ભાવથી આપ અંગીકાર કરશો. અર્થાત ચારે ભાવોમાંથી જે ભાવ આપને યોગ્ય લાગે તે ભાવથી આપ આ શૃંગાર, અંગીકાર કરજો. એવી જ રીતે ઉત્સવના દિવસે ભારી શૃંગાર સાથે કમળમાળા શ્રીઠાકોરજીને અવશ્ય આવતી હોય છે. **આ કમળમાળા નિર્ગુણભક્તિનું પ્રતિક છે. જે શ્રી યમુનાજીન ભાવથી ધરવામાં આવે છે, કેમકે શ્રી યમુનાજી નિર્ગુણભક્તિના સ્રોત છે.**

આ કમળનું ફૂલ નિર્ગુણભકિતના પ્રતિક રૂપે એટલા માટે સ્વિકાર્ય બન્યુ છે, કેમકે તે કાદવની વચ્ચે જન્મે છે, તે કાદવવાળા પાણીની બહાર આવી તેનાથી લપેટાયા વગર - સૂર્ય પ્રકાશ સાથે સંબંધ બાંધી ખીલે છે, સુગંધિત થાય છે અને સાથે પ્રકૃતિને, તે તળાવને કે સરોવરને સુશોભિત કરે છે. **આવું જ સર્વશ્રેષ્ઠ નિર્ગુણભકિતનું છે.** માટે શ્રી ગુંસાઈજી, સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીને **ભકિતમાર્ગાબ્જ માર્તંડ** કહે છે. (માર્તંડ એટલે **સૂર્ય** અને અબ્જ એટલે **કમળ**) અર્થાત શ્રીમહાપ્રભુજી આ ભક્તિમાર્ગના માર્તંડ એટલે સૂર્ય છે જેના પ્રકાશમાં (વચનામૃતો-સિદ્ધાંતોમાંજ) આ (બ્રહ્મસંબંધી જીવમાં) ભક્તિરૂપી કમળ ખીલે છે, સુગંધિત થાય છે. વાતાવરણને (જીવન-સંસારને) સુશોભિત કરે છે.

શ્રીગુંસાઈજીનાં **ખવાસ ગોવિંદદાસજીએ** શ્રીગુંસાઈજીએ સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ વર્ણવ્યા છે. તેના ઉપર ૧૦૮ પદો રચ્યા છે. તેમણે (ગોવિંદદાસજીએ), આ નામનાં પદમાં **દૈવીજીવોને કમળ જેવા** જ બતાવે છે., તેમણે પદમાં ગાયું છે.

“ભક્તિ માર્ગાબ્જ માર્તંડ અવની ઉદય જાની
જીવ - દૈવીજન - કમલ સબ ફૂલે”

અર્થાત્ નિર્ગુણભાવરૂપી ભક્તિનાં કમળ દૈવીજીવોનાં હૃદયમાં ખીલવવાવાળા શ્રીમહાપ્રભુજી, માર્તંડ (સૂર્ય) છે, તેમનું પ્રાકટય થવાથી દૈવીજનોને આનંદ થયો છે.

જેમ કમળની કળી કાદવમાંથી નીકળી પાણીની ઉપર આવી, અને સૂર્ય સન્મુખ થાય છે ત્યારે સૂર્ય તેને ખીલવવાનું - સુગંધીત કરવાનું અને સુશોભિત કરવાનું કાર્ય કરે છે. તેમ, **બ્રહ્મસબંધી જીવ જ્યારે દંભ-દર્પ-સ્વાર્થ-લાભ-પૂજા વગેરેના કાદવમાંથી બહાર આવી** - સંસારાસક્તિનાં પાણીની ઉપર આવી શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતો અને સિદ્ધાંતોની સન્મુખ થાય છે. ત્યારે જ શ્રીમહાપ્રભુજી **ભક્તિમાર્ગાબ્જ માર્તંડ** એ બ્રહ્મસંબંધી જીવને ખીલવવાનું, સુગંધીત કરવાનું, સુશોભિત કરવાનું કાર્ય કરે છે. અને સેવા સ્મરણ દ્વારા તે જીવ, **દાસ્યભક્તિની સુગંધ** શ્રીઠાકોરજીને સર્મપી શકવા સક્ષમ બને છે.

બીજા બધા માર્ગમાં પહેલા સાધનરૂપા ભકિત કરવાથી ફલ સ્વરૂપે ભગવાન મળે છે. જ્યારે શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં આપશ્રીએ બતાવેલા

પુષ્ટિભક્તિ માર્ગમાં પહેલા ફલ સ્વરૂપ શ્રીઠાકોરજી પધારે છે, ત્યારે બાદ જીવે ભક્તિ કરવાની છે. કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગમાં શાસ્ત્રની મર્યાદામાં સમજાવેલ ક્રિયા-ભક્તિ, એ સારવાર કે ચિકિત્સા બને છે, **જ્યારે શ્રીમહાપ્રભુજીનાં મતે પુષ્ટિભક્તિ જે નિગુર્ણભાવ પર અવલંબિત છે, જેમાં સ્વાસ્થ્ય વધારે હોવાથી ચિકિત્સા ઓછી છે.** એટલે કે બ્રહ્મસંબંધી જીવ માટે પુષ્ટિભક્તિ એ સહજ છે, જેમ સ્વસ્થ હોવું-સ્વાસ્થ્ય હોવું એ સહજ છે તેમ. જ્યારે બ્રહ્મસબંધી જીવમાં અસ્વસ્થતા આવી જાય કે, તેની પુષ્ટિભક્તિમાં અસ્વસ્થતા આવી જાય ત્યારે શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતો અને સિધ્ધાંતોથી ચિકિત્સા અનિવાર્ય બની જાય છે, નહીં તો તે બ્રહ્મસંબંધી જીવ અસ્વસ્થ બની બર્હિમુખ થઈ જાય છે.

સ્વાસ્થ્ય એટલે શું ? સ્વાસ્થ્ય એટલે પોતાની જે મૂળ હકિકત છે અને પોતાનું જે મૂળ સ્વરૂપ છે તેમાં સ્થિર રહેવું તે સ્વાસ્થ્ય. દરેક પુષ્ટિમાર્ગીય જીવનું સ્વરૂપ અને દરેક પુષ્ટિમાર્ગીય જીવની હકિક્ત, જુદી જુદી હોઈ શકે છે. પણ તે દરેક પુષ્ટિર્માગીય જીવે પોતાનાં સ્વરૂપમાં અને હકિકતમાં **(એટલે કે તે બ્રહ્મસબંધી છે અને તેનું કર્તવ્ય શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પાલનનું છે તેમાં)** તે જીવે સ્વસ્થ રહેવું જ જોઈએ. ઉદાહરણ રૂપે સુંદર દેખાવડી છોકરી હોય પણ તેને જો દાઢી-મુછ ઉગવા માંડે કે, તેનો અવાજ જાડો થઈ જાય તો તે અસ્વસ્થ ગણાય. તેવી જ રીતે કોઈ છોકરો જેનું શરીર-બંધારણ સરસ સુડોળ હોય, મજબૂત બાંધો હોય પણ જો તેની બોલવા ચાલવાની રીતભાત સ્ત્રી જેવી હોય તો તે પણ અસ્વસ્થ છે. **આવી અસ્વસ્થ વ્યકિતઓ માટે ચિકિત્સા જરૂરી છે.**

તેવી રીતે દરેક બ્રહ્મસબંધી જીવ માટે પુષ્ટિભક્તિ એ સ્વાસ્થ્ય છે, જે આપણી જીવન પ્રણાલી છે. તેનો આગ્રહ મૃત્યુ પર્યંત રાખવો તે જીવનું કર્તવ્ય છે. આ પુષ્ટિભક્તિ સ્વાસ્થ્ય પ્રદાન કરનારી કયારે હોઈ શકે છે ? જ્યારે તે જીવ દ્વારા થતી કે કરાતી ભક્તિ શ્રીમહાપ્રભુજીનાં વચનો-શાસ્ત્રોનાં વચનોથી **સુગંઠીત હોય ત્યારે.**

એટલે કે બ્રહ્મસંબંધી જીવ સમર્પણ અંતર્ગત અહંતા-મમતાના કાદવમાંથી નીકળી સંસારસક્તિનાં પાણીથી ઉપર-બહાર આવી, **સેવા પોતાના ઘરમાં - પોતાના ઠાકોરજી સાથે, તનુવિત્તજાથી (પોતાના તન અને પોતાના વિત્તથી જ) સર્વસ્વ સમર્પણ દ્વારા ભગવદ્ સુખાર્થે, દશધા પ્રકારે, કોઈ પણ જાતનાં સ્વાર્થ વગર, પ્રદર્શન વગર, દંભ વગર-નિર્હેતુક કરે ત્યારે.**

માટે જ દયારામ ભાઈ "નિશ્ચયના મહેલમાં વસેમારો વાલમો" માં કહી રહ્યા છે, **શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું રે, દૈવી તે જીવ પ્રતી દયો ગાયે જીરે..**

સંપ્રદાય અંતર્ગત જુદા જુદા ભક્તો દ્વારા થતી ભક્તિમાં જુદી જુદી વિભિન્નતાઓ જોવા મળે છે. **આ વિભિન્નતાના મુખ્ય ત્રણ કારણો છે. (૧) સ્વભાવભેદ (૨) ગુણભેદ અને (૩) માર્ગભેદ.** જે વિગતવાર જોવાથી આપણને ખબર પડશે કે કરેલી ભક્તિમાં જે વિભિન્નતાઓ જોવા મળે છે તે ઉપરના કારણો સાથે, **શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલા ભકિતનાં ચાર પ્રકારો, સાત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ સાથે છે.**

(૧) સ્વભાવભેદઃ સ્વભાવભેદ એટલે સૃષ્ટિની શરૂઆતથી જ, ભગવાન જીવોને પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ આમ જુદા-જુદા સ્વભાવોવાળા બનાવી દે છે. આથી જ આવા ભિન્ન-ભિન્ન સ્વભાવોવાળા જીવો દ્વારા કરાતી ભક્તિનું સ્વરૂપ પણ વિભિન્નતાવાળું થઈ જાય છે.

દા.ત. પુષ્ટિ સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ સ્નેહપૂર્વક સેવાવાળી હોય છે. મર્યાદા સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ શાસ્ત્રના વિધિ-વિધાનોના પ્રાધાન્યવાળી અને મોક્ષ મેળવવા માટેના સાધનરૂપે હોય છે. જ્યારે પ્રવાહી સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ લૌકિક કે પારલૌકિક એવા ક્ષુદ્ર ફળો મેળવવાના સ્વાર્થવાળી હોય છે.

આ પ્રકારે સ્વભાવભેદના કારણે થતી ક્રિયા દ્વારા ભક્તિના સ્વરૂપમાં પરિવર્તન આવી જાય છે.

(૨) ગુણભેદઃ ગુણભેદ એટલે ત્રણ પ્રકારના ગુણો જીવમાં રહેલા છે, સત્વ, રજસ્ અને તમસ્ દરેક કાર્ય કરતાં તે ગુણ પ્રગટ થાય છે, જે ગુણ વધારે પ્રમાણમાં દેખાય તે પ્રમાણે તેના દ્વારા થતી દરેક ક્રિયા સાત્વિક, રાજસી અને તામસી પ્રકારની ગણાય છે. અને આ ક્રિયાને લીધે જીવની પ્રકૃતિ પણ સાત્વિક, રાજસી અને તામસી પ્રકારની થઈ જતી હોય છે. જેનો ભાવ તેની ભક્તિમાં પણ એક યા બીજી રીતે પ્રગટ થઈ જતો હોય છે.

(૩) માર્ગભેદઃ શાસ્ત્ર માર્ગના ત્રણ ભેદ, પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા પ્રકારના બતાવે છે આ માર્ગના ભેદને લઈને ભક્તિ કરતા જે માર્ગ ઉપર જીવ ચાલે છે, તે પ્રમાણે ભક્તિના સ્વરૂપમાં ભિન્નતા આવે છે આ ભિન્નતા માર્ગભેદ ઉપર આધારિત છે.

પુષ્ટિમાર્ગ સ્નેહ પ્રધાન ભક્તિનો ઉપદેશ કરે છે જે કેવળ પ્રભુની કૃપાથીજ પ્રાપ્ત થાય છે. જ્યારે મર્યાદામાર્ગ ભક્તિમાં શાસ્ત્રના વિધિ-વિધાનોને પ્રમુખતા આપે છે. આથી પુષ્ટિમાર્ગની ભક્તિ સ્નેહ પ્રધાન હશે જ્યારે મર્યાદામાર્ગીની ભક્તિ શાસ્ત્રના વિધિ-વિધાનોની પ્રમુખતાવાળી હશે. જ્યારે પ્રવાહી સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ લૌકિક કે પારલૌકિક એવા ક્ષુદ્ર ફળો મેળવવાના સ્વાર્થવાળી હોય છે.

ભક્તિના ઉપદેશક કેટલાક આચાર્યો ભક્તિને મુક્તિનો ઉપાય કે સાધન માનીને ભક્તિ કરવાનું કહે છે જ્યારે શ્રીમહાપ્રભુજીતો ભક્તિ કરવી તે જ મુક્તિ છે આથી ભક્તિ ખાતર જ ભક્તિ કરવી જોઈએ તેવો ઉપદેશ કરે છે. આમ, આપણે સમજી શકીએ છીએ કે આચાર્યોની ભિન્ન-ભિન્ન માન્યતાઓને કારણે પણ ભક્તિના સ્વરૂપમાં વિવિધતા જોવા મળે છે.

શ્રીમદ્‌ભાગવતમાં ઉપર જણાવેલ આ ત્રણે ભેદોના કારણે, એટલે કે સ્વભાવભેદ, ગુણભેદ અને માર્ગભેદના કારણે દરેક ભક્તિના મુખ્યત્વે ચાર પ્રકારો વર્ણવાયા છે.

(૧) સાત્વિક ભક્તિ (૨) રાજસ ભક્તિ (૩) તામસ ભક્તિ અને (૪) નિર્ગુણ પુષ્ટિ ભક્તિ.

ટૂંકમાં, આ ચારેય ભક્તિ, શ્રીમદ્ ભાગવતના અનુસંધાનમાં નીચે પ્રમાણે સમજી શકાય.

(૧) **સાત્વિકભક્તિઃ** પાપોના નાશમાટે, કર્મફળને અર્પણ કરવા માટે કે અનિવાર્ય કર્તવ્યરૂપ સમજીને કરવામાં આવતી ભક્તિને 'સાત્વિકભક્તિ' કહેવામાં આવે છે.

(૨) **રાજસભક્તિઃ** ધન-સમ્પત્તિ, સ્વર્ગ વગેરે ઉત્તમ લોક, કીર્તિ કે ઐશ્વ (શક્તિ) મેળવવા માટે કરવામાં આવતી ભક્તિને 'રાજસભક્તિ' કહેવામાં આવે છે.

(૩) **તામસભક્તિઃ** કોઈનું અહિત-બુરું થાય એવી ભાવના રાખ ઈર્ષ્યાપૂર્વક કે ભક્તિનો ડોળ કરી બીજા લોકોને ઠગવા માટે કરવામ આવતી ભક્તિને 'તામસભક્તિ' કહેવામાં આવે છે.

(૪) **નિર્ગુણ-પુષ્ટિભક્તિઃ** કોઈપણ પ્રકારના ફળ મેળવવાની કામના રાખ્ય વિના પુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં સતત મન પરોવીને પ્રેમ પૂર્વક તેમનાં સુખાર્થે સેવા કરવી તેને 'નિર્ગુણ-પુષ્ટિભક્તિ' કહેવામાં આવે છે.

આપણા સદ્ભાગ્યથી આ બધી વાતો ભક્તકવિ દયારામભાઈએ (૧) ભક્તિ પોષણ (૨) ભક્તિ વિધાન (૩) ભક્તિ દ્દઢાવ (૪) ભક્તિ દ્દઢાવનો ગરબો (૫) હરિભક્તિ ચંદ્રિકા (૬) હરિદાસ મણીમાળા (૭) પુષ્ટિપથમર્મ (૮) પુષ્ટિપથસાર (૯) પુષ્ટિભક્ત માલિકા વગેરે કાવ્યો રચીને **આપણી સરળ ભાષામાં દ્રષ્ટાંત સાથે સમજાવ્યું છે.** આ બધામાં ભક્તિ પોષણ ગ્રંથ, ભક્તિના શાસ્ત્ર જેવો છે. આમ આપણી ક્રિયાઓ કઈ ભકિતમાં કેવા સ્વરૂપ સાથે જોડાય છે તે પ્રમાણે ફલસ્વરૂપે પ્રગટ થાય છે, તે સમજાયું હશે.

☞ **સાર :** આ દરેક ભક્તિ નવપ્રકારે (શ્રવણ, કિર્તન, સ્મરણ, સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન) થતી હોવાથી તેને નવધાભક્તિ કહેવાય છે. શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તિ સંપ્રદાય અંતર્ગત આ નવધાભક્તિ કેવી રીતે કરવી તે ૨૫૨ વૈષ્ણવોની વાર્તા - નાગજીભટ્ટની વાર્તા-૧ પ્રસંગ-૪ માં નાગજીભટ્ટને શ્રીગુસાંઇજી સમજાવે છે. અને જણાવે છે કે આ નવધાભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ અંતર્ગત જ કરવી જોઈએ. આ ભક્તિમાં દોષ સંગ-ખાનપાન ઈત્યાદિથી આવતા હોય છે જેનું વર્ણન અને ઉપાય 'સિદ્ધાંત રહસ્યમ્ ગ્રંથમાં' શ્રીમહાપ્રભુજી સમજાવે છે.

(**શ્લોક :** સહજા દેશ કાલોત્થાઃ ....ન નિવૃત્તિ કથંનચન્
ઉપાયઃ અસમર્પિત વસ્તુનામ તસ્માત્ વર્જનમ્ આચરેત.)

એટલે અસમર્પિતનો ત્યાગ બ્રહ્મસંબંધી જીવ માટે આવશ્યક છે. તોજ બધા દોષ નિવૃત્ત થાય છે.

શ્રીમદ્ભાગવતમાં (૧૧/૬/૪૬), શ્રીઉદ્ધવજી જણાવે છે કેઃ

ત્વયોપભુક્તસ્રગ્ગન્ધ વાસોલંકાર ચર્ચિતાઃ।
ઉચ્છિષ્ટ ભોજીનાં દાસાસ્તવ માયાં જયેમહિ ॥૪૬॥

માટે શ્રી મહાપ્રભુજી બ્રહ્મસબંધી જીવોને સમર્પિત લેવાનું જણાવે છે, આવો પ્રસાદ (અધરામૃત - ઉચ્છિષ્ટ) લેવાથી ક્રમશઃ ફલ સ્વરૂપે જીવની સંસારાસક્તિ છુટી જાય છે. એટલે કે માયાને તરી જાય છે. અને ભગવદાસક્તિ વધે છે. શાસ્ત્રોની અને ભાગવતની આ બધી વાતોને ધ્યાનમાં રાખીને જ શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ આપી જીવને દાસ બનાવી નિવેદન કરાવી, સમર્પિત જ લેવાનું સમજાવ્યુ છે. તેમાંજ બ્રહ્મસંબંધી મનુષ્યજન્મની સાર્થકતા રહેલી છે.

શ્રીઠાકોરજીને પ્રિય શું છે? ⁕

(⁕ આ લેખ **'વૈષ્ણવ પરિવાર'**માં ક્રમશઃ સ્વરૂપે આવ્યો હતો વૈષ્ણવોની ઈચ્છા સળંગ લેખ મળે તેવી હોવાથી અને 'પુષ્ટિ અસ્મિતા વર્ધક' લાગવાથી **'પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન'**માં વણી લીધો છે).

અત્યાર સુધી ભકિત વિશે જાણકારી મેળવી આ ભકિત કેવી રીતે આચરણમાં મુકવામાં આવે તો આપણા સેવ્ય સ્વરૂપને સુખદ બની શકે? આ સમજવા માટે શ્રીઠાકોરજીને પ્રિય શું છે? તે જાણવું જરૂરી છે **આનાથી વિરુદ્ધ થતું આપણું વર્તન ઠાકોરજીને અપ્રિય લાગશે જેનો વિચાર આપણે આપણી બુધ્ધિથી કરવો પડશે.**

૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૨ કૃષ્ણદાસ મેઘનના પ્રસંગ – ૫ માં આ ચર્ચા શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનજીએ પુછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કરી છે તેમાં **શ્રીમહાપ્રભુજીનો સ્પષ્ટ હેતુ બ્રહ્મસંબંધી જીવોને છે કે, શ્રીઠાકોરજીને શું પ્રિય છે? તે વિશે માર્ગદર્શન આપવાનો છે.**

લૌકિક વ્યવહારમાં એવું જોવામાં આવે છે કે, મા–દીકરીને એવી રીતે કહે કે ઘરમાં આવેલી નવી વહુ તે સાંભળે, અને તેને ખબર પડી જાય કે, મારે કેવું વર્તન રાખવાનું છે. અર્થાત્ મા–દીકરીને કહે અને સમજણ વહુને અપાઈ જાય તે ન્યાયથી. અહીંયા શ્રીમહાપ્રભુજી આ વાત કૃષ્ણદાસ મેઘનને જણાવે છે અને આપણને સમજણ આપે છે. આ રીતે જો આપણે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં કે શ્રીમહાપ્રભુજીનાં શ્રીગુસાંઈજીનાં ગ્રંથોમાં આવતા વચનોને શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીના ભાવપ્રકાશ સાથે સમજીશું તો આપણામાં વધુ દૃઢતા આવશે, જો દૃઢતાથી આચાર શુદ્ધતા સાથે જીવન જીવવામાં આવે તો આપણે પણ શ્રીઠાકોરજીનાં પ્રિય પાત્ર બની શકીશું.

અહિંયા કૃષ્ણદાસ મેઘન, શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કરે છે (વાર્તા વાંચવી), *'ઔર એક સમે શ્રીઆચાર્યજી સોં કૃષ્ણદાસને પ્રશ્ન પૂછ્યો, જો મહારાજ! શ્રીઠાકોરજી કોં પ્રિય વસ્તુ કહા હૈ?'* તેના અનુસંધાનમાં શ્રીમહાપ્રભુજી પ્રત્યુત્તર આપે છે તે જોઈએ.

તાકો પ્રત્યુત્તર શ્રીઆચાર્યજી કહત હૈ 'જો શ્રીઠાકોરજી ઉત્તમ તે ઉત્તમ[A] વસ્તુ કો ભોક્તા હૈ । પરંતુ ગોરસ[B] અતિ પ્રિય હૈ । ગોરસ શબ્દેન બાણી[C] કહિયત હૈ । તાકો ભાવ અનિર્વચનીય[D] હૈ । ઔર સબન તેં ભક્ત કો સ્નેહમય પ્રભાવ[E] અતિ પ્રિય હૈ । જાતેં ભક્તવત્સલ[F] કહવાવત હૈં ।'

શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘનજીના પ્રશ્નનું સમાધાન **બ્રહ્મસંબંધી શરણસ્થજીવોને પુષ્ટિભક્તિ માર્ગમાં ચાલવા માટે કેવું દિશા-સૂચન (નીચે સમજાવેલ ૧, ૨, ૩ પ્રમાણે) કરે છે, તે જોઈએ.**

(૧) વૈષ્ણવે કેવી રીતે શ્રીઠાકોરજીની સેવામાં પ્રવૃત રહેવું, જેથી શ્રીઠાકોરજીને તે પ્રિય બની શકે?

(૨) શ્રીઠાકોરજીની કૃપાનાં અધિકારી બનવા વૈષ્ણવે કેવું આચરણ કરવું જોઈએ?

(૩) જે વૈષ્ણવ આ સંપ્રદાયમાં બ્રહ્મસંબંધી છે તેની પાસેથી શ્રીમહાપ્રભુજી કેવી અપેક્ષા રાખી રહ્યા છે?

(વચનામૃતમાં આવેલા મુખ્ય શબ્દો A, B, C, D, E અને F જ્યારે સમજીશું ત્યારે શ્રીમહાપ્રભુજીનો આશય, બ્રહ્મસંબંધી જીવે શું કરવું જોઈએ તે જાણી શકાશે.)

☞ વિચારણીયઃ અહિંયા જે સૂચનો છે તે **શરણસ્થજીવોને સંપ્રદાયમાં ચાલવા માટે માર્ગદર્શક બની શકે છે. કેમકે, શરણે આવેલો જીવ જે 'સહસ્ર પરિવત્સરોથી' ભગવાનથી વિખૂટો પડી ગયેલ હોવાથી ભગવાનને શું પ્રિય છે ? તે સ્વાભાવિક છે કે ભુલી ગયો હોય** - તેને ટકોર કરીને શ્રીમહાપ્રભુજી 'દિશા સૂચન' કરી રહ્યા છે કે, શ્રીઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ[A] વસ્તુ જ પ્રિય છે, માટે શ્રીઠાકોરજીની સેવામાં એવી જ સામગ્રીનો વિનિયોગ કરવો જે સૌથી ઉત્તમ હોય. આમ (૧) સામગ્રી ગુણવત્તામાં ઉત્તમ હોવી જોઈએ. (૨) તે સામગ્રી ખરીદવા વપરાતું દ્રવ્ય ઉત્તમ હોવું જરૂરી છે. (૩) સેવા ઘરમાં જયાં થાય છે તે જગ્યા આખા ઘરમાં ઉત્તમ હોવી જોઈએ, (૪) સેવામાં જે જોડાય છે તે વ્યક્તિનો ભાવ ઉત્તમ હોવો જોઈએ, (૫) સેવાની રીત-પ્રકાર....... વિગેરે, જે ઘરના સંજોગો પ્રમાણે, રહેણી કરણી પ્રમાણે, આવક પ્રમાણે, ઋતુ કાળ

અને સમય પ્રમાણે..... વગેરે દરેક રીતે, ઉત્તમમાં ઉત્તમ હોવા જોઈએ.

સેવાની દરેક સામગ્રી ઉત્તમ કયારે બને? (૧) શાસ્ત્રોકત શુદ્ધ, પોતાના કમાયેલા દ્રવ્યની હોય ત્યારે, શાસ્ત્ર નિષેધ વ્યાજના દ્રવ્યની ન હોય, માંગીને, છળકપટ કરીને, કોઈને અપ્રસન્ન કરીને, શરમમાં નાંખીને ન લીધેલી હોય ત્યારે. (૨) શાસ્ત્રોક્ત રીતે ઉત્તમ હોવી જોઈએ, ફૂંક ન મારવી જોઈએ, થૂંક ન ઉડવું જોઈએ, અન્યની દ્રષ્ટિ ન પડવી જોઈએ, દીકરીના ઘરની કે દાનમાં અપાયેલા દ્રવ્યની ન હોવી જોઈએ... વિગેરે.

ઉત્તમ દ્રવ્ય માટે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જે દ્રવ્ય, શાસ્ત્રની મર્યાદામાં રહી નીતિ–નિયમથી મેળવેલું હોય, અને પોતાની સત્તાનું હોય તે ઉત્તમ દ્રવ્ય છે. આવા દ્રવ્યથી ખરીદાયેલી ઉત્તમ સામગ્રી શ્રીઠાકોરજીને પ્રિય બને છે. આવી ઉત્તમ સામગ્રીનાં જ શ્રીઠાકોરજી ભોક્તા છે. (અર્થાત આનાથી વિરુદ્ધ પ્રકારની સામગ્રી શ્રીઠાકોરજીને અપ્રિય લાગે છે)

પણ જો સામગ્રી લેવા વપરાયેલું દ્રવ્ય કનિષ્ટ હોય તો તે સામગ્રી શ્રીઠાકોરજી અંગીકાર કરતાં નથી. શાસ્ત્રના મત મુજબ, ચોરી કરીને, જૂઠું બોલીને, કોઈપણ પાસેથી માંગીને, છીના–ઝપટી કરીને લીધેલું દ્રવ્ય, કલેશ ઉત્પન્ન કરેલું દ્રવ્ય, દીકરીનું દ્રવ્ય વગેરે **કનિષ્ઠ કોટીનાં ગણાય છે.** લૌકિક વ્યવહારથી, વર્તનથી, વાણીથી, કોઈને શરમમાં નાંખીને લેવામાં આવેલ દ્રવ્ય સંસારાસક્તિ વધારનારું બને છે. **આવા દ્રવ્યથી બનાવેલી સામગ્રી ભલેને કેસર–કસ્તુરી–અંબર–બદામ–પિસ્તા–ઈલાયચીથી ભરેલી હોય પણ તે શ્રીઠાકોરજીને અપ્રિય છે.** એટલું જ નહિ પણ તે સામગ્રી શ્રીઠાકોરજી આરોગતા પણ નથી. જે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં વિવિધ ઉદાહરણોથી જોઇશું.

પ્રસંગ-૧: શ્રીગુંસાઈજીની સેવકની કિશોરીબાઈની, ૨૫૨ વૈષ્ણવમાં વાર્તા ૨૦૯/પ્રસંગ-૨, માં આવે છે કે, કિશોરીબાઈ રૂ કાંતીને ગુજરાન ચલાવતા. એકવાર કોઈ વૈષ્ણવ, કિશોરીબાઈને સામગ્રી પધરાવે છે અને પોતાના પૈસાની સામગ્રી સાથે તે વૈષ્ણવની સામગ્રી પણ શ્રીઠાકોરજીને ધરાવે છે. **રોજ દર્શન આપીને આરોગતા ઠાકોરજી, તે દિવસે દર્શન નથી આપતા,** અને અનમના (અપ્રસન્નતામાં) બિરાજે છે. બહુ મનુહાર (વિનંતી-આજીજી) કરીને કિશોરીબાઈ પૂછે છે ત્યારે શ્રીઠાકોરજી જણાવે છે

કે *જો તેને મેરે લિયે સામગ્રી ક્યોં લીની? સો હમ કૈસે આરોગે?*

આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે, *યામે યહ જતાએ, જો વૈષ્ણવ કો ઔરકી સત્તાસામગ્રી અપને શ્રીઠાકોરજી કોં અરોગાવની નાહીં ઔર કછુ વૈષ્ણવપે તેં લેકે શ્રીઠાકોરજી કો વિનિયોગ ન કરાવનો। સો શ્રીઠાકોરજી અંગીકાર ન કરે।* આમ, કોઈ પણ વૈષ્ણવે, કાંઈ પણ, સેવા માટે કોઈની પાસેથી લેવું ન જોઈએ કેમકે, તે ઉત્તમ પ્રકાર ન હોવાથી ઠાકોરજીને અપ્રિય લાગે છે તેથી અંગીકાર કરતાં નથી. આ બને છે શ્રીમહાપ્રભુજીના પુષ્ટિભક્તિસંપ્રદાયનો સિદ્ધાંત. હવે આપણે વિચારીયે કે જયાં સેવા માટે ભેટ સામગ્રી લેવાય છે કે અપાય છે ત્યાં શ્રીઠાકોરજી અંગીકાર કરે ખરા? (આ બધાની વિસ્તાર પૂર્વક ચર્ચા સંકલન ૧ માં કરી છે.)

પ્રસંગ-૨: જુઓ ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક-૭ રામદાસજી સારસ્વત બ્રાહ્મણ પ્રસંગ-૧ માં રામદાસજીને દ્રવ્યનું અભિમાન છે અને જરૂરત વાળા એવા તાંતીને (વણકરને) પૈસાની મજબૂરી હોવાથી ઉંચા વ્યાજે ધિરાણ કર્યું છે તો, તેવા વ્યાજનાં દ્રવ્યથી થતી સેવા પણ શ્રીઠાકોરજીને અપ્રિય લાગે છે. (વાર્તા વાંચવી)

ઉત્તમ દ્રવ્ય માટે શાસ્ત્ર સમજાવે છે કે તેવું દ્રવ્ય જે નીતિથી કમાયેલું હોય અને કોઈને પણ ત્રાસ આપ્યા વગર કમાયેલું હોય. જયારે કનિષ્ઠ દ્રવ્ય એટલે અણહકનું હોય, માંગીને લીધેલું હોય, દાનમાં આપેલું પાછું લીધેલું હોય, કોઈને ત્રાસ આપીને કે વધુ વ્યાજ લઈને લીધું હોય, શાસ્ત્ર વિરુદ્ધ–નિષેધ પદાર્થોના ધંધામાં કમાયેલું હોય (જેવાકે, તમાકુ, દારુ, જુગાર, માંસ, ઈંડા, જીવ હિંસા ઈત્યાદિનો વેપાર)....વગેરે. આવા દ્રવ્યથી થતી સેવા શ્રીઠાકોરજી અંગીકાર કરતાં નથી. શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતમુકતાવલી ગ્રંથમાં: **કૃષ્ણ સેવા સદાકાર્યા...... તત્સિદ્ધયૈ તનુવિત્તજા,** જણાવે છે. ટીકાકારો તે વિશે સમજાવે છે કે, તમારું પોતાનું જાતે કમાયેલું શાસ્ત્ર શુદ્ધ દ્રવ્ય હોય તો જ, શ્રીઠાકોરજી સેવામાં અંગીકાર કરે છે.

રામાયણનો પ્રસંગ છે, જનક રાજાએ તેમના સેનાપતિને અયોધ્યા દશરથરાજા પાસે સ્વયંવરમાં વિજયી થયેલા રામચંદ્રજીના વિવાહના શુભ સમાચાર આપવા મોકલ્યા છે. સેનાપતિ એ સમાચાર અયોધ્યા આવીને આપ્યા ત્યારે દશરથરાજાએ તેમનું સન્માન કરવા આભૂષણો, સુવર્ણ મુદ્રા

ભરેલા થાળ ધર્યા અને થોડાક દિવસ રોકાઈ જવા જણાવ્યું. જનક રાજાના સેનાપતિએ દીનતાથી અસ્વીકાર કરીને કહ્યું, 'અમારા રાજાની પુત્રીનું આપને ત્યાં કન્યાદાન આપવાનું નકકી થયેલું હોવાથી શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે અમારુ અહીં વધુ રહેવુ અને કાંઈ પણ લેવું ઉચિત નથી. આપ અવિવેક માટે ક્ષમા કરો. અમારી સમજણમા ભૂલ હોય તો સાથે બિરાજેલા રઘુકૂળગુરુ શ્રીવશિષ્ઠજી, જે શાસ્ત્ર આજ્ઞા આપશે તે અમને શિરોમાન્ય છે' વશિષ્ઠજીએ પણ ના લેવાય તેમ કહ્યું. (આવી સમજ તો સામાન્ય એવા સેનાપતિમાં પણ હતી.)

પ્રસંગ-૩: ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ક્રમાંક–૭૧ (વાર્તા વાંચવી) શ્રીગુંસાઈજીના વૈષ્ણવની *દોઉ વૈષ્ણવ વિરક્ત જીનને કીડા દેખે।* વાર્તામાં મનોરથી વૈષ્ણવે દિકરીના હકકનું દ્રવ્ય પોતે લઈ લીધુ છે અને તે દ્રવ્યથી તેઓ સેવા કરતા, ભોગ ધરતા, મનોરથ કરતા. ભગવદ ઈચ્છાથી વિરકત વૈષ્ણવને તેના ઠાકોરજીએ ક્રોધિત સ્વરૂપે દર્શન આપ્યા છે અને પ્રસાદમાં કીડા દેખાડયા છે. બીજા ઘણા વૈષ્ણવો પ્રસાદ લેવા બેઠાં છે પરંતુ કોઈને પણ આ દેખાયું નથી. (અહિંયા એ વિચારવાનું છે કે ગામના બીજા વૈષ્ણવો જેઓ પ્રસાદ લેવા બેઠાં છે તેઓ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુંસાઈજીનાં જ સેવક હશે. પણ તેઓને કેમ અનુભવ થયો નથી? વધુ વિગત માટે જુઓ સંકલન ૨ પાનું ૩૬)

આ વાર્તાના ભાવ પ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે, *યા વાર્તા કૌ* **અભિપ્રાય યહ હૈ, જો વૈષ્ણવકો શુદ્ધ બસ્તુ, શુદ્ધ સત્તા શ્રીઠાકોરજી કો અંગીકાર કરાવની। કાહું કો અપ્રસન્ન કરિ કે (ઔર) કાહૂતેં છલકપટ કરિ કૈ કોઉ બસ્તુ-દ્રવ્ય આદિ લેનો નાહીં।....... યહ સિદ્ધાંત ભયો।** (આટલી બધી સ્પષ્ટતા સંપ્રદાયમાં કરેલી છે.)

પ્રસંગ-૪: નિજવાર્તા-ઘરુવાર્તામાં પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે કે, કેટલાક વર્ષો પછી તેમને વિચાર આવ્યો કે, ગામમાં રહેતા દીકરી, જમાઈ તેમનો જીવનનિર્વાહ (સેવા-સ્મરણ) કેવી રીતે કરે છે તે જોવા જાઉં, આમ તેઓ ગામમાં રહેતી દીકરીને ઘરે ગયાં. આ દીકરીને ત્યાં શ્રીમથુરાનાથજીની સેવા બિરાજતી હતી. તેમણે દીકરીને પૂછ્યું 'બેટા શું સમય છે?' ત્યારે દીકરીએ કહ્યું કે, 'પિતાજી સમય તો તમારે ત્યાં હોય

આપની કૃપાથી શ્રીઠાકોરજીને ભોગ ધરીને લઈએ છીએ. ભોગ સરાવવાનો સમય થયો છે આપ ભોગ સરાવો.' પદ્મનાભદાસજી ભોગ સરાવવા ગયા, જુએ છે તો તેમના સેવ્ય શ્રીમથુરાનાથજી ચારેય શ્રીહસ્તથી સામગ્રી અરોગે છે. આવા દર્શન કરી તેઓ ભોગ સરાવ્યા વગર પાછા આવ્યા ત્યારે દીકરીએ કહ્યું કે 'આપ ભોગ સરાવો, આવું તો રોજ કરે છે.' ત્યારે પદ્મનાભદાસજીએ પ્રસન્ન થઈને કહ્યું કે 'આજે હું વેદની મર્યાદા તોડીને તારે ઘરે ચાર કોળિયા પ્રસાદના લઈશ કેમકે, આજે મારા શ્રીમથુરાનાથજીએ આવા દર્શન તારે ત્યાં મને આપ્યા.'

☞ વિચારણીયઃ ભલે દીકરી વૈષ્ણવ હોય, અને સમર્પિત જીવન જીવતી હોય તો પણ મા-બાપથી, ભાઈથી અને જેણે કન્યાદાન કર્યું છે તેનાથી પણ, પરણેલી દીકરીને ઘરે પ્રસાદ–પાણી કંઈ જ ન લેવા. કેમકે, દીકરી દાનમાં આપેલી છે અને શાસ્ત્ર નિષેધ હોવાથી દાનમાં આપેલી કોઈપણ ચીજ સીધી કે આડકતરી રીતે પાછી ન લેવી જોઈએ. જે લેવાથી, આપેલું દાન પાછું લેવાનું પાપ લાગે છે. (ગૌદાન નો નૃગુરાજા નો પ્રસંગ વિચારવો). દીકરીનું લઈને-લાવીને શ્રીઠાકોરજીને ન ધરાય અને વૈષ્ણવોને પણ ન લેવડાવાય તેની ચર્ચા હવે પછીના પ્રસંગ-૪માં કરીશું.

દીકરીનાં ઘરનું લેવા માટે કોઈપણ બીજા રસ્તાઓ, સ્વકલ્પિત વિચારોથી ઉભા કરવા ન જોઈએ, જેવાકે, મૂલ્ય ચૂકવી દેવાના છીએ અથવા તો અમારો હક છે, જમાઈ વૈષ્ણવ છે, ભોગ ધરીને લે છે, પ્રસાદ તો લેવો જોઈએ, ન લઈએ તો અપરાધ પડે વિગેરે. અહીંયા પદ્મનાભદાસજીએ પ્રસાદ એટલા માટે લીધો કે એમના ઠાકોરજીએ (શ્રીમથુરાનાથજીએ) સાક્ષાત્ અરોગતા દર્શન આપ્યા અને પ્રસન્નતા બતાવી, માટે ભગવદ્ ઈચ્છાથી વેદ મર્યાદા તોડી. (શ્રીપ્રભુની પ્રસન્નતાનાં પ્રસાદરૂપે વિવેક વાપરીને ફક્ત ચાર ગ્રાસ-કોળિયા લીધા છે.)

અર્થાત્ ઉત્તમ વસ્તુ કઈ છે અને તેનો વ્યવહાર શ્રી ઠાકોરજી સાથે કેમ કરવો? તેના વિષે આપણે જાણી લેવું જોઈએ. આમ, જુદી જુદી વાર્તા અને પ્રસંગો પરથી ઉત્તમમાં, ઉત્તમ દ્રવ્ય કયું? અને ઉત્તમ સામગ્રી કઈ? ઉત્તમ સામગ્રી બનાવવાનો પ્રકાર કયો? વિગેરે વિગેરે બાબતો કૃષ્ણદાસ મેઘનનાં પ્રશ્ન શ્રીઠાકોરજીને શું પ્રિય છે? તેના અનુસંધાનમાં શ્રીમહાપ્રભુજી અને

શ્રીગુંસાઈજીના સેવકોની વાર્તા અને ભાવપ્રકાશ દ્વારા સમજાય છે.

આમ અહીંયા *શ્રીઠાકોરજી ઉત્તમ તે ઉત્તમ વસ્તુ કે ભોકતા હૈ।* તે કથન અનુસાર (૧) સામગ્રી ઉત્તમ હોવી જોઈએ (૨) ઉત્તમ પ્રકારના દ્રવ્યથી લાવેલી હોવી જોઈએ. (૩) સામગ્રી તૈયાર કરવાની ક્રિયા પણ ઉત્તમ હોવી જરૂરી છે. (૪) શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેની ઉત્તમ ક્રિયા ન હોય તો શ્રીઠાકોરજી આરોગતાં નથી. (૫) જે વાસણમાં (પાત્રમાં) સામગ્રી બનાવવામાં આવે, તે શુદ્ધ (ખાસા) શ્રીઠાકોરજી માટેનાં જ હોવા જોઈએ. (૬) જે અગ્નિ પર સામગ્રી બનાવવામાં આવે, ત્યારે જો આપણું થૂંક ઉડે, કે આપણા ખાધેલાં હાથલાગી જાય કે આપણા જૂઠણનો સ્પર્શ થઈ જાય તો અગ્નિ પણ છોવાઇ જાય છે અને તે સામગ્રી ઉત્તમ રહેતી નથી. સામગ્રી જુદી જુદી રીતે છોવાઈ જાય છે અને શ્રીઠાકોરજી તે આરોગતા નથી. (જુઓ નીચે પ્રસંગ ૫,૬,૭,૮)

પ્રસંગ-૫ઃ ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક–૨૧૨ પ્રસંગ-૨ એક ચહુડો શ્રીગોકુલનો. *તબ ચહુડાને કહી, જો તુમ અનાચારી હો સો તાતેં મેં તુમ્હારી જુઠિન કૈસે લેઉંગો? તા પાછે વે અછુતી રોટી દેન લાગે। તબ ચહુડાને કહી જો યહ પ્રસાદી નાહીં। શ્રીઠાકોરજી આપ અરોગે નાહીં હૈ। તબ પંડિતનને કહ્યો, જો યે તો શ્રીઠાકોરજી કે ભોગ ધરી ભઈ હૈ। તબ પંડિતન કો વા ચહુડાને કહી તુમને ફૂંક દેકે રસોઈ કરી હૈ। સો ફૂંકકી વાયુ મહાનિષિદ્ધ હૈ। સો વેદશાસ્ત્રમેં વર્જિત હૈ। સો મુખ કી ફૂંક તે સબ વસ્તુ ભઈ હૈ સો શ્રીઠાકોરજી કે કામ નહીં આવત હૈ સો અનાચારી કે હાથકો, શ્રીઠાકોરજી સર્વથા નાહીં આરોગત હૈ। સો વેદશાસ્ત્રકે શ્લોક ચહુડાને કહૈ। (વાર્તા વાંચવી)* (સંપ્રદાયમાં આજ્ઞા પ્રમાણે જીવતા ચહુડાને, ભગવદ્ ઈચ્છાથી વેદ-શાસ્ત્રનું જ્ઞાન છે.)

શ્રીહરિરાયજી ભાવપ્રકાશમેં કહત હૈ યાકો અભિપ્રાય યહ હૈ જો વૈષ્ણવકો રસોઈ ફૂંક માર કે કરની નાહી કાહે તે જો ફૂંક મેં છીંટા આવત હૈ તાતે સબ જૂઠન હોઈ સો શ્રીઠાકોરજી નાહી આરોગે.....।

આમ, અહીં સમજાય છે કે, વેદ શાસ્ત્રમાં પણ ફૂંકની હવા નિષિદ્ધ કહી છે. અનાચારીના હાથનું ઠાકોરજી અરોગતા નથી. કેમકે, તે શ્રીઠાકોરજીને અપ્રિય છે. (વધુ વિગત માટે જુઓ વાર્તા અને સંકલન ૨ પાનું ૩૮) આ વાત શ્રીગોપીનાથજીએ સાધનદિપીકામાં કરી છે.

☞ સંપ્રદાય સારઃ શ્રીઠાકોરજીના પાત્રને જુદા રાખવા જોઈએ, ઉત્તમ રીતે માંજવા જોઈએ, ઉત્તમ જલથી ધોવા જોઈએ અને ઉત્તમ રીતે રસોઈમાં વાપરવા જોઈએ. આપણા ખાધેલાં હાથન લાગે, આપણાં ખાધેલાં વાસણ ભેગાં ન થઈ જાય, આપણાં વાસણ માંજવા વપરાતો સાબુ કે પાવડર, શ્રીઠાકોરજીના પાત્ર માંજવામાં કે સાફ કરવામાં ન વપરાય એ રીતે સભાન રહેવું જોઈએ. અનાજ સાફ કરવા કે કચરો ઉડાડવા ફૂંક ન મરાય, દૂધ કે ચા ઉભરાતા હોય તો ફૂંક ન મરાય, ચા દૂધ ઠંડા કરવા - દીવાસળી દીવો મીણબત્તી બુઝાવવા ફૂંક ન મરાય કેમકે ફૂંક મારવાથી જૂઠણ થાય છે. આવું જૂઠણ શ્રીઠાકોરજીને, શ્રીગુરુદેવને કે વૈષ્ણવોને પણ ન લેવડાવાય.

પશ્ચિમના રંગે રંગાયેલા આપણે ઘરમાં કેક બનાવી વરસગાંઠ ઉજવનારા, ફૂંક મારીને મીણબત્તી બુઝાવતા હોઈએ છીએ, પછી એક બીજાની એંઠી કેક ખાતા હોઈએ છીએ. શું તાળી પાડીને મીણબત્તી ન બુઝાવી શકાય? શું એક બીજાનું એંઠું ખાઈએ તો જ વરસગાંઠ ઉજવી કહેવાય? માટે ઉંચેથી પાણી પીવાની રીત છે હાથથી કે ચમચીથી ખાધા પછી, કે ચા કોફી પીધા પછી કે મોંઢામાં હાથ ગયો હોય તો હાથ ધોવાની રીત છે.

પ્રસંગ-૬ઃ કૃષ્ણદાસ અધિકારીની વાર્તામાં (૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક-૮૪માં પ્રસંગ-૭), ગંગાબાઈની વાર્તામાં, શ્રીઠાકોરજી રામદાસજીને જણાવે છે કે, રાજભોગની સામગ્રી પર ગંગાબાઈની દ્રષ્ટિ પડી તેથી હું આરોગ્યો નથી. આ રીતે જ જો શ્રીઠાકોરજીને ધરતાં પહેલાં, સામગ્રી ઉપર કોઈની દ્રષ્ટિ પડી જાય કે સામગ્રી વિશેની જાણકારી બીજાને અપાઈ જાય તો તે સામગ્રી છોવાઈ જાય છે એટલે તે ઉત્તમ રહેતી નથી અને શ્રીઠાકોરજી આવી સામગ્રી આરોગતા નથી. (માટે સામગ્રીની જાણ કોઇને થાય નહી; શાકભાજી, ફલફલારીનાં છીલકા પર પણ કોઈની દૃષ્ટિ ન પડે વગેરેની કાળજી લેવી જોઇએ.)

પ્રસંગ-૭ઃ 'માપણી વાળી'ની વાર્તા (૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૩૮ પ્રસંગ-૧)માં ઓટલા ઉપર બેસીને અનાજ વીણતી હતી જેના ઉપર માપણી વાળાની દ્રષ્ટિ પડી, તેણે ચર્ચા કરી તેના ફલ સ્વરૂપે, શ્રીઠાકોરજી નારાજ થઈ ગયા. આમ, સામગ્રી તૈયાર કરવામાં કોઈની દ્રષ્ટિ પડે નહી,

અવૈષ્ણવને શ્રીઠાકોરજીનાં દર્શન કરાવાય નહિં, સામગ્રી જાહેર થાય નહી વિગેરે સાવધાનતા રાખવી જોઈએ. (વધુ વિગત માટે જુઓ સંકલન ૨ પાનું ૩૯, ૪૦) કેમકે, તેથી ભોગમાં શું ધર્યુ છે તે જાહેર થઈ જાય છે. **કોઇને બતાવવાથી કે કહેવાથી પણ સામગ્રી છોવાઇ જાય છે ઉત્તમ રહેતી નથી તેથી શ્રીઠાકોરજીને અપ્રિય લાગે છે માટે આરોગતા નથી.**

પ્રસંગ-૮: ૮૪ વૈષ્ણવમાં શેઠ શ્રીપુરુષોત્તમદાસની પુત્રી રૂક્ષ્મણીની વાર્તામાં આવે છે કે, રોજ રાતનાં દીવાના અજવાળે શ્રીઠાકોરજી માટેનું અનાજ જે પહેલાં વીણેલું હતું તેને ફરી ફરીને વિણતા હતા. એજ વિચારથી કે ભૂલમાં અનાજમાં કાંકરી કે કચરો રહી જાય તો શ્રીઠાકોરજીને શ્રમ પડે. આ રીતે તે અનાજની ઉત્તમમાં ઉત્તમ સામગ્રી બને તે માટે વીણતા હતા (તેમની આવી સેવાની જાણ કોઈને થતી નહોતી) માટે શ્રીઠાકોરજી પ્રેમથી અંગીકાર કરતાં હતાં. આવી જ વાત પદ્મનાભદાસજીના છોલાની અને ડોકરીએ ધરેલા બાજરીનાં દાણાંની છે. જે શ્રીઠાકોરજીને પ્રિય લાગે છે. (જેની વિસ્તૃત ચર્ચા સંકલન ૧ અને ૨ માં કરી છે.)

ઉત્તમમાં ઉત્તમ વસ્તુના ભોક્તા શ્રીઠાકોરજી છે, અહીંયા વસ્તુ ઉત્તમ ક્યારે કહેવાય તેનો વિચાર માંગી લે છે. ઘરમાં શ્રીઠાકોરજીને બિરાજવાનું મંદિર કેવું હોવું જોઈએ તેની વાત નથી, પણ આ મંદિર ઘરમાં રહેલા બીજા ફર્નિચર કરતાં ઉત્તમ અને સુંદર હોવું જરૂરી છે, ઉતરતી કક્ષાનું (વધારાનું કબાટ છે માટે મંદિર તરીકે વાપરો તેવું) ન જ હોવું જોઈએ અને તેને ઘરમાં એવી જગ્યાએ રાખવું જોઈએ જે ઘરમાં આવેલી જગ્યામાં, તે જગ્યા ઉત્તમમાં ઉત્તમ હોય. ઘરમાં વધારાની છે, કે આપણા માટે અગવડવાળી છે, તેથી ઠાકોરજીમાં ચાલશે, તેવા ભાવવાળી ન હોવી જોઈએ. જેવી કે દાદર નીચેના ખુણાની જગ્યા કે વધારાની. ગેલેરીની જગ્યા કે ઉપરના માળે આવેલા સંડાસ, બાથરૂમની નીચેની જગ્યા વિગેરે. આ વાતો થઈ દરેક ઉત્તમમાં ઉત્તમ સામગ્રી માટેની. (પરંતુ જો આપણે આર્થિક રીતે નબળા હોઈએ તો ઘરમાં જે ઉત્તમ લાગે તેને ઉત્તમ માનવું)

જો અતિપરિશ્રમ લઈને સેવા કરીએ કે કોઇની પાસે કરાવીએ ત્યારે સ્નેહ ઉત્પન્ન ન થાય અને માનસીક તાણ ઉત્પન્ન થાય તો શ્રીઠાકોરજી તે સેવા અંગીકાર કરતા નથી જે શ્રીમહાપ્રભુજી સાધન પ્રકરણ સર્વ નિર્ણયની કારીકા ૨૪૭ માં જણાવ્યું છે.

વિક્ષેપાદ અથવા શકત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત ॥
અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે ॥
તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તથા ॥ ૨૪૭ ॥

આમ, પ્રસન્નતા પૂર્વક સેવા કરવી, કરાવવી. કોઈને ત્રાસ આપીને નહીં. (વધુ સમજણ સંકલન-૨ પાના ક્રમાંક ૨૪, ૨૫ ઉપર છે) એટલે વૈષ્ણવ જયારે સેવા કરે ત્યારે કોઇ વિઘ્ન-વિક્ષેપ આવી જાય કે પોતે અશકત થઇ જાય ત્યારે કે પ્રતિબંધ આવી જાય ત્યારે તે સેવા સામગ્રીમાં અત્યાગ્રહ રાખે છે તો પોતાને કે બીજાને પીડા થવાની સંભાવના છે આવી પરીસ્થિતિમાં થતી સેવા ઉત્તમ ન રહેતા શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

હવે શ્રીઠાકોરજી આવી ઉત્તમ સામગ્રી ક્યારે અંગીકાર કરે છે? તેની વાત જણાવતાં, કૃષ્ણદાસ મેઘનને કહે છે કે, *શ્રીઠાકોરજી ઉત્તમ તે ઉત્તમ વસ્તુ કે ભોકતા હૈ। પરંતુ* * *ગોરસ*[B] *અતિ પ્રિય હૈ। ગોરસ શબ્દેન બાણી*[C] *કહિયત હૈ। તાકો ભાવ અનિર્વચનીય*[D] *હૈ।*

*પરંતુ શબ્દ મૂકીને શ્રીમહાપ્રભુજી આપણને, શ્રીઠાકોરજીની ખાસિયત અથવા શ્રીઠાકોરજીના સ્વભાવમાં રહેલી અંગત ખૂબીની જાણ કરાવે છે અને આપશ્રી જણાવે છે કે શ્રીઠાકોરજીને ગોરસ[B] અતિ પ્રિય છે. (આપણે ગોરસ એટલે દહીં સમજીએ અથવા ઈન્દ્રિયોનો રસ સમજીએ છીએ પરંતુ શ્રીમહાપ્રભુજી તેનો ખુલાસો પછીના વાક્યમાં કરે છે) ગોરસ શબ્દનો અર્થ શ્રીમહાપ્રભુજી–વાણી[C]– સમજાવે છે. જયારે ઉત્તમ સામગ્રી, ઉત્તમ દ્રવ્યથી, ઉત્તમ પ્રકારે સિદ્ધ કરી હોય જે શ્રીઠાકોરજીને લાયક હોય, અને ધરતી વખતે શ્રીઠાકોરજી આરોગે માટે સ્નેહથી, મનુહાર–આજીજી સાથે દીનતાભરેલી વાણીનો ઉપયોગ જો ભક્ત કરે છે તો તે સામગ્રી શ્રીઠાકોરજી અતિ પ્રેમથી આરોગે છે.

એટલું જ નહિ પણ શ્રીઠાકોરજીમાં, જે આનંદ, ભક્તની આવી વાણી અને વર્તનથી પ્રગટ થાય છે તેને માટે શ્રીમહાપ્રભુજી જણાવે છે કે *તાકો ભાવ અનિર્વચનીય હૈ।*[D] એટલે કે 'હું' (શ્રીમહાપ્રભુજી, સ્વયં–પોતે પણ) કોઈને, આ ભક્તનો-સેવકનો ભાવ, ભક્તિની ક્રિયા દ્વારા, શ્રીઠાકોરજીમાં, જે ભાવ ઉત્પન્ન કરે છે, જે આનંદ થાય છે, તે સમજાવી શકતો નથી અને વર્ણન કરી

શકતો નથી એટલે કે અનિર્વચનીય ✱ છે. (✱ ગુપ્તસ્ય એવ રસઃ ના અનુસંધાનમાં વિચારવું)

આમ, બધું જ ઉત્તમ હોય અને પછી તે સામગ્રી શ્રીઠાકોરજી આરોગે માટે ખૂબ ખૂબ મનુહાર-વિનંતી થાય, વ્રજભક્તોની, શ્રીમહાપ્રભુજીની, શ્રીગુંસાઈજીની, કાની દીનતાથી અપાય. શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, **આવી વાણી ગોરસ વાણી બને છે** જેમાં, પ્રભુસુખની ભાવના એટલી બધી ઉચ્ચકક્ષાની હોય છે કે, તેવા સેવકોના ભાવની વાત કહેવા માટે, કે સમજાવવા માટે, કે વર્ણન કરવાં માટે, મારી પાસે (શ્રીમહાપ્રભુજી પાસે) ✱ શબ્દો નથી. અર્થાત્ અનિર્વચનીય છે. આવા, અનિર્વચનીય ભાવથી કરેલી ભક્તિ કે સેવાનું પરિણામ શું આવે?

આ સમજાવતાં આપશ્રી જણાવે છે કે, *ઔર સબન તેં ભક્તકો સ્નેહમય પ્રભાવ*[E] *અતિ પ્રિય હૈ। જાતેં ભક્તવત્સલ*[F] *કહવાવત હૈં।* આ વાક્યોમાં 'પ્રભાવ'[E] એ સેવકે કરેલી સેવા (ભક્તિ) સાથે મનુહાર ભરેલી વિનંતી અને 'ભક્તવત્સલતા'[F] એ કરેલી સેવાનું 'ફલ' બની જાય છે.

સૌ પ્રથમ પ્રભાવ[E] વિશે સમજીએ, ઘોડિયામાં રમતાં બાળકને, કોઈ હસાવવા માટે ચપટી વગાડે, સીસોટી વગાડે (જે તેનો બાળકને રમાડવાનો ભાવ છે) અને જો – બાળકના મોંઢા ઉપર હાસ્ય પ્રગટ થાય તો તે બાળકના રમાડવાની ક્રિયાનો પ્રતિભાવ છે. હવે બાળકના હાસ્યને, કે પ્રસન્નતાને જોઈ, તે રમાડનાર વ્યક્તિને આનંદ થાય, તે વ્યક્તિને થતો આનંદ તેણે બાળક પર કરેલી ક્રિયાનો તેના ઉપર 'પ્રભાવ' પડ્યો કહેવાય. જેના પ્રતિભાવરૂપે તે બાળકને ચૂમી લે છે કે ઉપાડી લે છે. ભગવદ્‌ગીતામાં પણ શ્રીઠાકોરજીનું વાક્ય છે *અહં ભક્ત પરાધીનો*

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, અનિર્વચનીય ✱ આરોગવાની વિનંતી કરતો ભક્તનો જે ભાવ છે એ 'ગોરસ વાણી' છે. તેવા ભાવ વાળી, સ્નેહવાળી ક્રિયા, શ્રીઠાકોરજીને અતિ પ્રિય લાગે છે અને તે ક્રિયાનો શ્રીઠાકોરજીમાં એવો પ્રભાવ–પડઘો પડે છે કે પોતે પૂર્ણપુરુષોત્તમ હોવા છતાં ભક્તની સ્નેહમય ગોરસવાણીમાં લપેટાઈ જઈને પોતાને 'ભક્ત વત્સલ'[F] કહેવડાવી દે છે અર્થાત્ શ્રીઠાકોરજી ભક્તના પરાધીન થઈ જાય છે. અહીંયા

શ્રીમહાપ્રભુજીના વૈષ્ણવ–ગજ્જનધાવનની વાર્તાનું અનુસંધાન જરૂરી છે.

શ્રીઅક્કાજી ગજ્જનધાવનને પાન લેવા માટે મોકલે છે પરંતુ ગજ્જનધાવન બેભાન થઈને ઓટલા ઉપર પડી રહે છે. ગજ્જનધાવન હાજર ન રહેતા શ્રીઠાકોરજી પોતે અરોગતા નથી. આ છે ભક્ત વત્સલતા. અહીંયા શ્રીઠાકોરજી પોતે અક્કાજીને (શ્રીમહાપ્રભુજીનાં પત્નીને પણ) કશું જણાવતાં નથી અને ગજ્જનધાવન પણ અક્કાજીને ઠાકોરજીની એ ભક્ત-વત્સલતાની વાત કરતાં નથી. કેમકે, સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે *ગુપ્તસ્ય એવ રસઃ પ્રકટસ્ય તુ રસાભાસઃ* એટલેકે, ભક્તે શ્રીઠાકોરજીની વાતો ગુપ્ત રાખવી (અક્કાજીને– શ્રીઠાકોરજી કે ગજ્જનધાવન કશું જણાવતા નથી). જે વિસ્તાર પૂર્વક સંક્લન ૧ અને ૨ માં સમજાવ્યું છે.

આવી જ ભકતવત્સલતાની વાત પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે કે અક્કાજીએ પધરાવેલી સામગ્રી શ્રીમથુરાનાથજીને એટલી પ્રિય નથી જેટલા પદ્મનાભદાસજીનાં છોલા. બીજી અનેક વાર્તાઓમાં શ્રીઠાકોરજીની ભક્ત વત્સલતા પ્રકટ જણાય છે. ઉદાહરણ રૂપે, ધાણી પુણી વાળા શ્રીઠાકોરજી (૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક–૨૧૪), બાલકૃષ્ણજીના મદન-મોહનજી કર્યા (૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક–૨૨૩), ગુલાબના ફૂલથી શ્રીનાથજીનું મસ્તક ઝૂકી જવું (૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક–૧૭૫) વિગેરે વાર્તાઓ વાંચી લેવી. (સંકલન ૧ અને ૨માં પણ વિસ્તારથી સમજાવ્યું છે.)

☞ વિચારણીયઃ જુઓ તુલસાની વાર્તા (૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક–૪/૧), રૂક્ષ્મણીની વાર્તા (૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક–૬/૧) શ્રીઠાકોરજીની આવી ભકત વત્સલતાની વાત તેમણે, સાક્ષાત શ્રીમહાપ્રભુજીને કે શ્રીગુંસાઈજીને આપશ્રી પૂછે છે તો પણ કરી નથી. એટલે કે જેને જેને સાનુભવતા હતી છતાં તેઓ બધુ ગુપ્ત જ રાખતા હતા.

હવે ભકત વત્સલતાની પરાકાષ્ટાનો વિચાર કરીએ તો, શ્રીઠાકોરજીની ભક્ત વત્સલતાની 'વિવશતા' કેવી છે તેનું સ્મરણ કરીએ. પદ્મનાભદાસજીનાં લીલામાં પહોંચ્યા પછી શ્રીમથુરાનાથજી શ્રીગુંસાઈજીને ઘરે પધારે છે. વાંટામાં શ્રીગુંસાઈજી તેમના, જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરધરજીને (જેઓ ધર્મીસ્વરૂપ છે તેમને) માથે આ સ્વરૂપ પધરાવે છે. એક વાર

શ્રીગિરધરજી અને તેમના વહુજીએ પોતાના **'ચરણસ્પર્શની ભેટમાંથી'** શ્રીમથુરાનાથજીને છપ્પનભોગનો મનોરથકર્યો. જેની સામગ્રી **તેઓ જાતે જ (શ્રીગિરધરજી અને તેમના વહુજી) સિધ્ધ કરતાં.**

શ્રીઠાકોરજીને દરરોજ રાજભોગ સાથે, અલગ છપ્પનભોગની મેંડ કરીને તે સામગ્રી ધરતાં. આ છપ્પનભોગની સામગ્રી ધરવાનો ક્રમ કેટલાય દિવસો સુધી રાજભોગ ધરવા સાથે ચાલ્યો. અંતે જ્યારે છપ્પન્ભોગની બધી સામગ્રી ધરાવાઈ ગઈ તે દિવસે, બીડા અરોગાવી, રોજની રાજભોગ આરતી કરી, પછી છપ્પનભોગની આરતી કરી, શ્રીઠાકોરજીને દંડવત કર્યા. શ્રીગિરધરજીને શ્રીમથુરાનાથજીના મુખારવિંદ ઉપર પ્રસન્નતા ના જણાઈ. એટલે શ્રીગિરધરજીએ ખૂબ મનુહાર કરીને પૂછ્યું *'બાવા છપ્પનભોગ કૈસો ભયો?'* શ્રીમથુરાનાથજીએ ઉત્તર આપ્યો *'મેરે પદ્મનાભદાસકે એક છોલા બરા ત્રર હું નાહી'*

હવે વિચારીશું તો સમજાશે કે સંપ્રદાયમાં ઠાકોરજીની કેવી છે ભક્ત વત્સલતા ? કેવી છે આ ભક્ત પરાધીનતા ? કે ભક્ત વત્સલતાની પરાકાષ્ટા. શ્રીગુંસાઈજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરધરજી જે ધર્મી સ્વરૂપ છે, તેમણે પોતાના ચરણસ્પર્શની ભેટમાંથીજ, સામગ્રી જાતે બનાવી છે અને ધરી છે તો પણ શ્રીમથુરાનાથજીને પોતાના સેવક પદ્મનાભદાસજીનાં છોલાની જ યાદ સતાવે છે. આવી છે શ્રી મહાપ્રભુજીનાં સંપ્રદાયમાં ભક્તના સ્નેહથી શ્રીઠાકોરજીમાં જન્મેલી વિવશતા અને પરાધીનતા. (આપણે આજના થતા મનોરથો માટે વિચારવું રહ્યું.)

શ્રીઠાકોરજીની ભક્ત વત્સલતાથી જન્મેલી વિવશતાનું બીજું ઉદાહરણ છે, ડોકરીના ધાણી-પૂણી વાળા ઠાકોરજી (૨૫૨ વૈ.વા.-૨૧૪) જેને શ્રીગુંસાઈજીના પૌત્ર પધરાવી જાય છે પણ આખા રસ્તામાં ઝાંપીજીમાંથી ધાણી-પૂણી, ધાણી-પૂણીનો જ અવાજ આવે છે. અંતે શ્રીગુંસાઈજીના પૌત્ર ડોકરીને તેના ઠાકોરજી પાછા પધરાવી આપે છે, આવા અનેક પ્રસંગો સંપ્રદાયમાં છે. (અર્થાત ઠાકોરજી, ડોકરીના કેવા પરાધીન હતા? શ્રીગુસાંઇજીના પૌત્ર સાથે પણ પધારવા તૈયાર નથી)

☞ સાર : ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં જોવા મળે છે. કે ભક્ત કોઈપણ ક્રિયા, (૧) શાસ્ત્ર વિરુદ્ધની (૨) ભગવદ્ આજ્ઞા વિરુદ્ધની (૩) શ્રીમહાપ્રભુજીની આજ્ઞા વિરુદ્ધની કરે છે તો, તે જીવ બર્હિમુખ થઈ જાય છે.

શિક્ષા રૂપે શ્રીઠાકોરજી અનમના (અપ્રસન્નતામા) બિરાજે છે, કે તેણે ધરેલા થાળને ધક્કો મારે છે અથવા પોતાની નારાજગી અનેક રીતે પ્રગટ કરે છે, જેથી તે વૈષ્ણવ સુધરી શકે, આવી સાનુભવતા ભગવદીય કોટીના વૈષ્ણવને થાય છે, બધાને નહીં. (કેમકે, ભગવદ્ ઈચ્છા તેને સુધારવાની છે, **જયારે બીજાઓએ બુદ્ધિ વાપરી સમજી સુધરવાનું છે.)**

આમ ગૃહસેવાનો પ્રકાર કેવો હોવો જોઈએ? - જેથી શ્રીઠાકોરજી પ્રસન્નતા પૂર્વક ઘરમાં - સેવામાં બિરાજે, તેનો વિચાર દરેક વૈષ્ણવે જાતે સમજીને આચરણમાં મુકવાનો છે. કેવું દ્રવ્ય અને તેની લાવેલી સામગ્રી શ્રીઠાકોરજી પ્રસન્નતાથી અંગીકાર કરે છે તે જણાવ્યું. સંકલન - ૨માં સામગ્રી કોને કહેવાય તે વિશે જણાવ્યું હતું, અહિંયા સામગ્રી કેવી રીતે ધરાવાય તેની વાત શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનનાં પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે આપણને સમજાવી છે.

☞ વિચારણીયઃ આપણી આજની પરિસ્થિતિનો વિચાર કરીએ તો

(૧) સેવા માટે માંગીને લીધેલું - ચડસા ચડસી વાળા ભાવથી - દેખા દેખીના ભાવથી - કે હરાજીની જેમ બોલી કરીને - શરમમાં નાખીને લીધેલું - પૈસા પાત્ર હોવાના અહંકારથી આપેલું દ્રવ્ય શું ઉત્તમ ગણાય?

(૨) સેવાકર્તા - મુખીયા - ભિતરીયા વિગેરેનો ભાવ, જો ભગવદ્ સુખાર્થે નહી પણ આજીવિકાના પગાર રૂપે કે યુનિયન વાળા નોકરોના ભાવવાળો કે, દસ કિલો સામગ્રી બનાવવાનો ભાવ અમુક રૂપિયા લેવાશે - આ બધું શ્રીમહાપ્રભુજીની આજ્ઞા 'પરંતુ ગોરસ અતિ પ્રિય હૈ....... કહવાવત હૈ' ની વાત સાથે સુસંગત થશે?

(૩) જો વિચારીએ તો ખ્યાલ આવશે કે ગૃહસેવામાં પોતાના જ તનથી, પોતાના જ ધનથી, પોતાના જ ઠાકોરજીની સેવા, પોતાના સાર્મથ્ય અનુસાર સાવધાનતાથી કરવામાં આવે તો શ્રીમહાપ્રભુજીની બધી જ આજ્ઞાઓનું સરળતાથી પાલન થઈ શકે છે. જેનું ૮૪-૨૫૨ વૈષ્ણવોએ અક્ષરસઃ પાલન કર્યું છે (સંકલન ૨ પાનું ૧૬માં ભોગ, શ્રૃંગાર, અપરસ નેગભોગ વગેરેની સમજણ આપી છે)

સેવા-સમર્પણ

સેવા એટલે શું ? સંપ્રદાયમાં સેવા એટલે સેવક દ્વારા શ્રી ને સંતોષ એટલે પ્રસન્નતા રહે તેવી દરેક ક્રિયા. જેમાં જીવને શ્રીઠાકોરજીનાં જ સુખનો વિચાર સતત આવ્યા કરે તેવી દરેક ક્રિયા સંપ્રદાયમાં સેવા બની જાય છે.

ઉદાહરણ સ્વરૂપે વિચારીયે કે બપોરનાં કોઈ ને આળસ આવતી હોય તે વિચારે કે જરા આરામ કરીશ તો આળસ જતી રહેશે, સ્ફુર્તિ આવશે, પછી શ્રીઠાકોરજીનાં વસ્ત્ર કે માળાજી કરીશ. **આવી સુવાની ક્રિયા જે પાછળથી ભગવદ્ સુખાર્થવાળી ક્રિયા સાથે જોડાવાની હોવાથી તે સુવાની ક્રિયા પણ સેવા બની જાય છે.** કેમ કે આરામ કરવા પાછળનો શુધ્ધ હેતુ ભગવદ્ સુખાર્થે વસ્ત્ર કે માળાજી તૈયાર કરવાનો છે. (આ જ વાત નિરોધ લક્ષણ ગ્રંથમાં શ્લોક ૧૭ -૧૮- ૧૯ માં શ્રીમહાપ્રભુજી અને ટીકાકારો સમજાવે છે.) આમ પોતાના તનથી, પોતાના ધનથી, પોતાના ઠાકોરજી માટે તેમના સુખાર્થે થતી દરેક ક્રિયા તે સેવા બને છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં સેવાના સમજાવેલા પ્રકારો જોઈએ.

* શ્રીમહાપ્રભુજીનાં સેવક ગદાધરદાસની વાર્તા ક્રમાંક ૮ પ્રસંગ ૧ માં આવે છે દ્રવ્ય સંકોચને કારણે તેમણે આખો દ્વિવસ બધા ભોગમાં ઠાકોરજી ને જલ જ ધર્યું છે. પોતે પણ જલ લઈને રહયા છે. **આ સેવાનો સાચો પ્રકાર સમજાવે છે** એટલે કે સ્વામી જે અરોગે તે જ સેવકે લેવું જોઈએ. શ્રીઠાકોરજી પણ ફક્ત જલ આરોગીને પોઢી ગયા છે - ગદાધરદાસને બહુ જ દુઃખ થયું છે. મોડી રાત્રે તેમના કોઈ યજમાને શુધ્ધ શ્રાધ્ધ ના પૈસા ભેટ કર્યા છે. તેઓ ઉઠી બજારમાંથી હલવાઈ પાસેથી તાજી તૈયાર જલેબી 'શુધ્ધ' હોવાથી લાવ્યા. શ્રીઠકોરજી ને જગાડી ભોગ ધરી. પછી વૈષ્ણવોને તેનો પ્રસાદ રાતનાં જ લેવડાવી દીધો, પોતે નથી લીધો કેમ કે તે સામગ્રી તેમણે બનાવેલી ન હોવાથી **તે ક્રિયાને પોતાની સેવા માની નથી** અને તેથી પ્રસાદ લીધો નથી. આમ આ બન્ને ક્રિયાઓ (૧) પોતે જલ જ લઈને રહ્યા તે અને (૨) જલેબીનો પ્રસાદ નથી લીધો તે **સેવાનો ઉત્તમ પ્રકાર** સમજાવે છે.(ગદાધરદાસજી જેઓ યજમાનવૃત્તિ ઉપર જ નિર્વાહ કરતા હોવાથી બીજાનું લઈ શકે છે)

* આવી જ વાત સંતદાસજીની છે - ૮૪ વૈષ્ણવો ની વાર્તા ક્રમાંક ૭૬ પ્રસંગ-૧, તેમનું પોતાનું કમાએલું દ્રવ્ય, ખંભાતના વૈષ્ણવોએ

મોકલાવેલી હૂંડીને શ્રીગુસાંઈજી પાસે મોકલવામાં વપરાઈ ગયા છે તેથી પોતાના કમાયેલા દ્રવ્યની સામગ્રી શ્રીઠાકોરજી ને ધરી શકાઈ નથી. તેથી પોતે ભૂખ્યા જ રહયા છે. **આમ દ્રવ્ય પોતાનું હોય તો જ સેવા ગણાય છે.** (તેમણે શ્રીઠાકોરજી માટે સામગ્રી પોતાના ભેટ કરેલા પૈસાની (દેવદ્રવ્યની) પોતે જ બનાવી છે, છતાં પણ પ્રસાદ રૂપે લીધી નથી.)

* આનાથી વિરૂધ્ધ વાત કિશોરીબાઈની વાર્તામાં છે બીજા પાસેથી લીધેલી સામગ્રીને શ્રીઠાકોરજી પોતાના સેવકની સામગ્રી માનતા નથી તેથી આરોગતા નથી. અર્થાત સેવામાં બીજાનું દ્રવ્ય જોડાય તો તે સેવા ઠાકોરજી સ્વીકારતા નથી, અને તેને સેવા માનતા નથી, અનમના બિરાજે છે. **(શ્રી પુરુષોત્તમજી લેખવાળા જણાવે છે કે, અમારે (વલ્લભવંશજોએ) અમારા ઠાકોરજીની સેવા, અમારા સેવકો દ્વારા થતી ચરણસ્પર્શની ભેટમાં આવતા દ્રવ્યથી, કરવાની છે જે ગ્રાહ્ય છે- શાસ્ત્ર સંમત છે.-માંગીને લેવાનો પ્રકાર નથી)**

* સામગ્રી બનાવતા કે સેવા કરતા બીજાને કલેશ થાય તો ઠાકોરજી સેવા માનતા નથી. માટે જ શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણયના સાધન પ્રકરણ શ્લોક ૨૪૭ માં જણાવે છે કે, વૈષ્ણવ પોતે સેવા કરે પણ તેનાથી બીજાને -(ઘરનાઓને કે આજુબાજુ વાળાઓને કે નોકરોને) ત્રાસ થતો હોય તો તે સેવા શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી, માટે શ્રીમહાપભુજી સેવા આ રીતે કરવા કરતા છોડી દેવા જણાવે છે. આ શ્લોકમાં સ્પષ્ટ જણાવે છે કે, સેવા કરાવનારે, સેવકો પર કે નોકરો પર અત્યાગ્રહ (આટલા નેગ ભોગ આવવા જ જોઈએ, કે આટલો ક્રમ તો રાખવો જ જોઈએ, આટલા ઘીના ડબ્બાની સામગ્રી થવી જ જોઈએ, વિગેરેમાં) અત્યાગ્રહ થતા હોવાથી શ્રીઠકોરજીને અપ્રિય લાગે છે. આવી ક્રિયાને ઠાકોરજી સેવા ગણતા નથી. તેથી શ્રીમહાપ્રભુજી સેવા છોડી અને તીર્થ પર્યટન કરવા જણાવે છે (જુઓ શ્રીઠાકોરજીને શું પ્રિય છે? પાનું ૩૧ અને સંકલન ૨ પાનું ૨૪-૨૫). કેમકે આવી કરાતી સેવામાં શ્રીઠાકોરજી ને પ્રસન્નતા નથી.

* બિરબલના અહંકાર યુક્ત ભાવવાળી ભેટ તેમજ સામગ્રીને શ્રીગુંસાઈજી સેવા અંતર્ગત સ્વીકારતા નથી. બિરબલનો ત્યાગ કરે છે.

આવા અનેક ઉદાહરણો ગ્રંથોમાંથી, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી સેવાને સમજાવતા જોવામાં આવે છે. જેનાથી એ સાબિત થાય છે કે, સેવા એટલે શ્રીને બધી રીતે સંતોષ આપે તેવી ક્રિયા. (सेव्य संतोष जनीका क्रिया–सेवा)

હવે સમર્પણ એટલે શું? નો વિચાર કરીએ. જે વસ્તુ પર પોતાની

સત્તા હોય, જેની સાથે પોતાની અહંતા મમતા જોડાયેલી હોય, તે દરેકનો પોતાના ઠાકોરજી માં વિનિયોગ કરવો અથવા ઠાકોરજી તેમના પોતાનામાં વિનિયોગ કરે, તેવા ભાવવાળું નિવેદન એ સમર્પણ બને છે.

આ **સમર્પણને ઉપનિષદ હકીકત રૂપે સમજાવે છે,** અને જણાવે છે કે જેમ રથ કે ગાડાના પૈડાના આરા, તેની મધ્યમાં સમર્પિત રહે છે. તેવી રીતે આ સંસારમાં દરેકે દરેક જડ ચેતને બ્રહ્મમાં સમર્પિત રહેવાનું છે. આમ સમર્પણ એ હકીકત બને છે. **આજ સમર્પણને શ્રીમદ્‌ભાગવત અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જીવ માત્રનાં કર્તવ્ય રૂપે સમજાવે છે.**

શ્રી મહાપ્રભુજી પુષ્ટિ ભક્તિ સંપ્રદાયમાં 'પ્રમાણ - ચતુષ્ટ્યની' એકવાકયતા કરીને બ્રહ્મસંબંધી જીવને આજ વાતનો આદેશ કરેલો છે કે, જીવે દાસભાવની પ્રાધાન્યતા સાથે પોતાના અહંતા-મમતાસ્પદ દરેક પદાર્થોનું પોતાના સેવ્યમાં, પોતાના ઘરમાં, પોતાનું જ નિવેદીત તન-મન-ધન ભગવદ્‌ સુખાર્થે સેવામાં લે છે તો તે સમર્પણ બને છે (બીજાનું નહિ). માટે જ શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઈજી દરેક વૈષ્ણવને કહેતા **'અબ ઘર જાય કે ભગવદ્‌ સેવા કરો'** ૮૪-૨૫૨ વૈષ્ણવોનું જીવન આવી જ ક્રિયાવાળું જોવા મળે છે.

સમર્પણ કરવામાં દૈન્યતા (દીનતા) મુખ્ય ભાવ છે, અને અહંકાર તેનો વિરોધી ભાવ છે જેને લઈને સમર્પણ ખંડિત થાય છે. સમર્પણ ખંડિત **થતા** સેવા રહેતી નથી. આજ વાતને કૃષ્ણદાસ મેઘનના (૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૨ પ્રસંગ-૬) પ્રશ્ન, **જો ભક્ત હોઈ કે શ્રીઠાકોરજી કી લીલાકો ભેદ નાહીં જાનત સો કાહેતે?** પ્રત્યુત્તર રૂપે શ્રીમહાપ્રભુજી સમજાવે છે તે જોઈએ.

(વાર્તા ખાસ જોવી અને દરેક વાકય છુટું કરીને સમજીને વાંચવાથી વિચારવાથી અર્થ સમજાશે)

ઔર એક સમે શ્રીઆચાર્યજી સોં કૃષ્ણદાસ નેં ફેર પ્રશ્ન પૂછયો, 'જો ભકત હોઈ કે શ્રીઠાકુરજી કી લીલા કો ભેદ નાહીં જાનત સો કાહેતેં?' તબ આચાર્યજી ને કહ્યો, 'જો યે વિધિ પૂર્વક સમર્પન જ્યોં કહ્યો હૈ ત્યોં નાહીં કરત'। (શ્રીમહાપ્રભુજી વિધિ, સમર્પણ અને સેવાને સમજાવી રહ્યા છે જેને આપણે શ્રીવલ્લભવચનામૃત સ્વરૂપે વિચારવું.)

વિધિ, સો સમર્પન પદાર્થ કો જ્ઞાન નાહીં। અહંતા-મમતા અપની સત્તા અહંકાર કો સમર્પન। જો-અબ દાસ ભયો। પ્રભુ આધીન હોં। પ્રભુ કરેં સો સર્વોપર સિદ્ધાંત હૈ। યહ ભેદ (રહસ્યની જાણ હોવી તે) ✦ અપને મેં નાહીં। ઔર અપની યોગ્યતા (પોતે જ મોટો અને જાણકાર છે તે ભાવ) ✦ માની ભગવદીય કો સંગ નાહીં કરત હૈ। તાતેં યોગ્યતા માનેં તબ પ્રભુ અપ્રસન્ન હોઈ જાત હૈ। યહ મારગ દૈન્ય કો હૈ। સો દૈન્ય નાહીં હૈ। ઈત્યાદિક અંતરાયતેં અપનો

સ્વરૂપ ઔર ભગવદીય કો સ્વરૂપ, શ્રીઠાકુરજી કો સ્વરૂપ નાહીં જાનત હૈ। ઔર ભગવદ્‌ભક્ત કો સંગ કરે તો શ્રીઠાકુરજી કી લીલા કો ભેદ જાને। સો તો યોગ્યતા સમજ નાહીં કરતં હૈ। ઔર જો-કછુ કરત હૈ સો અંતઃકરણ પૂર્વક નાહીં કરત હૈ। તાતેં શ્રીઠાકુરજી કો સ્વરૂપ ઔર લીલા કો ભેદ નાહીં જાનત હૈ।

ઉત્તમ ભક્ત કો સંગ કરે। શ્રીભાગવત શ્રીસુબોધિનીજી આદિ ગ્રન્થકો અહર્નિસ અવગાહન કરે। તબ ભગવદ્‌ભાવ ઉત્પન્ન હોઈ। શ્રીઠાકુરજી બ્રજભક્તન બિષે સદૈવ રહત હૈં। તહાં સેવા કરિ કે બંધે હૈં। તહાં એતનમાર્ગીય વૈષ્ણવ તાકે હૃદય મેં શ્રીઠાકુરજી બિરાજત હૈં। તાકો સંગ કરનો। તહાં ગજ્જનધાવન આદિ વૈષ્ણવ કો દષ્ટાંત દીનોં। જિન-જિનને ભાવપૂર્વક સેવા કરી તિન-તિન કે સકલ મનોરથ સિદ્ધ ભયે। જાતેં લીલાસ્થબ્રજભક્તન કે ભાવ કો વિચાર કરનો।

જો વૈષ્ણવ શ્રીઠાકુરજી કો સ્વરૂપ જાનત હૈ। તિનકો સ્વરૂપ અલૌકિક દષ્ટિ સોં જાન્યો જાય। જો આજ્ઞા✦ (ભગવદ કૃપા) હોઈ સો જાને। જો વૈષ્ણવ શ્રીઠાકુરજી કોં જાનત હૈ, સો જો કછૂ કાજ કરત હૈ સો શ્રીઠાકુરજી કે અર્થ કરત હૈં, ઔર શ્રીઠાકુરજી વિષે વિરહ તાપ ભાવ કરત હૈં। અપુને સ્વદોષ કો વિચાર કરત હૈં। (એસે જીવ) અપુને સ્વરૂપ વિચારે, જો-હોં કૌન હોં? પહલે કહા હતો। ભગવદ્ સંબંધ કિયે તેં હોં કૌન હો ગયો? અબ મોકોં કહા કર્તવ્ય? રાત્રિદિવસ એસે વિચાર કરત રહે તબ અપનો સ્વરૂપ જાને। યે પ્રાગટ્ય શ્રીબ્રજભક્તન કે અર્થ હૈ। તાતેં ઉત્તમ સંગ હોઈ તો એતન્માર્ગીય ઠાકુર કોં જાને। ઔર શાસ્ત્ર પુરાન અનેક ઈતિહાસ હૈં। તાતેં બ્રજરાજ કે ઘર પ્રગટે સો સ્વરૂપ જાન્યો ન જાય। યે ઠાકુર તો તબ હી જાને જાય જબ ભગવદ્‌ભક્તન કો સંગ કરે। સેવા કો પ્રકાર એતન્માર્ગીય વૈષ્ણવ જાનત હૈં। તિનસોં મિલિત, ભાવ પૂછિ કે સેવા કરની। તબ ભગવદ્‌ભાવ ઉત્પન્ન હોઈ। શ્રીઠાકુરજી કી લીલા કો સબ ભેદ જાને। **(વાર્તાનો જ ભાગ લીધો છે, દરેક વાક્ય વાંચીને સમજવું-સમજીને પાછું વાંચવું જરૂરી છે)**

☞ સંપ્રદાય સાર : આમ સેવા જે સંપ્રદાયમાં સાર રૂપે - સિદ્ધાંત રૂપે પ્રકાર રૂપે સમજાવી છે તે આચરણમાં મુકવાની છે માટે જ ઉપર જણાવ્યું છે કે **✻ તિનસોં મિલિ** ભાવ પૂછી કે સેવા કરની. આ સેવા સંપ્રદાયમાં ઋતુ પ્રમાણે - ઉત્સવ પ્રમાણે અને મનોરથપ્રમાણે દરેક બ્રહ્મસંબંધી જીવે પોતાના ઘરમાં પોતાના દ્રવ્યથી પોતાના ઠાકોરજીની કરવાની છે. અહિંયા વાત સ્પષ્ટ થાય છે કે સેવા દીનતાથી દંભ રહીત, ગુપ્ત રીતે જાતે જ પોતાના ઘરમાં પોતાના દ્રવ્યથી પોતાના સ્વકીય સાથે કરવાની છે. (કોઈની પાસે કરાવવાની નથી કે તેમાં ફંડ ફાળો ભેટ-સામગ્રી આપવાની નથી.**(✻ તિનસો મિલિ એટલે ૮૪-૨૫૨ વૈષ્ણવોને સમજી, તેમનો આદર્શ વિચારી, ગૃહસેવા-તનુવિત્તજાથી કરીએ.)** (✦ સરળતા માટે સમજણ પડે માટે ઉમેર્યું છે)

પુસ્તકોમાંથી સંકલન

સુરતસ્થ૩/૨ ગુહાધિપતિ શ્રીપુરૂષોત્તમજીઃ સિદ્ધાન્તમુક્તાવલી વિવૃત્તિ પ્રકાશ - ૨

શ્રીપુરુષોત્તમજી સિદ્ધાંતમુક્તાવલી વિવૃત્તિ પ્રકાશ-૨માં એટલે તો ચર્ચા કરી સ્પષ્ટ જણાવે છે કે, ...મજુરી પેટે પૈસા આપીને કોઈ બીજા મારફત સેવા કરાવવામાં આવે તો ચિત્તમાં અહંકાર તો વધે પરન્તુ તે (ચિત્ત) ભગવાનમાં ક્યારેય લાગી શકે નહીં.

ભગવત્સેવા માટે કોઈ બીજા પાસેથી પગાર પેટે ધન લેવામાં આવે તો, જેમ પંડા-પુરોહિતોને યજ્ઞયાગ વગેરેનું ફળ મળતું નથી પરન્તુ યજમાનને જ મળે છે. તેવી જ રીતે સેવા કરવાવાળાની સેવા નિષ્ફળ બની જાય છે.

પ્રશ્ન : યજમાન જેમ, દક્ષિણા દઈને પુરોહિત પાસે યજ્ઞયાગ કરાવી લ્યે, તેવી જ રીતે ભગવત્સેવા (આજકાલ જેમ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં વૈષ્ણવગણ ગુસાંઈ-મુખીયા-ભીતરીયા-સમાધાનીની પાસેથી કરાવી લ્યે છે તેની જેમઃ અનુવાદક*) કરાવી લેવામાં શું ખરાબી?

સમાધાન : ત્યાં કર્મ માર્ગમાં, તે વિહિત હોવાથી (તેઓને શાસ્ત્રની માન્યતા હોવાથી) પુરોહિતો પાસેથી સમ્પન્ન કરાવી લેવામાં આપત્તિજનક નથી. પરંતુ ભક્તિમાર્ગમાં, આવી રીતે ભગવત્સેવા કરાવી લેવાનું ક્યાંય વિધાન ઉપલબ્ધ ન હોવાથી કોઈ બીજાને પૈસા આપીને સેવા કરાવવી અનુચિત જ છે.

ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (✿ પોતાના ઘરમાં પોતાના પરિવારજનોના સહયોગ દ્વારા પોતાના તન-મન-ધનથી જ) ભગવત્સેવા કરવી જોઈએ.

(સુરતસ્થ૩/૨ ગુહાધિપતિ શ્રીપુરૂષોત્તમજીઃ સિદ્ધાન્તમુક્તાવલી વિવૃત્તિ પ્રકાશ - ૨)

(* અનુવાદક : અમૃતવચનાવલી મુંબઈ-હાલોલ-માંડવી પુસ્તક પ્રકાશન)

(✿ સરળતા માટે અને સમજણ પડે માટે ઉમેર્યુ છે.)

'પુષ્ટિપથ' (માસિક)નાં અંક-૧૦/વર્ષ ૪ માંથી

(શ્રીયમુનાજીના ૪૧ પદ) ગો.શ્રી કનૈયાલાલજી (વિરમગામ - અમદાવાદ)

અસ્મદીય

પ્રિય વૈષ્ણવજન,

આશીર્વાદ!

મહાપ્રભુ વલ્લભાધીશની વિશેષ કૃપાને કારણે આ પદોની રચના અષ્ટસખા દ્વારા કરવામાં આવી છે.

આ પદ લીલાના ગાન સહિત શ્રીયંમુનાજીનું લીલામાં મહાત્મ્ય પ્રકટ કરે છે. જો કે વર્તમાન જીવોને કૃષ્ણ સિવાય કોઈનો આશરો કરવાનો નથી. **વલ્લભસંપ્રદાયમાં એકલા યમુનાજીનું પૂજન, સેવા, ચુંદડી મનોરથ માન્ય નથી. પોતાની આજીવિકા કે પ્રતિષ્ઠા માટે અમુક મહારાજો અને બેટીજીઓએ આવા પ્રકાર શોધી કાઢ્યા છે. એવી જ રીતે મહાપ્રભુજી, ગુંસાઈજી વગેરેના છપ્પનભોગ સેવા પ્રકારમાં શણગાર, મનોરથો પણ મિથ્યા સાધનો છે.** અજ્ઞાની જનતા આવા કાર્યોમાં જોડાઈને છેતરાય છે. શ્રી યમુનાજીની અષ્ટ સિદ્ધિ તો લીલાના જીવોને જ મળે છે. વર્તમાન જીવોને તો સેવામાં જવા માટે નિર્ગુણ અને નિષ્કામ થવા માટે યમુનાષ્ટકનો પાઠ જરૂરી છે. લીલામાં યમુનાજી રજરૂપે અને જલરૂપે રાસલીલા તેમજ અન્ય ક્રીડાઓમાં ઉપયોગી હોવાથી વર્તમાનમાં તેમના પદગાન કરવાથી તેમનું નામ "મુકુંદ-રતિવર્ધિની" ફલિત થાય છે. પરંતુ જેમ દ્રવ્ય લઈને ઠાકોરજીની સેવા કરતા પગારદાર મુખીયા, ભીતરીયા હોય ત્યાં સાક્ષાત ભગવાન ન હોય **દેવ રૂપે તેમજ પ્રતિનિધિ રૂપે જ શ્રી કૃષ્ણ બિરાજે છે, એક છબીની જેમ.** તેવી જ રીતે પૈસા લઈ કરાતા લોટી, યાગ, ચુંદડી મનોરથ, કુંનવારા વગેરે પણ **(યમુનાજીનો વિક્રય કરનાર) મહારાજ, ચોબા, પંડા, બેટીજી, શાસ્ત્રીજીઓ પણ ત્યાં યમુનાજીને સાક્ષાત રૂપે ફેરવી દે છે.** આવા મનોરથોથી ફક્ત લૌકિક કલેશ જ પ્રાપ્ત થાય છે. (દા.ત. લોટીના ૧૦૧, ચુંદડીના ૫૦૧, કુંનવારાના ૧,૦૦,૦૦૦ છપ્પન ભોગના ૧,૫૦,૦૦૦) વર્તમાનમાં દસેક વર્ષથી નિકળતી વ્રજયાત્રામાં, તેમજ વ્રજમાં લઈ જઈ **કરાતા મનોરથો ફક્ત લોકોના ગજવાની માયા હળવી કરી**

પોતાના ગજવામાં માયા પધરાવવાની ક્રિયાને કેટલાક લીલા માની રાજી થતા હોય છે.

ગુજરાત, સૌરાષ્ટ્રના લોકો આવી ભક્તિના ભાવનો ભોગ બની તમાચો મારી ગાલ લાલ રાખતા હોય છે. જો કે કાયદાની નબળાઈને કારણે આવા ધંધા કરનારના નામ લખી નથી શકાતા છતા પણ "દંભાદિ રહિતમ્" ના ન્યાયથી આદિ વડે આવા લોકોને જાણી શકવાની કૃપા શ્રીયમુનાજી આ ગ્રંથના વાંચકો પર કરે. વહેતી ગંગામાં હાથ ધોનારા જો વહેતી યમુનામાં હાથ ધોવા જશે તો દાઝી જશે.

અસ્તુ!

-ગોસ્વામી ૧૦૮ શ્રી કનૈયાલાલજી
અમદાવાદ.

✱ વધાઈ........વધાઈ..........વધાઈ.........

શ્રી ગોપીનાથપ્રભુચરણ પંચશતાબ્દિ મહોત્સવ

શ્રી ભાગવત ચિન્તન

:: અદયક્ષ ::

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)

આ વર્ષે શ્રીગોપીનાથપ્રભુચરણોની પાંચસોમી જન્મજયન્તીનું વર્ષ છે.
આ ઐતિહાસિક અવસરે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય તેમજ
શ્રીગોપીનાથપ્રભુચરણો એ ચીંધેલ રાહે શ્રીભાગવતનું પારાયણ તેમજ
ચિન્તન આપણે સહુ પુષ્ટિમાર્ગીઓ નિર્હેતુક-નિર્દમ્ભ ભાવે આદર-
ભક્તિથી પરસ્પર મળીને કરીએ !

ભાગવત એ ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. વૈષ્ણવો માટે વેદ સમાન છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને સ્વયં ભગવાને શ્રીભાગવતના ગૂઢાર્થને પ્રકટ કરવાની આજ્ઞા કરતાં આપે ભાગવતના સાત પ્રકારે અર્થો પ્રકટ કર્યા છે. **ભાગવત સર્વસન્દેહવારક શાસ્ત્ર હોવાથી, ભક્તિશાસ્ત્ર હોવાથી પુષ્ટિમાર્ગીય ગુરૂમાં ભાગવતતત્વજ્ઞતાની અનિવાર્યતા શ્રીમહાપ્રભુએ સ્વીકારી છે.** શ્રીભાગવતનો નિત્યપાઠ, પ્રવચન, લેખન, પારાયણ એ મહાપ્રભુના જીવનક્રમના અભિન્ન અંગ રહ્યા છે.

મહાપ્રભુ આજ્ઞા કરે છે કે પ્રેમથી ઉત્તમ બીજુ કોઈ સાધન આ લોકમાં નથી અને ભગવાનમાં પ્રેમ પ્રકટ કરવાનું ઉત્તમ સાધન ભાગવત છે. અહી, પરંતુ ધ્યાન રહે કે ભેટ-દક્ષિણા સ્વીકારીને ભાગવતની કથા કરનારા વક્તાના મુખમાંથી નીકળતી ભાગવતની કથા શ્રીમહાપ્રભુજીના મતે ગટરના પાણી જેવી અધમ કથા હોવાથી તેવી કથાનું શ્રવણ શ્રોતાના ભક્તિમાર્ગીય આરોગ્યને મરણોન્મુખ બનાવનારૂં હોય છે. તેથી પુષ્ટિભક્તિમાર્ગીને શ્રીમહાપ્રભુજીનો સ્પષ્ટ આદેશ છે કે ભેટ-દક્ષિણા સ્વીકારીને ભાગવતની કથા કરનારા અધમ વકતાઓનો સંગ કદાપિ ન કરવો, તેમના મુખે કથા કદાપિ ન સાંભળવી. તેજ પ્રમાણે પુરાણ કથાકાર જો પુષ્ટિર્માગી હોય તો તેને શ્રીમહાપ્રભુજીનો સ્પષ્ટ આદેશ છે કે ભલે ભૂખ્યા મરી જવું પડે પણ ભાગવતની કથા નિમિત્તે ભેટ-દક્ષિણા કદાપિ સ્વીકારવી નહી, **ઠેરાવીને કે વગર ઠેરાવે પણ નહીં અને કથા પહેલાં કે કથા પછી પણ સ્વીકારવી નહીં.**

પુષ્ટિમાર્ગી શ્રોતાને ધંધાદારી ભાગવત કથાકારના દુઃસંગથી બચવા માટે તેમજ પુષ્ટિમાર્ગી વક્તા દ્વારા કરાતા ભાગવત કથા પ્રવચનને અધમ વ્યવસાયમાં પરિવર્તિત થવાથી બચાવવા માટે **શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા આપે છે કે દરેક પુષ્ટિમાર્ગીને ભાગવતનો પાઠ જાતેજ આદર-ભક્તિભાવથી કરવો.** ભાગવતનો પાઠ કે તેનું શ્રવણ કોઈ પણ પ્રકારની લૌકિક કે પારલૌકિક કામના રાખ્યા વિના કરવા. ભાગવતનું શ્રવણ જો કરવું તો નિષ્કામ-શુદ્ધ ભક્તના મુખે જ કરવું. **ધંધાદારી કથાકારના મુખે ભાગવતનું શ્રવણ ન જ કરવું, જેમ બ્રહ્મસમ્બન્ધી પુષ્ટિમાર્ગીને શ્રીમહાપ્રભુજીનો આદેશ છે કે કોઈ પણ પુજારી-પંડા-મુખિયા-ટ્રસ્ટી-મહારાજ-દલાલને વચ્ચે લાવ્યા વિના શ્રીકૃષ્ણની સેવા પોતાના ઘરમાં કરો**, સેવા જાતે જ કરો, કૃષ્ણ સેવા કરાવો નહીં, સેવા સદા કરો (ગુહે સ્થિત્વા, સ્વયં પરિચરેત્, સદા કાર્યા), તેમ શ્રીભાગવતની બાબતમાં પણ શ્રીમહાપ્રભુજીનો સ્પષ્ટ આદેશ છે : **શ્રી ભાગવતનો પાઠ નિયમ લઈને જાતે જ કરો (પઠેત્ ચ નિયમં કૃત્વા; પઠનીયં પ્રયત્નેન) ભાગવત કથા કરાવો નહીં.** પરન્તુ અત્યન્ત ખેદનો વિષય છે શ્રી મહાપ્રભુજીના આ આદર્શને આજે પુષ્ટિમાર્ગીઓએ આળસમાં અને ધનાર્થી કથાકારોએ ષડ્યંત્ર રચિને ભુલાવી દીધો છે.

શ્રી ભાગવત પારાયણ-ચિન્તનના આગામી કાર્યક્રમો

મુંબઈ (જાન્યુઆરીમાં થઈ ગયું છે)
ગોંડલ (ફેબ્રુ. તા. ૮ થી ૧૪)
કિશનગઢ (ફેબ્રુ. તા. ૧૭ થી ૨૩)
હાલોલ (મે તા. ૭ થી ૧૩)
ગાંધીનગર, જબલપુર (મ.પ્ર.), ચેન્નાઈ અને ગોકુલ
(જેની તારીખ પછીથી જાહેર થશે.)

શ્રીભાગવતજીના પારાયણમાં બેસનાર માટે નિયમો :

- ભાગવતના પારાયણ કથાવ્યાસ-વકતા કોઈ પણ નહીં હોય. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મુજબ જ ભાગવત (મૂળશ્લોક કે અનુવાદ) નું પારાયણ કરવાનું રહેશે.
- પારાયણ માટે બેઠક વ્યવસ્થા બધાને એક સમાન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આમ છતાં જરૂરી જણાય તો પોતાને અનુકુળ ગાદી-આસન-પેડ- બાજઠ પુસ્તકનું સ્ટેન્ડ વગેરે વસ્તુઓ પારાયણ કરનારે સ્વયં લાવવાનું તેમજ સાચવવાનું રહેશે.
- બહારગામથી આવનારાઓ આવાસ-ભોજન વગેરેની વ્યવસ્થા માટે કાર્યકર્તાઓનો સમ્પર્ક કરે.

વધુ જાણકારી અને વિગત માટે નીચેના સ્થળે સંપર્ક કરો

શ્રી બકુલભાઈ તન્ના (ગોંડલ) : (૦૨૮૨૫) ૨૨૦૪૪૦
શ્રી પ્રવિણભાઈ ડઢાણીયા (રાજકોટ) : ૦૯૪ ૨૭૪૯૫૧૫૯
શ્રી હિતેન્દ્રભાઈ (મુંબઈ) : ૦૯૮૨૦૧૨૪૫૩૪
શ્રી પરેશભાઈ (મુંબઈ) : ૦૯૮૨૦૬૧૫૪૩૪

✱ વધાઈ......વધાઈ......વધાઈ......

મુંબઈ મુકામે પ્રગટ થયેલ પત્રિકામાંથી વાંચકોના માર્ગદર્શન માટે અત્રે લીધું છે.

શ્રીમદ્ ભાગવત પઠન-પાઠનનો, શ્રીમહાપ્રભુજીનો બ્રહ્મસંબંધી વૈષ્ણવો પાસે જે આગ્રહ છે. જેની વિસ્તૃત જાણકારી સંકલન-૧માં પાનાં ક્રમાંક ૪૪ થી ૪૯ ઉપર આપી હતી. તે પ્રમાણેના આચરણનો આગ્રહ રાખી આ કાર્યક્રમ મુંબઈમાં સંપન્ન થયો હતો.

નમ્ર વિનંતી

અમારો મનોરથ

(૧) સત્સંગ - ૪ની અધરામૃત મહાપ્રસાદી પાતળ તમને પરોસી છે. તમને શું યોગ્ય લાગ્યું, શું અયોગ્ય લાગ્યું? તે અમને પોસ્ટકાર્ડ ઉપર લખીને જણાવશો તો ભવિષ્યમાં તમારા માર્ગદર્શનથી વધુ સારી રીતે લેખો-પ્રસંગો લઈ શકાય. અમારા વાંચકો જ અમારું દર્પણ છે જે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપશે.

(૨) આપ બની શકે તો બીજા દસ વૈષ્ણવોને વંચાવો. બધા સાથે મળીને સત્સંગ કરો અને વિચારો. બધાનો અભિપ્રાય લખી મોકલો. જરૂરત હોય તો બીજી પુસ્તિકાઓ મંગાવો.

(૩) સંકલન ૧ ની જેમ, સંકલન - ૨નું પણ હિન્દીમાં રૂપાંતર થઈ રહ્યું છે. જો તમારા ધ્યાનમાં હિન્દીભાષી વૈષ્ણવ હોય તો અમને સરનામાની જાણ કરશો.

(૪) વધુ જાણકારીની જરૂર હોય તો શ્રી વ. વિ. સિ. જી. મંડળ, આણંદના કાર્યાલયનો સંપર્ક કરશો. માર્ગદર્શન કે સત્સંગ માટે કાર્યકર્તાઓ સહર્ષ મદદરૂપ થશે.

(૫) શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત સભર આવી અનેક પાતળો પરોસવાનો અમારો મનોરથછે. સંપ્રદાય અંતર્ગત તમને જે વિષય પર જાણકારી જોઈતી હોય તે જણાવશો.

(૬) શક્ય હોય તો નાના મનોરથી થઈને નિઃશુલ્ક વિતરણાર્થે સેવામાં જોડાઈ જાવ. (રૂ. ૧૦૦ની સામે ૧૦ પુસ્તિકા અમે તમને મોકલીશું. ટપાલ ખર્ચ કુરિયર સાથે)

(૭) **સત્સંગ ૫** ની પાતળમાં ધર્મ અને અધર્મની વિવેચના - જીવનું કર્તવ્ય જેમાં ભગવદ્ સેવા-આચાર પાલનનો વિચાર વગેરેને સમાવવાનો છે.

(૮) સંકલન ૧,૨,૩ની જૂજ કોપી અમારી પાસે સિલકમાં છે પત્ર વ્યવહાર કરવો.

(૯) આપને સંકલન ન જોઈતું હોય તો અમને લખશો જેથી તમારું નામ કમી કરી શકાય.

- શેષ ભગવદ્ ઈચ્છા